કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

કચ્છ ઉદય

સાપ્તાહિક

Website : www.kutchuday.com

E-mail : kutchuday@gmail.com

તા.૨૬ એપ્રિલ,૨૦૨૬ રવિવાર

કિંમત રૂા.૨/-

૩૨ વર્ષોથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

♦અંક નંબર : ૪૯♦વર્ષ : ૩૨ ♦પાના -૮ ♦ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ♦Regd No. G-KCH - 184-2019-2021 ♦GUJGUJ/2008/25151♦ સંવત ૨૦૮૨ ♦ વૈશાખ સુદ-૧૦ ♦ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ♦ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ♦ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ભચાઉ તાલુકાના ખારોઈ, મનફરા, ચોબારી, ભરૂડીયા, આધોઈ, જંગી, વાંઢીયા, વોંધ, કટારીયા, દુધઈ તથા આસપાસના વિસ્તારોમાં સરક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવયુવાનોની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
મહેશ શાહ : ૯૮૨૫૧ ૭૨૩૨૦, ૯૮૭૯૫ ૯૧૪૨૭
-: સ્થળ :-
જૈન ધર્મશાળાની બાજુમાં, જુના બસ સ્ટેન્ડ રોડ, ભચાઉ-કચ્છ.

કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે **કચ્છ ઉદય સાંધ્ય દૈનિક**માં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.
PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

## 'સર' પ્રક્રીયા બાદની પ્રથમ ચૂંટણી

# કચ્છમાં લોકશાહીના પર્વનો અનેરો ધમધમાટ

**ગાંધીધામ મહાનગરપાલિકા સહિત પાંચ નગરપાલિકા અને નવ તાલુકા પંચાયતો માટે સવારથી શાંતિપૂર્ણ મતદાન : ૧૦૬૫ ઉમેદવારોના ભાવિનો નિર્ણય કરતા સાડા પંદર લાખ જેટલા મતદારો : ૨૬ બેઠકો બિનહરીફ થયા બાદ ૪૨૨ બેઠકો માટે જંગ : ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા સાથે મતદાન મથકો પર પોલીસનો લોખંડી બંદોબસ્ત અને વહીવટી તંત્રની ચાંપતી નજર : પ્રથમ વખત મતદાન કરતા યુવા મતદારો અને વયવવૃત વડીલો દ્વારા લોકશાહીના મહાયજ્ઞમાં અપાઈ મતરૂપી આહુતિ**



માતૃશ્રી ગં. સ્વ. સતીબેન ધરમશીભાઈ પ્રજાપતિ ૧૦૨ વર્ષે વોટીંગ કર્યુ વોર્ડ નંબર ૫ ગાંધીધામ તેમના પૈત્ર ભરતભાઈ રામજીભાઈ પ્રજાપતિએ સાથે જઈને વોટીંગ કરાયુ.

**કચ્છ કલેકટર ડો. આનંદ પટેલએ મતદાન પ્રક્રીયાની કરી ઠેર-ઠેર જાત સમીક્ષા**





**કચ્છ બોર્ડર રેન્જ આઈજીશ્રી કોરડીયાએ સુરક્ષા વ્યવસ્થાનો મેળવ્યો તાગ**



દિવ્યાંગ આગેવાન સુરેશભાઈ આહીર - સંઘડ એ પોતાના ગામ સંઘડ મધ્યે મતદાન કર્યું.



**પહેલા મતદાન-પછી લગન**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં આજે વહેલી સવારથી જ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ માટેના મતદાન સાથે લોકશાહીના મહાપર્વનો ઉત્સાહભેર પ્રારંભ થયો છે. જિલ્લાની સર્વોચ્ચ સ્થાનિક સંસ્થા એવી ગાંધીધામ મહાનગરપાલિકા ઉપરાંત કચ્છ જિલ્લા પંચાયત, પાંચ નગરપાલિકાઓ અને નવ તાલુકા પંચાયતો માટે આજે સવારના સાત વાગ્યાથી જ મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. કચ્છના અંદાજિત ૧૫.૪૯ લાખ જેટલા જાગૃત મતદારો આજે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી જિલ્લાના વિકાસની ધુરા કોના હાથમાં સોંપવી તેનો નિર્ણય કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, ચૂંટણીની જાહેરાત સમયે કુલ ૪૪૮ બેઠકો માટે પ્રક્રિયા શરૂ થઈ હતી, પરંતુ મતદાન પૂર્વે જ ૨૬ બેઠકો પર ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવતા હવે બાકી રહેલી ૪૨૨ બેઠકો માટે ચૂંટણીનો જંગ ખેલાઈ રહ્યો છે. આજે મેદાનમાં રહેલા કુલ ૧૦૬૫ જેટલા ઉમેદવારોના રાજકીય ભાવિનો ફેંસલો ઈવીએમમાં કેદ થશે.

કચ્છના રણ પ્રદેશની ઓળખ સમાન આકરી ગરમીનો પ્રકોપ આજે પણ યથાવત જોવા મળ્યો હતો. મે મહિનાના આકરા તાપ અને કાળઝાળ ગરમીના માહોલ વચ્ચે પણ લોકોમાં ભારે રાજકીય ગરમાવો જોવા મળ્યો છે. સૂર્યનારાયણ

અનુસંધાન પાના નં.૪ પર

## કચ્છમાં દિગ્ગજોએ નિભાવી મતદાનની ફરજ


**કચ્છમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું મતદાન આજ રોજ સવારથી શરૂ થવા પામી ગયુ છે. આમપ્રજાજનોની સાથે રાજકીય આગેવાનો સહિતના દિગ્ગજોએ પણ પવિત્ર મતદાનની નૈતિક ફરજ અદા કરી હતી.**



દેવજીભાઈ વરચંદ




વિનોદભાઈ ચાવડા



અનિરૂદ્ધભાઈ દવે



શ્રી ત્રિકમભાઈ છાંગા





શ્રી કેશુભાઈ પટેલ



શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા





શ્રીમતી માલતીબેન મહેશ્વરી



ડો.નિમાબેન અચાર્ય



શ્રી હિતેશભાઈ ખંડોર



શ્રી ભીમજીભાઈ જોધાણી



શ્રી ધવલભાઈ આચાર્ય




શ્રી મનીષ ગુરવાની




શ્રી વાસણભાઈ આહીર



શ્રી રમેશભાઈ મહેશ્વરી



શ્રી મુકેશ ઝવેરી



શ્રી શંકરભાઈ સચદે

## સવાયા કચ્છી પીએમ મોદીજીનો કચ્છ સ્નેહ ફરી ઝળક્યો


**નરેન્દ્ર મોદીએ 'મન કી બાત'માં ફરી કચ્છ પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કર્યો : ખાવડા રિન્યુએબલ એનર્જી પાર્ક અને સુરખાબનો ઉલ્લેખ**



નવી દિલ્હી : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના લોકપ્રિય રેડિયો કાર્યક્રમ 'મન કી બાત' ના તાજેતરના એપિસોડમાં ફરી એકવાર પોતાના લાડલા જિલ્લા કચ્છને યાદ કરીને કચ્છી માડુઓનું દિલ જીતી લીધું છે. વડાપ્રધાન દેશ કે દુનિયાના કોઈપણ ખૂણે હોય, પરંતુ કચ્છ પ્રત્યેનો તેમનો વિશેષ લગાવ હંમેશા તેમની વાતોમાં છલકાતો હોય છે, જેનો વધુ એક પુરાવો આ કાર્યક્રમમાં જોવા મળ્યો હતો. વડાપ્રધાને પોતાના સંબોધનમાં કચ્છના વિકાસ અને પ્રકૃતિ સાથે જોડાયેલા બે મહત્વના પાસાઓ પર વિશેષ ભાર મૂક્યો હતો. ખાવડા રિન્યુએબલ એનર્જી પાર્ક: કચ્છના છેવાડાના અને સરહદી વિસ્તાર એવા ખાવડામાં આકાર લઈ રહેલા વિશ્વના સૌથી મોટા રિન્યુએબલ એનર્જી પાર્કનો તેમણે ગૌરવભેર ઉલ્લેખ કર્યો હતો. આ પાર્ક માત્ર ભારત જ નહીં, પરંતુ સમગ્ર એશિયાનો સૌથી મોટો ગ્રીન એનર્જી પ્રોજેક્ટ બની રહ્યો છે, જે દેશની ઉર્જા સુરક્ષામાં કચ્છનું મહત્વ સ્થાપિત કરે છે.યાયાવર પક્ષીઓ અને સુરખાબ


અનુસંધાન પાના નં.૪ પર

## લોકશાહીનો પર્વ સૌ ગુજરાતીઓ ઉજવે : સીએમ




ગાંધીનગર : આજ રાજે મતદાન કર્યા બાદ રાજયના મુખ્યપ્રધાન દ્વારા સૌને અપીલ કરાઈ હતી કે, આજે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચૂટણી અને મતદાનનો દિવસ છે. લોકશાહીનો આ પવિત્ર ઉત્સવ દરેક લોકોએ મનાવવો જોઈએ. આ હકક અને ફરજ બન્ને સાથે નિભાવવાનો અમુલ્ય અવસર છે. દરેક ગુજરાતી મતદાન કરી ભાજપના દરેકે દરેક ઉમેદવારને વિજયી બનાવે તેવી અપીલ સીએમ દ્વારા કરવામા આવી હતી. ગરમી, રજાનો દીવસ બન્ને સાથે છે એટલે મતદાન થોડુ ધીમુ દેખાય પણ હવે વોટીગ ચોકકસથી ઉત્સાહપૂર્વક થશે.

## પવિત્ર મારો દેશ પવિત્ર મારુ કર્તવ્ય પવિત્ર મારો મતદાન પવિત્ર મારો ઉમેદવાર





અંજાર સચીદાનંદ મંદિરના મહંત પૂ.ત્રીકમદાસજી મહારાજ



રતનાલ સચીદાનંદ મંદિરના મહંત પૂ.ભગવાન દાસ મહારાજ

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં રાજ્યભરમાં શાંતિપૂર્ણ રીતે મતદાનનો પ્રારંભ

ગાંધીનગર : રાજ્યમાં આજે યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે સવારે સાત વાગ્યાથી જ મતદારોએ મતદાન મથકો પર લાઈન લગાવીને મતદાન કરતા રાજ્યમાં શાંતિપૂર્ણ રીતે મતદાનનો પ્રારંભ થયો છે.

રાજ્યની ૧૫ મહાનગરપાલિકાઓ ૮૪ નગરપાલિકાઓ ૩૪ જિલ્લા પંચાયતો અને ૨૬૦ તાલુકા પંચાયતો માટે આજે યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે મતદાન યોજાયું છે. રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ૧૦ હજાર બેઠકો માટે ૨૫ હજાર થી વધુ ઉમેદવારો ચૂંટણી જંગના મેદાનમાં છે. રાજ્યના ૬ કરોડથી વધુ મતદારો આજે પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને ૨૫ હજાર થી વધુ ઉમેદવારોના ભાવિ ઈવીએમ માં સીલ કરશે. રાજ્યભરમાં આજે યોજાયેલ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં તમામ મતદાન મથક પર શાંતિપૂર્ણ રીતે મતદાન થાય તે માટે સઘન સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.આજે સવારે સાત વાગ્યા થી શાંતિપૂર્ણ રીતે મતદાનનો પ્રારંભ થયો છે. રાજ્યની ૧૫ મહાનગરપાલિકા ૮૪ નગરપાલિકાઓ ૩૪

અનુસંધાન પાના નં.૪ પર

### હર્ષ સંઘવીએ સુરતના ઈચ્છાપોરથી મતદાન કરી લોકશાહીની ફરજ નિભાવી



સુરત : સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય ચૂંટણી અંતર્ગત આજે સુરત જિલ્લામાં ઉત્સાહ પૂર્ણ માહોલમાં મતદાન યોજાઈ રહ્યું છે,

અનુસંધાન પાના નં.૪ પર

### વિકાસની રાજનીતિના વિજય અંગે વિશ્વાસ વ્યક્ત કરતા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા



ગાંધીનગર:રાજ્યમાં આજે યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માં પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા એ અમદાવાદમાં ઠક્કર બાપાનગર ખાતે આવેલ મતદાન મથક પર

અનુસંધાન પાના નં.૪ પર

ઓછું સાંભળતા લોકો માટે કાનનાં મશીનનો કેમ્પ
કાનની નસ સુકાઈ જવાથી આયુર્વેદિક દવા મળશે
શુભતેજ હેલ્થકેર માર્કેટીંગ (ઈ.જ0.9001:2008) દ્વારા કાનનું મશીન (સાઉન્ડ મેગ્નીફાયર) માટે શિબિર યોજવામાં આવી છે. શિબિરમાં જેઓને ઓછુ સંભળાય છે તેવા લોકોને કાનનું મશીન ગેરંટી સાથે ફક્ત રૂા.૨૯૯૯ અને ૪૯૯૯, નાનું મશીન રૂા.૬૯૯૯ માં ઉપલબ્ધ કરાવાશે. આ મશીન થી સ્પષ્ટ સંભળાય છે. જે લોકો તેનો લાભ લેવા ઈચ્છે છે તેઓ સવારના ૯.૦૦ થી ૨.૦૦ વાગ્યા સુધી મલશે
હીઅરીંગ એક ફ્રી ટ્રાયલ*
Audiometry check Up Rs. 300/- PhonePe / GPay Available
ગાંધીધામ કચ્છ-૨૭ એપ્રિલઃ હોટલ કચ્છ હેરિટેજ, રેલવે સ્ટેશન સામે
ભુજઃ ૨૮ એપ્રિલ : હોટલ સહારા પેલેસ, બિલેશ્વર મંદિર રોડ, બસ સ્ટેન્ડ સામે
Mob. ૯૩૭૭૩૪૪૧૦૬ / ૯૩૫૯૨૪૩૩૦૮

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
તંત્રી સ્થાનેથી....

**વૈશાખ સુદ-૧૦, તા.૨૬ એપ્રિલ, રવિવાર**

## મતદાન – માત્ર હક નહીં, રાષ્ટ્ર નિર્માણની નૈતિક ફરજ



લોકશાહી એ વિશ્વની સૌથી શ્રેષ્ઠ શાસન પ્રણાલી માનવામાં આવે છે કારણ કે તેમાં સત્તાની ચાવી સામાન્ય નાગરિકના હાથમાં હોય છે. ચૂંટણી એ માત્ર એક પ્રક્રિયા નથી, પરંતુ રાષ્ટ્રના ભાગ્યવિધાતા બનવાની એક અમૂલ્ય તક છે. જ્યારે આપણે 'મતદાન' કરીએ છીએ, ત્યારે આપણે માત્ર એક બટન નથી દબાવતા, પરંતુ આગામી પાંચ વર્ષ માટે દેશની દિશા અને દશા નક્કી કરીએ છીએ.

ઘણીવાર શિક્ષિત અને શહેરી વર્ગમાં એવી માનસિકતા જોવા મળે છે કે "મારા એક મતથી શું ફરક પડશે?" અથવા "બધા પક્ષો સરખા જ છે." આ રાજકીય ઉદાસીનતા લોકશાહી માટે ઘાતક છે. યાદ રાખો, જો સારા અને જાગૃત લોકો મતદાન નથી કરતા, તો તેઓ અજાણતામાં જ અયોગ્ય પ્રતિનિધિઓને ચૂંટવામાં મદદરૂપ બને છે. મતાધિકારનો ઉપયોગ ન કરવો એ નૈતિક રીતે પોતાની જવાબદારીમાંથી ભાગવા સમાન છે.ભારતના બંધારણે આપણને કોઈપણ ભેદભાવ વિના મતાધિકાર આપ્યો છે. આ અધિકાર મેળવવા માટે આપણા પૂર્વજોએ લાંબી લડત આપી છે. તેથી, મતદાનના દિવસે રજા માણીને ઘરે બેસી રહેવાને બદલે મતદાન મથક સુધી પહોંચવું એ આપણી પવિત્ર ફરજ છે. તટસ્થ પસંદગી. જ્ઞાતિ, જાતિ કે લોભ-લાલચથી પર રહીને ઉમેદવારની લાયકાત અને પક્ષની વિચારધારાના આધારે મતદાન કરવું જોઈએ. યુવા શક્તિનો ફાળો. પ્રથમ વખત મતદાન કરનાર યુવાઓએ આ પ્રક્રિયામાં ઉત્સાહભેર જોડાવું જોઈએ, કારણ કે ભવિષ્ય તેમનું છે. આપણે ઘણીવાર સિસ્ટમ અને સુવિધાઓની ટીકા કરીએ છીએ, પરંતુ એ ટીકા કરવાનો અધિકાર આપણને ત્યારે જ મળે છે જ્યારે આપણે પ્રક્રિયાનો ભાગ બનીએ. મતદાન એ તમારી અવાજ છે. જો તમે તમારી અવાજ નથી ઉઠાવતા, તો તમને ફરિયાદ કરવાનો પણ કોઈ હક રહેતો નથી.એક સજાગ મતદાર જ સજાગ રાષ્ટ્રનું નિર્માણ કરી શકે છે. મતદાનના દિવસે 'પહેલા મતદાન, પછી જલપાન'ના સંકલ્પ સાથે દરેક નાગરિકે પોતાની નૈતિક ફરજ નિભાવવી જોઈએ. તમારી આંગળી પર લાગેલી શાહી એ માત્ર નિશાન નથી, પરંતુ ગર્વનું પ્રતીક છે કે તમે ભારતની લોકશાહીને જીવંત રાખવામાં તમારો ફાળો આપ્યો છે.આવો, આપણે સૌ સાથે મળીને લોકશાહીના આ મહાપર્વને સફળ બનાવીએ અને મજબૂત રાષ્ટ્રના નિર્માણમાં સહભાગી થઈએ.

# કચ્છમાં રાજકીય ગરમાવા સાથે ગરમીનો કહેર યથાવત

**ભુજમાં પારો ૪૩ ડિગ્રીને પાર : બે દિવસ હીટવેવની આગાહી**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં આકરા ઉનાળાએ પોતાનું રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે, જેના કારણે જનજીવન ભારે મુશ્કેલીમાં મુકાયું છે. આભમાંથી અગનગોળા વરસતા હોય તેવી કાળઝાળ ગરમીને પગલે સમગ્ર જિલ્લામાં હાહાકાર મચી ગયો છે. ચાલુ સિઝન દરમિયાન ગઈકાલે ભુજ શહેરનું તાપમાન ૪૩.૩ ડિગ્રીએ પહોંચતા તે રાજ્યનું સૌથી ગરમ મથક રહ્યું હતું. આ સાથે જ અંજાર અને ગાંધીધામમાં પણ પારો ૪૦.૬ ડિગ્રી સુધી નોંધાયો હતો. ગરમ પવનો અને લૂના પ્રકોપને કારણે લોકોએ ઘરની બહાર નીકળવાનું ટાળ્યું છે, જેના કારણે બપોરના સમયે રસ્તાઓ સુમસામ જોવા મળી રહ્યા છે. હવામાન વિભાગ દ્વારા આગામી બે દિવસ માટે આકરી ગરમી અને હીટવેવની ચેતવણી આપતું 'યલો એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે. વિભાગની આગાહી મુજબ હજુ પણ મહત્તમ તાપમાન ૪૨ થી ૪૪ ડિગ્રીની વચ્ચે રહેવાની પૂરેપૂરી સંભાવના છે. આજે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના મતદાન પર આ આકરી ગરમીની અસર જોવા મળી રહી છે. વધતી ગરમીને ધ્યાનમાં રાખીને આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે અને હોસ્પિટલોમાં ખાસ બેડ અનામત રાખવા સહિતની તૈયારીઓ કરી લેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, ચાલુ વર્ષે માર્ચ મહિનાથી જ ઉનાળાએ દસ્તક દીધી હતી, પરંતુ વચ્ચે કમોસમી વરસાદને કારણે તાપમાનમાં આંશિક ઘટાડો થયો હતો. જોકે હવે વૈશાખ મહિનાની શરૂઆત થતા જ સૂર્યનારાયણે આકરો મિજાજ દેખાડવાનું શરૂ કર્યું છે. રાત્રિના તાપમાનમાં પણ વધારો થતા લોકોને ઉકળાટનો અનુભવ થઈ રહ્યો છે. તબીબોએ આ સ્થિતિમાં લોકોને વધુ પ્રમાણમાં પ્રવાહી લેવા અને તડકાથી બચવા માટે ટોપી તેમજ ગોગલ્સ જેવા સાધનોનો ઉપયોગ કરવાની સલાહ આપી છે.

## ભુજના ડીવાયએસપી મતદાન મથકોની લીધી મુલાકાત




ભુજ - કચ્છઉદય : વિભાગના ડીવાયએસપી ડો. વિશ્વા શાહે ભુજના અલગ અલગ વિસ્તારમાં મતદાન મથકોની મુલાકાત લીધી હતી. તસવીરમાં તેઓ કેમ્પ એરિયામાં મતદાન મથકે શાળા નં.૨૧ ના મતદાન મથક ખાતે સુરક્ષા વ્યવસ્થા ચકાસવા પહોંચ્યા હતા તે દૃશ્યમાન થાય છે. શહેર તેમજ તાલુકામાં આવેલા સંવેદનશીલ મતદાન મથકોની મુલાકાત લેવામાં આવી હતી.

**એચ.બી. વાઘેલા, મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ રાપરની કોર્ટમાં,**
**ડાભુંડા રોડ, રાપર-કચ્છ**

**શ્રી રણછોડભાઈ હીરજીભાઈ હનાત** **જાહેર નોટીસ** મરણ નોંધણી અરજી રજિ નં.૬૦/૨૦૨૬
રહે, કલ્યાણપર, તા રાપર-કચ્છ. ........................ અરજદાર
**વિરૂધ્ધ**
જન્મ મરણ નોંધણી અધિકારી અને
તલાટી સહ મંત્રીશ્રી, કલ્યાણપર ગ્રામ પંચાયત, તા.રાપર-કચ્છ. ........................ સામાવાળા

**વિષય -: જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત.**


આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી રણછોડભાઈ હીરજીભાઈ હનાત, રે. કલ્યાણપર,તા.રાપર-કચ્છ, વાળાએ તા.૧૦/૦૩/૨૦૨૬.વાળી અરજીથી જણાવેલ છે કે તેમના પત્ની નામે હરબાઈ રણછોડભાઈ હનાત નું અવસાન મોજેઃ કલ્યાણપર,તા.રાપર-કચ્છ મુકામે તા.૦૪/૧૧/૨૦૨૧ ના રોજ થયેલ છે. પરંતુ તેમની અજ્ઞાનતાના તથા શરતચુકના કારણે મરણ અંગેની નોંધણી મોજેઃ કલ્યાણપર, તા.રાપર-કચ્છના વર્ષઃ-૨૦૨૧ મરણ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહું મરણની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી મરણ નોંધણી અરજી રજીસ્ટર નં.૬૦/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર મરણ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહી થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો


તારીખ- ૦૯/૦૪/૨૦૨૬

**(એચ.બી. વાઘેલા)**
મામલતદાર અને
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, રાપર-કચ્છ

# ભુજ નગરપાલિકામાં ૧૧૩ મથકો પર ચુસ્ત બંદોબસ્ત વચ્ચે મતદાનનો પ્રારંભ




































ભુજ - કચ્છઉદય : ભુજ શહેરના સ્થાનિક શાસન માટે આજે વહેલી સવારથી જ મતાધિકારનો ઉપયોગ કરવા માટે લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ભુજ નગરપાલિકાની ચૂંટણી પ્રક્રિયા અંતર્ગત આજે સવારે સાત વાગ્યાથી જ શહેરના કુલ ૧૧૩ મતદાન મથકો પર મતદાનનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. ભુજના કુલ ૧,૧૧,૯૭૯ મતદારો, જેમાં ૫૬,૧૪૩ પુરુષો અને ૫૫,૮૩૬ મહિલાઓનો સમાવેશ થાય છે, તેઓ આજે શહેરના વિકાસની લગામ કોના હાથમાં સોંપવી તેનો આખરી નિર્ણય કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે વોર્ડ નંબર ૧૧ ના ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવતા આજે અન્ય વોર્ડમાં જ મતદાનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. પ્રથમ બે કલાકમાં શહેરમાં માત્ર ૭.૦૬ ટકા મતદાન નોંધાયું હતું. લઘુમતી વિસ્તારોને બાદ કરતાં અન્ય વિસ્તારોના મતદાન મથકો પર પ્રારંભે મતદારોની પાંખી હાજરી જોવા મળી હતી.

આજે સવારથી જ ભુજ શહેરના વોર્ડ નંબર ૧ અને વોર્ડ નંબર ૩ જેવા વિસ્તારોમાં મતદારોની લાંબી કતારો જોવા મળી હતી. આ વિસ્તારોમાં અન્ય વોર્ડની સરખામણીએ મતદાનની ટકાવારી ઊંચી જોવા મળી રહી છે.

જોકે, અન્ય કેટલાક વોર્ડમાં સવારના સમયે પ્રતિસાદ થોડો ધીમો જણાયો હતો, પરંતુ જેમ જેમ દિવસ આગળ વધશે તેમ મતદારોનો ધસારો વધવાની સંભાવના છે.

રાજકીય દ્રષ્ટિએ જોઈએ તો, પાંચ વોર્ડમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ત્રિપાંખિયો જંગ જામ્યો હોવાથી રસાકસીભર્યો માહોલ જોવા મળી રહ્યો છે.

**સવા લાખ જેટલા મતદારો ઉમેદવારોના ભાવિનો નિર્ણય કરશે : વોર્ડ ૧ અને ૩ માં વહેલી સવારથી ભારે ભીડ : વોર્ડ ૧૧ બિનહરીફ થયા બાદ બાકીના વિસ્તારોમાં ત્રિપાંખિયો જંગ : સાંજ સુધીમાં મતદાનની ટકાવારી વધવાની આશા : પ્રથમ બે કલાકમાં શહેરમાં માત્ર ૭.૦૬ ટકા મતદાન : બુથો ચેન્જ થવા ઉપરાંત મતદાર યાદીમાંથી નામો કમી થતાં અનેક મતદારો મુકાયા પરેશાનીમાં**

### પૂર્વ સાંસદ પુષ્પદાન ગઢવીએ અચૂક વોટિંગ કરવા કરી અપીલ

ભુજ નગરપાલિકાની ચૂંટણીમાં આજે કચ્છના પૂર્વ સાંસદ પુષ્પદાનભાઈ ગઢવીએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. મતદાન મથક પર પહોંચેલા પૂર્વ સાંસદે લોકશાહીમાં મતદાનના મહત્વ વિશે વાત કરતા જણાવ્યું હતું કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના સુદ્રઢ વહીવટ માટે જાગૃત મતદાન ખૂબ જ અનિવાર્ય છે. તેમણે આ પ્રસંગે દરેક મતદારને પોતાની પવિત્ર ફરજ સમજીને અચૂક મતદાન કરવા માટે ખાસ અનુરોધ કર્યો હતો.

### ભુજ નગરપાલિકાના વોર્ડ નંબર ૧૦માં મતદારો અટવાયા

ભુજ - કચ્છઉદય : ભુજ નગરપાલિકાની ચૂંટણી માટે મતદાન કરવા પહોંચેલા વોર્ડ નંબર ૧૦ના અનેક મતદારો પોતાના નામ મતદાર સૂચિમાં જોવા ન મળતા અટવાયા હતા. રામકૃષ્ણ કોલોની માં મતદાન કરવા પહોંચેલા અબ્દુલ સતાર ચાકી નામના મતદારે જણાવ્યું હતું કે અગાઉની ચૂંટણીમાં તેઓ આ બુધ પરથી મતદાન કરતા હતા પરંતુ આ વખતે તેમનું નામ મતદાર સૂચિમાંથી ગાયબ થઈ ગયું છે. જિલ્લા ચૂંટણી તંત્ર કે કોઈપણ રાજકીય પક્ષ દ્વારા તેમને સ્લીપ પણ મળી ન હોવાથી પોતાનું મતદાન મથક શોધવામાં તેઓ નિષ્ફળ રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે મતદાન મથક પર ફરજ પરના અધિકારીઓ પણ તેમને સંતોષકારક રીતે માર્ગદર્શન આપી શક્યા ન હતા જેથી પોતાનું મતદાન મથક શોધવા માટે તેમને ભટકવું પડ્યું હતું.

ખાસ કરીને વોર્ડ નંબર ૧ માં સૌથી વધુ ૧૫ ઉમેદવારો મેદાનમાં હોવાથી ત્યાં મતદારોમાં વિશેષ ઉત્સાહ વર્તાઈ રહ્યો છે, જ્યારે વોર્ડ નંબર ૭ માં સૌથી ઓછા ૬ ઉમેદવારો વચ્ચે મુકાબલો છે. વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ દ્વારા મતદાન મથકો પર ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે જેથી કોઈપણ અનિચ્છનીય બનાવ વગર શાંતિપૂર્ણ રીતે મતદાન સંપન્ન થાય.

અત્યાર સુધી શહેરભરમાં મતદાનની પ્રક્રિયા ખૂબ જ સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં ચાલી રહી છે.

ઉનાળાની ગરમીના કારણે બપોરના ગાળામાં મતદાનની ગતિમાં થોડો ઘટાડો નોંધાઈ શકે છે, પરંતુ તંત્ર દ્વારા એવી અપેક્ષા રાખવામાં આવી રહી છે કે સાંજ સુધીમાં તમામ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા મથકો પર પહોંચશે અને આખરી આંકડો ઘણો ઊંચો જશે. ભુજના નગરજનોમાં જાગૃતિ અને લોકશાહી પ્રત્યેની નિષ્ઠા આજે મથકો પરની ભીડ પરથી સ્પષ્ટપણે જણાઈ રહી છે.

### ભુજ સ્વામિનારાયણ મંદિરના સંતો મતદાનથી રહ્યા વંચિત

**સરની કામગીરીના કારણે સામાન્ય નાગરિકથી લઈ સંતો પણ પરેશાનીમાં મુકાયા : સ્લીપ વિતરણમાં પણ તંત્ર તો શું પણ આ વખતે રાજકીય પક્ષોએ પણ વેઠ ઉતારી**

ભુજ - કચ્છઉદય : સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ જાહેર થાય તે પૂર્વે ચૂંટણીપંચ દ્વારા સરની કામગીરી હાથ ધરવામાં આવી હતી. સરની કામગીરી સામે પ્રારંભથી સામાન્ય નાગરિકોની સાથો સાથ રાજકીય પક્ષો દ્વારા પણ વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ કામગીરીના કારણે સાચા મતદારોને પણ પરેશાની ભોગવવાનો વારો આવશે તેવી ભીતિ અગાઉ જ વ્યક્ત કરાઈ હતી. અને આજે તે સાચી ઠરતી પણ જોવા મળી હતી. ભુજ સ્વામિનારાયણ મંદિરના સંતો લોકશાહીના પર્વમાં હરહંમેશ ઉત્સાહ પૂર્વક ભાગ લેતા હોય છે. જો કે, સરની કામગીરીના કારણે સંતોના નામો કમી થઈ જતાં આજે તેઓ પણ લોકશાહીના પર્વથી વંચિત રહ્યા હતા. બીજીતરફ અન્ય મતદારોને પણ નામ કમી થવા, બૂથોમાં ફેરફાર સહિતની અનેક સમસ્યાનો સામાનો કરવો પડ્યો હતો. બીજીતરફ સ્લીપ વિતરણમાં ચૂંટણી તંત્ર તો શું રાજકીય પક્ષોએ પણ વેઠ ઉતારવા સમાન કામગીરી કરી હોય તેમ મોટાભાગના મતદારો સુધી સ્લીપો જ ન પહોંચતા આજે અનેક મતદારો મુસીબતમાં મુકાયા હતા.

# લખપતના લોકોએ લોકશાહીના પર્વમાં વટભેર વોટ આપ્યો

**જિ.પ.ની ૨, અને તા.પં.ની ૧૬ બઠકો પર સવારથી જ મતદારોની લાંબી લાઈનો લાગી : ૬૫થી ૭૦ ટકા મતદાન થવાની વકી : કોંગ્રેસના ગઢમાં ભાજપ માટે સત્તા મેળવવી કઠીન : મુખ્યમંત્રીની સભા યોજાઈ જ્યારે કોંગ્રેસના સ્થાનિક અગ્રણીઓએ બાજી સંભાળી : ચૂસ્ત પોલીસ બંદોબસ્ત સાથે શાંતિપૂર્વક મતદાનનો પ્રારંભ : દેશ દેવી મા આશાપુરાના સ્થાનક એવા માતાનામઢ અને કોટેશ્વર જેવા પ્રસિદ્ધ યાત્રાધામો પર લોકશાહીના મહાપર્વનો રંગ દેખાયો : પ્રથમ બે કલાકમાં ૯.૩૦ ટકા વોટ પડયા**

દયાપર - કચ્છઉદય : તાલુકા પંચાયત - જિલ્લા પંચાયતની ચૂંટણીના પડઘર શાંત થયા પછી સરહદી લખપત તાલુકામાં આજે લઘુમતિ સમાજ સહિત તમામ વર્ગના લોકોએ લોકશાહીના પર્વમાં વટભેર વોટ આપી પોતાની ફરજ બજાવી હતી.

આજે વહેલી સવારથી જ માતાનામઢ, દયાપર, દોલતપર, કોટડામઢ, નરા, બરંદા, પાન્ધ્રો, લાખાપર, ઘડુલી, નારાયણ સરોવર વગેરે મુખ્ય મથકો પર મતદારો મતદાન આપીને કામે લાગ્યા હતા. અસહ્ય ગરમી, કાળઝાળ તાપ, લગ્ન સિઝન વચ્ચે પણ લોકો મત આપવા મતદાન મથકે પહોંચ્યા હતા. વહિવટી તંત્ર દ્વારા પણ પૂરતી સંભાળ લેવાઈ હતી. પોલીસ - આરોગ્ય કર્મીઓ તૈનાત રહ્યા હતા. તાલુકામાં કુલ્લ ૭૮ બુથો ઉભા કરાયા છે. તાલુકામાં ૨૨,૫૬૪ પુરૂષ મતદારો તથા ૨૧,૦૪૫ સ્ત્રી મતદારો મળીને કુલ ૪૩,૮૦૯ લોકો મતદાન કરશે. સવારે સાતથી નવ વાગ્યા દરમ્યાન ૯.૩૦ ટકા મતદાન થયું હતું.

કોંગ્રેસનો ગઢ ગણાતા લખપત તાલુકામાં ગત ટર્મમાં જિ.પં.ની બન્ને બેઠકો કોંગ્રેસ જીતી હતી અને તા.પંની ૧૬ પૈકી ૯ બેઠકો પર કોંગ્રેસનો પંજો છવાયો હતો. જ્યારે ભાજપના ભાગે માત્ર ૭ બેઠકો આવી હતી. પ્રથમ અઢી વર્ષ સુધી તા.પં.માં કોંગ્રેસે શાસન સંભાળ્યું હતું. બાદમાં કોંગ્રેસના બે સભ્યોએ સત્તા પક્ષ ભાજપને સમર્થન આપતા કોંગ્રેસના હાથમાંથી તાલુકા પંચાયત સરકી ગઈ હતી. હાલે બન્ને પક્ષો દ્વારા ચૂંટણી પ્રચાર જોર-શોરથી કરાયો હતો. એટલું જ નહીં ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે માતાનામઢ ખાતે મા આશાપુરાના આશીર્વાદ મેળવી દયાપર ખાતે સભા સંબોધી હતી અને સંસદ સભ્ય, ધારાસભ્ય સહિત ભાજપના વિવિધ મોરચના અગ્રણીઓએ દયાપર ખાતે ધામા નાખ્યા હતા.

### ખડકમાં બબાલ થતા કલાક મતદાન અટક્યું

**ડીવાયએસપી સહિતનો કાફલો ઘટનાસ્થળે, ભાજપના અગ્રણીઓ દોડી ગયા**

નખત્રાણા - કચ્છ ઉદય : લખપત તાલુકાના છેવાડાના ખડક ગામે મતદાન બુથ પર બબાલ થતા મતદાન અટક્યું હતું. આ બાબતની જાણ થતા જ ડીવાયએસપી બી.બી. ભગોરા તથા પીઆઈ પી.એસ.આઈ. ઉપરાંત લખપત તાલુકા મામલતદાર નવિનસિંહ મારૂ, ભાજપના અગ્રણી સુરેન્દ્રસિંહ જાડેજા, વિકાસ રાજગોર, મોડ જાફર સુમરા સહિતના અગ્રણી તાબડતોળ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર મજૂરો સહિતને મતદારોને બહારથી બોલાવી મતદાન કરવામાં આવ્યા હતા. જેના લીધે ભાજપવાળા અને ગામ લોકો વિરોધ કરતા બબાલ થઈ હતી. લખાય છે ત્યારે મતદાનનો પુનઃ પ્રારંભ થયો છે. પરિસ્થિતિ શાંતિ પૂર્ણ છે.

### માતાના મઢમાં જિ.પં., તા.પં. ઉમેદવારોએ મતદાન કર્યું











નખત્રાણા - કચ્છ ઉદય : દયાપર જિલ્લા પંચાયત કોંગ્રેસના ઉમેદવાર સારાબાઈ ઈભરામ કુંભાર, માતાના મઢ તાલુકા પંચાયત સીટના ઉમેદવાર કોંગ્રેસના જીતુભા લાખુભા ચૌહાણ, માતાના મઢ ગ્રા.પં. સરપંચ કાસમભાઈ કુંભાર આજે વહેલી સવારના માતાના મઢ બુથ પર જઈ મતદાન કર્યું હતું.

જ્યારે કોંગ્રેસ દ્વારા સ્થાનિક નેતાઓએ તમામ બુથ પર બાજી સંભાળી હતી.

આ તાલુકામાં મુખ્યત્વે લઘુમતિ, અ.જા., રબારી સહિત અન્ય જ્ઞાતિના મતો રહ્યા છે. તા.પં. પ્રમુખ રોટેશનમાં અ.જા. સમૂદાયનો આવતા નરા બેઠકમાંથી જે ઉમેદવાર જીતશે તે કદાચ પ્રમુખ બની શકશે. ભાજપ ૧૬ બેઠકો પરના ચહેરા બદલાવ્યા છે, તો કોંગ્રેસે પણ જૂના જોગી સાથે નવોદિતોને ચાન્સ આપ્યો છે. રોટેશન અને સીમાંકનમાં બદલાવ થતાં અને મતદાન મથકો પણ વિચિત્ર રહેતા રાજકીય સમીકરણો બદલશે. લોકો કોંગ્રેસને મત આપે છે કે ભાજપને તે ૨૮ તારીખના જ ખબર પડશે. હાલે તડકામાં મતદાન મથકો પર મતોની ટકાવારી ૬૫ થી ૭૦ ટકા રહે તેવા ગણિત મંડાઈ રહ્યા છે. આ લખાય છે ત્યારે ૩૦ થી ૩૫ ટકા જેટલું મતદાન તાલુકા મથકે થયાના અહેવાલ મળી રહ્યા છે.


**તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલીક ગંગારામ એલ. ભાનુશાલીએ કચ્છ ઉદય, પ્લોટ નં.૫૫, વોર્ડ નં.૧બી (જીઆઈડીસી), ૩૭૦૨૦૫ આદીપુર ખાતેથી છપાવી, પ્લોટ નં.૨૮૭, સેકટર-૧એ, ગાયત્રી મંદીરની બાજુમાં, ગાંધીધામ (કચ્છ)થી પ્રસિદ્ધ કર્યુ. ભુજ ઓફીસ : ૧૦ - આનંદ ચેમ્બર્સ, બીજા માળે, હોટલ પ્રિન્સની બાજુમાં, સ્ટેશન રોડ, ભુજ, ફોન : ૨૨૪૧૯૯, ૨૨૪૨૯૯, ૨૫૧૦૯૯ અંજાર બ્યુરો : નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, ફોન : ૨૪૦૬૬૪, રાપર બ્યુરો : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, ફોન : ૨૬૩૧૮૫.**

Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

# ઔદ્યોગિક નગરી મુન્દ્રામાં લોકશાહીનો ઉત્સવ: ૭ વોર્ડની ૨૮ બેઠકો માટે શાંતિપૂર્ણ મતદાન











## ૬૦ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં કેદ : મોટાભાગની બેઠકો પર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધો મુકાબલો : ૨૨ હજારથી વધુ મતદારો કરી રહ્યા છે મતાધિકારનો ઉપયોગ : મુંદરાના મતદારોમાં ભારે ઉત્સાહના પગલે બે કલાકમાં ૧૧.૨૫ ટકા થયું મતદાન


મુન્દ્રા - કચ્છઉદય : કચ્છની ઔદ્યોગિક નગરી મુન્દ્રા નગરપાલિકાની સત્તાના સૂત્રો કોના હસ્તક જશે તેનો ફેંસલો કરવા માટે આજે વહેલી સવારથી જ મતદાન પ્રક્રિયાનો પ્રારંભ થયો છે. નગરપાલિકાના કુલ સાત વોર્ડની ૨૮ બેઠકો માટે સવારના સાત વાગ્યાથી જ મતદારોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. એપ્રિલ માસની આકરી ગરમીના પ્રકોપ વચ્ચે પણ મુન્દ્રાના શહેરીજનો પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા માટે મતદાન મથકો પર કતારબદ્ધ થયેલા જોવા મળ્યા હતા. મુન્દ્રા નગરપાલિકાની ૨૮ બેઠકો કબજે કરવા માટે કુલ ૬૦ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. મોટાભાગની બેઠકો પર પરંપરાગત હરીફ એવા ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી ટક્કર જોવા મળી રહી છે. જોકે, આ વખતે બે બેઠકો પર આમ આદમી પાર્ટીના ઉમેદવારોએ પણ ભાગ્ય અજમાવ્યું છે. સવારથી જ રાજકીય પક્ષોના કાર્યકરોમાં ભારે દોડધામ જોવા મળી રહી છે અને મતદારોને મથક સુધી લાવવા માટે એડીચોટીનું જોર લગાવવામાં આવી રહ્યું છે. આ ચૂંટણીમાં મુન્દ્રાના કુલ ૨૨,૧૭૦ મતદારો ઉમેદવારોના ભાગ્યનો ફેંસલો કરનાર છે, જેમાં ૧૧,૨૯૦ પુરુષ અને ૧૦,૮૮૦ મહિલા મતદારોનો સમાવેશ થાય છે. મહિલા મતદારોમાં પણ સવારથી જ ભારે જાગૃતિ અને ઉત્સાહ જોવા મળ્યો હતો. વધતા જતા તાપમાનને ધ્યાને રાખીને વહીવટી તંત્ર દ્વારા મતદાન મથકો પર પીવાના પાણી અને છાંયડાની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે, જેથી મતદારોને કોઈ તકલીફ ન પડે. શાંતિપૂર્ણ માહોલમાં મતદાન સંપન્ન થાય તે માટે પોલીસ પ્રશાસન દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસનું સતત પેટ્રોલિંગ ચાલુ છે અને અત્યાર સુધી ક્યાંય પણ અનિચ્છનીય બનાવ બન્યો નથી. આજે સવારે ૭ વાગ્યાથી મતદાન શરૂ થતાં જ મતદાન કેન્દ્રો પર મતદારો ઉમટવા લાગ્યા હતા. પ્રથમ બે કલાકમાં ૧૫૩૦ પુરૂષ અને ૯૬૪ મહિલાઓ મળી કુલ ૨૪૯૪ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરતાં ૧૧.૨૫ ટકા મતદાન નોંધાયું હતું. બપોર સુધીમાં નોંધપાત્ર મતદાન થયું હોવાના અહેવાલો મળી રહ્યા છે. સાંજ સુધીમાં મતદારોનો આંકડો ક્યાં પહોંચે છે અને જનતા કોના પર પસંદગીનો કળશ ઢોળે છે તે પરિણામના દિવસે જ સ્પષ્ટ થશે.

### પવિત્ર બંધનમાં બંધાતા પહેલા મતદાન



મતદાન એ દરેક નાગરિકની નૈતિક ફરજ છે. મુન્દ્રા તાલુકાના બારોઈ ગામની શાળામાં એક પરણીતાએ પોતાના લગ્ન પહેલા મતદાન કરી પોતાની પવિત્ર ફરજ અદા કરી અનુકરણીય દ્રષ્ટાંત પૂરું પાડ્યું હતું.

# મુન્દ્રા તા.પં.માં લોકશાહીનો જંગ : ૧૮ બેઠકો માટે શાંતિપૂર્ણ મતદાન શરૂ









## ૬૬ હજારથી વધુ મતદારો બનશે ભાગ્યવિધાતા : નવ બેઠકો પર ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો મુકાબલો : પ્રથમ બે કલાકમાં ૧૨.૭૪ ટકા થયું મતદાન : ૪૬ ઉમેદવારોના ભાગ્ય આજે ઈવીએમમાં કેદ થશે



મુન્દ્રા - કચ્છઉદય : મુન્દ્રા તાલુકા પંચાયતની સત્તાનું સુકાન કોણ સંભાળશે તે માટે આજે વહેલી સવારથી જ ગ્રામીણ વિસ્તારોમાં મતદાનનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. સવારના સાત વાગ્યાથી જ તાલુકાના વિવિધ મતદાન મથકો પર મતદારોની લાંબી કતારો જોવા મળી રહી છે. એપ્રિલ માસની આકરી ગરમીના પ્રકોપ છતાં, ખેતી અને ઉદ્યોગો સાથે જોડાયેલા આ તાલુકાના મતદારોમાં લોકશાહીના પર્વને લઈને ભારે ઉત્સાહ અને જાગૃતિ જોવા મળી રહી છે. આજે સવારે ૭ વાગ્યે શાંતિપૂર્ણ માહોલમાં મતદાનનો પ્રારંભ થયો હતો. નવ વાગ્યા સુધીમાં જિલ્લાના અન્ય વિસ્તારોની તુલનાએ મુંદરામાં સૌથી વધુ ૧૨.૭૪ ટકા મતદાન નોંધાયું હતું. બપોર સુધીમાં શાંતિપૂર્ણ માહોલમાં નોંધપાત્ર મતદાન થયું હોવાના અહેવાલો મળી રહ્યા છે.

મુન્દ્રા તાલુકા પંચાયતની ૧૮ બેઠકો માટે કુલ ૪૬ ઉમેદવારો મેદાનમાં છે. આ ચૂંટણીમાં રાજકીય ગરમાવો ત્યારે જોવા મળ્યો જ્યારે ૧૮ પૈકીની ૯ બેઠકો પર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી ટક્કર હોવાનું ચિત્ર સ્પષ્ટ થયું. બાકીની બેઠકો પર અન્ય પક્ષો અને અપક્ષ ઉમેદવારોની હાજરીને કારણે જંગ રસાકસીભર્યો બન્યો છે. દરેક પક્ષના કાર્યકરો ગરમીની પરવા કર્યા વગર મતદારોને મથક સુધી લાવવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે.

તાલુકાના ભવિષ્યનો ફેંસલો કરવા માટે કુલ ૬૬,૨૦૨ મતદારો નોંધાયેલા છે, જે આજે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી રહ્યા છે. જેમાં ૩૩,૯૬૬ પુરુષ અને ૩૨,૨૩૬ મહિલા મતદારોનો સમાવેશ થાય છે. ગ્રામીણ વિસ્તારોમાં વહેલી સવારથી જ મહિલા મતદારો મોટી સંખ્યામાં મતદાન કરવા ઉમટી પડી હતી. વહીવટી તંત્ર દ્વારા મતદારો માટે છાંયડો અને પીવાના પાણી જેવી પાયાની સુવિધાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે. ચૂંટણી પ્રક્રિયામાં કોઈ ખલેલ ન પહોંચે તે માટે સમગ્ર તાલુકામાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. પોલીસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા સંવેદનશીલ બૂથો પર સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.

અત્યાર સુધી સમગ્ર તાલુકામાં મતદાન પ્રક્રિયા ખૂબ જ સૌહાર્દપૂર્ણ અને શાંતિપૂર્ણ રીતે ચાલી રહી છે. આજે સાંજે મતદાન પૂર્ણ થયા બાદ તમામ ૪૬ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થશે, જેનું પરિણામ મુન્દ્રા તાલુકાની આગામી રાજકીય દિશા નક્કી કરશે.

**લોકશાહીને મતદાન જ મજબુતી આપે છે**

# નખત્રાણા પંથકમાં મક્કમગતિથી મતદાન કરતા મતદારો

## ૪ જિ.પં., ૧૮ તાલુકા પંચાયત માટે વહેલી સવારથી જ મતદારો મતદાન કરી લોકશાહીનું મનાવી રહ્યા છે પર્વ : ૨૫ હજાર પાટીદારો, ૩૦ હજાર લઘુમતી વોટરો સહિત કુલ્લ ૯૧,૬૦૯ મતદારો તાલુકો ધરાવે છે : લગ્ન, રજા, તાપ, ગરમી, ઉમેદવારો સામેના વાંધાવચકા પડખે મુકી ઈવીએમ તરફ દોટ મુકી : સવારે સાત થી નવ દરમ્યાન ૮.૨૫ ટકા મતદાન નોંધાયું : ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો : વિથોણ, રવાપર, નેત્રા, નિરોણા, કોટડા (જ.) સહિત મુખ્ય મથકો પર ભારે મતદાનની વકી : શાંતિપૂર્વક મતદાનના વાવડ

### રવાપરમાં જિ.પં. તા.પં.ના કોંગ્રેસના દંપતિએ સજોડે મતદાન કર્યું



નેત્રા જિલ્લા પંચાયત ૨૫ના કોંગ્રેસના ઉમેદવાર નેહાબેન તથા રવાપર તાલુકા પંચાયત સીટના કોંગ્રેસના અશ્વિનભાઈ રૂપારેલે રવાપર ખાતે સજોડે મતદાન કર્યું હતું.

### વિનોદ ચાવડા સહિતના મહાનુભાવોએ મતદાન કર્યું

નખત્રાણા - કચ્છઉદય : આજે મતદાનમાં સુખપર (રોહા) થી સાંસદ વિનોદભાઈ ચાવડાએ પરિવાર સાથે લોકશાહી યજ્ઞમાં આહુતિ આપી કિંમતી મત આપ્યો હતો, તો સુખપર ખાતે ભાજપના કોટડા (જ) સીટના જિ.પં.ના ઉમેદવાર મંજુલાબેન ચાવવડાએ મત આપ્યો હતો. જિ.પં. બેઠક પર ભાજપના ઉમેદવાર દિનેશ રૂડાણી, નેત્રા જિ.પં. બેઠક પર ભાજપના સરોજબા બહાદુરસિંહ જાડેજાએ આપ્યો હતો. રવાપર ખાતે કોંગ્રેસના દંપતી ઉમેદવાર નેહાબેન -અશ્વિનભાઈ રૂપારેલે સજોડે મત આપ્યો હતો. નિરોણા બેઠક પર લડતા રાજેશભાઈ આહિરે નખત્રાણા તથા ભાજપના ઘનશ્યામસિંહ જાડેજાએ તરા ખાતે મત આપ્યો હતો. કોટડા (જ) કોંગ્રેસના જિ.પં. ના ભાવનાબેન મહેશ્વરીએ તરા ખાતે મતદાન કર્યું હતું. વિથોણ જિ.પં. કોંગ્રેસના ઉમેદવાર હંસરાજ પટેલે નાના અંગિયા બેઠક પર મતદાન કર્યું હતું. અન્ય જિ.પં.ના અપક્ષ સહિતના ઉમેદવારો દક્ષાબેન ભાવાણી તથા સરીફાબાઈ રાયમાએ રસલિયા ખાતે મતદાન કર્યું હતું. કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ પ્રેમસિંહ સોઢાએ ચંદ્રનગર ખાતે જ્યારે ભાજપના પ્રમુખ ધર્મેશ કેશરાણીએ નખત્રાણા ખાતે મતદાન કર્યું હતું. નિરોણા સરપંચ એન.ટી. આહિરે નિરોણા ખાતે જ્યારે ભરતભાઈ વાઘેલાએ વિગોડી ખાતે મતદાન કર્યું હતું. હુશેન ખલીફાએ મથલ ખાતે, જયસુખ પટેલે ધાવડા, ધર્મેન્દ્રગિરિ ગોસ્વામીએ મંગવાણા ખાતે મદતાન કર્યું હતું. ભાજપ - કોંગ્રેસ સહિત અન્ય પક્ષોના ઉમેદવારો, અગ્રણીઓ, વેપારીઓએ પોતાના મથકે પવિત્ર મતદાનનો ઉપયોગ કરી લોકશાહીને મજબૂત બનાવવા તરફ કૂચ કરી હતી.

### વિથોણ જિ.પં.ના ઉમેદવારના પુત્ર અને પુત્રીના લગ્ન હોતા સવારના જ મતદાન કર્યું



નખત્રાણા - કચ્છઉદય : વિથોણ જિલ્લા પંચાયત બેઠક ભાજપના ઉમેદવાર દિનેશભાઈ રૂડાણી અને તેમના પુત્ર - પુત્રી સહિત સહપરિવારે આજે તેમના પુત્રના લગ્ન હોતા જાન માંડવે પહોંચે તે પહેલા મતદાનની પવિત્ર ફરજ નિભાવી હતી.

### નેત્રા જિ.પં. સસીટના ભાજપના ઉમેદવાર સરોજબા બહાદુરસિંહ જાડેજાએ મતદાન કર્યું



નખત્રાણા તાલુકાના જિલ્લા પંચાયતની નેત્રા બેઠકના ભાજપના ઉમેદવાર સરોજબા તથા તેમના પતિ અને નેત્રા ગ્રામ પંચાયત સરપંચ બહાદુરસિંહ જાડેજા દંપતિ સજોડે વહેલી સવોર નેત્રા બુથ પર મતદાન કર્યું હતું.

નખત્રાણા - કચ્છઉદય : હરીયાળા આ તાલુકામાં ઉનાળુ અસર એ હદે વ્યાપક બની છે કે વાડી વિસ્તારથી ઘેરાયેલો માકપટ પંથકમાં નખત્રાણા તાલુકામાં ૪૧ ડિગ્રી તાપ સાથે ગ્રામીણ જનજીવન સવાર તો પડતી જ નથી સીધી બપોર ભાસે તેવા તાપમાન સાથે આજે રવિવારે લોકશાહી પર્વનો ધમાકેદાર પ્રારંભ થયો હતો.

ગ્રામીણ વીસ્તારમાં મતદારોએ મક્કમગતિથી મતદાન કરવા દોટ મુકી હતી. તાપ, ગરમી, રજા, લગ્ન પ્રસંગ, ધાર્મિક પ્રસંગો અને ઉમેદવારો સાથે વાંધા-વચકા તમામ પડખે મુકીને લોકશાહી પર્વને ન્યાય આપી ઈવીએમ માં પહેલો મત મારો એ સુત્ર સાથે મતદાન કરવા આગળ વધી રહ્યા છે. પ્રથમ બે કલાક દરમ્યાન ૮.૨૫ ટકા મતદાન નોંધાયું હતું.


આ વખતે ગ્રામ્ય વિસ્તારોમાં પાણી, રસ્તા અને ડ્રેનેજ, શિક્ષકો, આરોગ્ય કર્મીની ઘટ જેવા પાયાના પ્રશ્નો તાલુકામાં મુખ્ય છે. જિ.પં.ની ચાર, વિથોણ, નેત્રા, નિરોણા, કોટડા (જ.) સીટ પર જંગ જામી રહ્યો છે. કોટડા (જ) જિ.પં.ની નવી બેઠક બનતા ગામડાઓના પણ બદલાવ થયો છે. ૧૮ તા.પં. ની બેઠક છે. તેમાં નખત્રાણા નગરપાલિકા બનતા ૨ બેઠકોની ઘટ આવ્યી છે. અગાઉની ટર્મમાં ૪ જિ.પં. ભાજપ જીતી હતી તો ૧૪ તા.પં.ની બેઠક ભાજપ જીતી હતી. ૧૯૮૫ પછી તા. પં.માં સતત ભાજપ જ સતા પર રહ્યો છે. તાલુકામાં પાટીદારો, અ.જા., ક્ષત્રિયો, લઘુમતીના મતોની સંખ્યા મોટા પ્રમાણમાં છે. કુલ્લ ૯૧,૬૦૯ મતદારો છે. તેમાંથી ૪૭, ૫૧૦ પુરૂષ, જ્યારે ૪૪,૦૯૮ સ્ત્રી મતદાતા છે. ભાજપે મોટા ભાગે નવોદિત ચહેરા પર પસંદગી કરી છે. અલબત ટિકિટ ફાળવણીમાં કયાંક કચવાટ જોવા મળ્યો હતો. જ્યારે કોંગ્રેસે જુના જોગીને પણ મેદાનમાં ઉતાર્યા છે. કચ્છીમાડુઓ કોના પર પસંદગીનો કળશ ઢોળે છે તે મત ગણતરીના દિવસે જ પાધરૂં થશે. હાલે બન્ને પક્ષો જીતના દાવા કરે છે.

બીજી તરફ આ ચૂંટણીમાં મુખ્યત્વે નવા યુવા ચહેરા મતદારો અને પાટીદાર - લઘુમતિ સમાજના મતદારો ઉમેદવારની હાર-જીતમાં મુખ્ય ભૂમિકા અદા કરે છ. તા.પં.ની ૧૮ બેઠકોમાં ૪૨ ઉમેદવારો મેદાનમાં છે તથા જિ.પં.ની ૪ બેઠકોમાં ૧૦ ઉમેદવારો ચૂંટણી લડે છે. બીજી બાજુ ચૂંટણીનું મતદાન અને મણ ગણતરી શાંતિરીતે પૂર્ણ થાય તે માટે તાલુકા ચૂંટણી તંત્ર સજ્જ થયું છે. તા.પં. ૧૮ બેઠકોમાં ૧૪૬ બુથમાં ૬૪૦ જેટલા કર્મચારીઓને ફરજ સોંપણીના આદેશ કરવામાં આવ્યા છે અને તે તમામ કર્મચારીઓને બે તબક્કામાં મતદાન મથકે કરવાની થતી કામગીરીની તાલીમ પણ આપવામાં આવી હતી. પોલીસ તંત્ર દ્વારા પણ કાયદો - વ્યવસ્થા સુપેરે પર પાડી છે. ક્યાંય પણ અનિચ્છનીય બનાવો બન્યા નથી. આ ઉપરાંત મત ગણતરી તા.પં. - જિ.પં.ની જીએમડીસી કોલેજ ખાતે હાથ ધરવામાં આવશે તેની તમામ પણ તમામ તૈયારીઓ પૂર્ણ કરાઈ છે. આ લખાય છે ત્યારે ધીમી ગતિએ મક્કમતાથી લોકો મતદાન કરી રહ્યા છે. ૩૦ થી ૩૫ ટકા મતદાનના વાવડ મળી રહ્યા છે. ક્યાંય પણ ઈવીએમમાં ખોટીપો કે અન્ય મતદાન બંધ થયું હોય તેવા અહેવાલ નથી. સમગ્ર તબક્કામાં લોકો લોકશાહી પર્વને ઉમંગભેર ઉજવી પોતાનો કિંમતી મત આપી મતદાનની ટકાવારી ઉંચી જાય તે જોવાની મતદારોની ફરજ છે. લોકતંત્રમાં મતદાન એ માત્ર અધિકાર નહીં, પરંતુ નાગરિકની મહત્ત્વપૂર્ણ જવાબદારી છે તે સાર્થક કરી રહ્યા છે.

# અબડાસામાં લોકશાહીનો ઉત્સવ : આકરી ગરમી વચ્ચે પણ મતદારોમાં ભારે ઉત્સાહ













નલિયા - કચ્છઉદય : અબડાસા તાલુકા પંચાયતની ૧૮ અને જિલ્લા પંચાયતની ૩ બેઠકો માટે સવારથી જ મતદાન મથકો પર લાંબી કતારો જોવા મળી હતી. એપ્રિલ માસની આકરી ગરમી અને પારો ઊંચો હોવા છતાં, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં મતદારોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વહેલી સવારથી જ લોકોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા મતદાન મથકો પર ભીડ જમાવી હતી. સવારે સાતથી નવ વાગ્યા સુધીમાં ૧૧.૬૯ ટકા મતદાન નોંધાયું હતું. બપોર સુધીમાં શાંતિપૂર્ણ રીતે અને સારી સંખ્યામાં મતદાન થયું હોવાના અહેવાલો મળી રહ્યા છે.

આ મતદાન પ્રક્રિયામાં અબડાસા તાલુકા પંચાયતની ૧૮ બેઠકો માટે ૫૪ ઉમેદવારો અને જિલ્લા પંચાયતની ૩ બેઠકો માટે ૧૨ ઉમેદવારો મેદાનમાં છે, જેમના રાજકીય ભવિષ્યનો ફેંસલો તાલુકાના કુલ ૮૨,૬૪૧ મતદારો કરી રહ્યા છે. જેમાં ૪૨,૨૧૬ પુરુષ અને ૪૦,૪૨૫ સ્ત્રી મતદારોનો સમાવેશ થાય છે. ચૂંટણી જંગમાં ઉતરેલા આ ઉમેદવારોના ભાગ્ય આજે ઈવીએમ મશીનમાં કેદ થઈ રહ્યા છે. વહીવટી અને સુરક્ષા વ્યવસ્થાની વાત કરીએ તો, તાલુકાના ૧૫૯ મતદાન મથકો પર ૭૯૫ જેટલા કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે. ૧૮ જેટલા ઝોનલ અધિકારીઓ તમામ બૂથ પર સતત મોનિટરિંગ કરી રહ્યા છે અને દર બે કલાકે મતદાનની ટકાવારી મેળવી રહ્યા છે. તાલુકાના ૧૫૯ પૈકીના ૩૫ સંવેદનશીલ મથકો પર એસઆરપીનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે, જ્યારે અન્ય મથકો પર પોલીસ જવાનો તૈનાત છે. ૧૭ જેટલી પેટ્રોલિંગ ગાડીઓમાં ચાર-ચાર પોલીસ અને હોમગાર્ડ જવાનો સતત ગશ્ત લગાવી રહ્યા છે, જેના કારણે અત્યાર સુધી સમગ્ર તાલુકામાં ક્યાંય પણ અનિચ્છનીય બનાવ બન્યો નથી અને શાંતિપૂર્ણ રીતે મતદાન પ્રક્રિયા આગળ વધી રહી છે.

### તાલુકા પંચાયત - જિલ્લા પંચાયત માટે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પ્રક્રિયા ચાલુ : નવ વાગ્યા સુધીમાં ૧૧.૬૯ ટકા મતદાન નોંધાયું

# ટ્રમ્પને મારવા ગન સાથે હોટલમાં ઘૂસ્યો હુમલાખોર, PM મોદીએ હુમલાની કરી આકરી નિંદા





નવી દીલ્હી : અમેરિકાની રાજધાની વોશિંગ્ટન DC માં વાર્ષિક 'વ્હાઈટ હાઉસ કોરસપોન્ડન્ટ ડિનર' દરમિયાન ભયાનક ફાયરિંગની ઘટના બની છે. આ હાઈ-પ્રોફાઈલ કાર્યક્રમમાં જ્યારે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, ફર્સ્ટ લેડી મેલાનિયા અને ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ હાજર હતા, ત્યારે એક હુમલાખોર ગન સાથે હોટલના બોલરૂમની બહાર પહોંચી ગયો અને અંધાધૂંધ ગોળીબાર શરૂ કર્યો હતો.પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, હિલ્ટન હોટલના બેક્વેટ હોલમાં જ્યારે કાર્યક્રમ ચાલી રહ્યો હતો ત્યારે અચાનક જોરદાર ધડાકા સંભળાયા. સુરક્ષા કવચ: સિક્રેટ સર્વિસના એજન્ટોએ તાત્કાલિક ટ્રમ્પને ચારે બાજુથી ઘેરી લીધા. આ દોડધામમાં ટ્રમ્પ એકવાર પડી પણ ગયા હતા. મહેમાનોનો ફફડાટ: ગોળીબાર થતા જ હોટલમાં હાજર વેઈટરો અને કેબિનેટ મંત્રીઓ જીવ બચાવવા ટેબલ નીચે છુપાઈ ગયા હતા.હુમલાખોર ઝડપાયો: સુરક્ષાકર્મીઓએ જવાબી કાર્યવાહી કરી હુમલાખોરને ઝડપી પાડ્યો છે. શૂટર પાસે અત્યંત શક્તિશાળી બંદૂક હોવાનું સામે આવ્યું છે. હુમલાના આશરે ૧.૫ કલાક પછી ટ્રમ્પે મીડિયાને સંબોધિત કરતા કહ્યું, "આ સાંજ ઘણી હલચલભરી રહી. સિક્રેટ સર્વિસે બહાદુરીથી મારો જીવ બચાવ્યો છે. જે અધિકારીને ગોળી વાગી છે તે સુરક્ષિત છે." ટ્રમ્પે હુમલાખોરના ઝઝ્રફ ફૂટેજ પણ સોશિયલ મીડિયા પર શેર કર્યા છે.ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ ઘટના પર ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, "લોકશાહીમાં હિંસા માટે કોઈ સ્થાન નથી. રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને તેમનો પરિવાર સુરક્ષિત છે તે જાણીને રાહત થઈ."નોંધનીય છે કે ૧૩ તેજ્ઞઅ ૨૦૨૪ ના રોજ પેન્સિલવેનિયાની ચૂંટણી રેલીમાં પણ ટ્રમ્પ પર એસોલ્ટ રાઈફલથી હુમલો થયો હતો, જેમાં એક ગોળી તેમના કાનને સ્પર્શીને નીકળી ગઈ હતી. ફરી એકવાર ૨૦૨૬ માં આ પ્રકારનો હુમલો થતા સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ ગઈ છે.

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ: ૨૦૨૬

# કચ્છ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી આનંદ પટેલ દ્વારા ભુજના મતદાન મથકોની નિરીક્ષણ મુલાકાત










ભુજ: કચ્છ જિલ્લામાં ચાલી રહેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની મતદાન પ્રક્રિયાના નિરીક્ષણને લઈને કચ્છ જિલ્લા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી આનંદ પટેલે આજરોજ ભુજ શહેરના વિવિધ મતદાન મથકોની રૂબરૂ મુલાકાત લીધી હતી.

કલેક્ટરશ્રી આનંદ પટેલે ભુજના આરટીઓ રિલોકેશન હિન્દી શાળા નંબર ૧૪ ખાતે આવેલા પોલિંગ બૂથની મુલાકાત લીધી હતી. આ મતદાન મથકોની મુલાકાત દરમિયાનકલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી આનંદ પટેલે મતદાન મથકો પર ફરજ બજાવતા પ્રિસાઈડિંગ ઓફિસર્સ અને અન્ય ચૂંટણી કર્મચારીઓ સાથે વાતચીત કરી હતી તેમજ મતદાન પ્રક્રિયાની સમીક્ષા કરી વ્યવસ્થાપન અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. તેઓએ મતદાતાઓને મતદાન પ્રક્રિયા વખતે કોઈ જ અગવડતા ન પડે તે રીતે કામગીરી કરવા અધિકારીશ્રી-કર્મચારીશ્રીઓને જણાવ્યું હતું.

કલેક્ટરશ્રી આનંદ પટેલે લોકશાહીના આ પર્વમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા આવેલા સ્થાનિક મતદાતાઓ સાથે પણ આત્મીય સંવાદ સાધ્યો હતો. કલેક્ટરશ્રીએ મતદાતાઓને મતદાન મથક પરની સુવિધાઓ અને તેમના મતદાનના અનુભવ વિશે પૃચ્છા કરી હતી. ઉલ્લેખનીય છે કે, કલેક્ટરશ્રી આનંદ પટેલે ભુજ ખાતેથી બેલેટ પેપરથી મતદાન કરીને તેમની પવિત્ર ફરજ નિભાવી હતી. મતદાન મથકોની મુલાકાત દરમિયાન જિલ્લા કલેક્ટરશ્રી આનંદ પટેલે કચ્છના મતદાતાઓને લોકશાહીના મૂલ્યોને વધુ સુદ્રઢ અને મજબૂત બનાવવા માટે પોતાના મતાધિકારનો અચૂક ઉપયોગ કરી મહત્તમ સંખ્યામાં મતદાન કરવા માટે અપીલ કરી હતી. આ મુલાકાત દરમિયાન નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી વિવેક બારહટ સહિત ચૂંટણી તંત્રના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.



કચ્છ, ગુજરાતના મુસ્લિમ અગ્રણી કોંગ્રેસના આગેવાન હાજી જુમા રાયમા પરીવારે પ્રથમ મનપા ગાંધીધામ ચૂંટણી માટે કર્યું મતદાન હતું. આનંદ માર્ગ સ્કુલ મતદાન મથક પર કર્યું મતદાન હતું. પરીવાર સાથે મતદાન કરી લોકોને લોકશાહીના પર્વમા મતદાન કરી ભાગ લેવા આપ્યો સંદેશ હતો.

# મુન્દ્રા તાલુકામાં બપોર સુધીમાં સરેરાશ ૫૦% થી વધુ મતદાન

### ગરમીમાં પણ મતદારોનો ઉત્સાહ અકબંધ : ૧૦૧ વર્ષના માજીએ પ્રાગપર-૨ માં કર્યું મતદાન

મુન્દ્રા - કચ્છ ઉદય : તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણી માટે આજે સવારથી જ મતદાન મથકો પર મતદારોની લાંબી કતારો જોવા મળી હતી. પહેલા મતદાન, પછી જલપાનના સૂત્રને સાર્થક કરતા મુન્દ્રા તાલુકાના ગામડાઓમાં લોકશાહીનો ઉત્સવ જોવા મળ્યો હતો. કાળઝાળ ગરમી અને વધતા તાપમાન વચ્ચે પણ મતદારોએ હોંશભેર પોતાની ફરજ નિભાવી હતી.

ઝરપરા, ભુજપુર અને બોરાણાના ખેડૂતોએ સવારના વહેલા સમયે જ મતદાન મથકે પહોંચી મતાધિકારનો ઉપયોગ કર્યો હતો અને ત્યારબાદ પોતાની વાડીના કામમાં પરોવાયા હતા. લોકશાહી પ્રત્યેની જાગૃતિનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડતા ૧૦૧ વર્ષના માજીએ પણ પ્રાગપર-૨ મતદાન મથકે પહોંચીને મતદાન કર્યું હતું. ઉમેદવારો અને પક્ષો દ્વારા મતદારોને મતદાન મથક સુધી લાવવા માટે છકડા અને બાઈક જેવી વ્યવસ્થાઓ કરવામાં આવી હતી.



પ્રાપગર - ૨ મા ૧૦૧ વર્ષના માજીએ કર્યું મતદાન.



સંપૂર્ણ શારીરિક દિવ્યાંગે ફરજ નિભાવી.

તાલુકાના વિવિધ ગામોમાં બપોરે ૧૨ વાગ્યા સુધીમાં નોંધપાત્ર મતદાન થયું હતું જેમાં ટુંડામાં ૫૭%, ધ્રબ, પત્રી, રામાણિયામાં ૫૬%, નવીનાળમાં ૫૫%, ભોપાવાંઢમાં ૫૪%, કાંડાગરા - સમાઘોઘામાં ૫૨%, ઝરપરા - બોરાણામાં ૫૧%, ભુજપુરમાં ૪૯%, મુન્દ્રામાં ૪૮%, ભદ્રેશ્વરમાં ૪૬%, દેશલપરમાં ૩૮%, શેખડીયામાં ૩૩ ટકા, ભોરારામાં ૩૦ ટકા મતદાન થયું હતું. ચૂંટણીના આ જંગમાં અનેક દિગ્ગજ નેતાઓ અને ઉમેદવારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. જેમાં પૂર્વ ધારાસભ્ય રમેશભાઈ મહેશ્વરી, સર્વ સેવા સંઘના પ્રમુખ જીગર છેડા, તાલુકા ભાજપ પ્રમુખ શક્તિસિંહ જાડેજા, શહેર પ્રમુખ અરવિંદ પટેલ, ઝરપરા ખાતે પ્રભારી વાલજીભાઈ ટાપરિયા, જિલ્લા પંચાયતના ઉમેદવાર રણજીતસિંહ જાડેજા, પૂર્વ ચેરમેન છાયાબેન ગઢવી, કારોબારી ચેરમેન ભોજરાજ ગઢવી, પ્રણવ જોશી, કોંગ્રેસના પ્રમુખ કાનજીભાઈ સોંધરા, જાવેદ પઠાણ, ભરત પાતારીયા, શેખડીયાના સરપંચ કમલેશ ગઢવી, માણેક ગઢવી, ભુપેન મહેતા, મુકેશ ગોર, એપીએમસીના મહેન્દ્રસિંહ જામ, રાજુભા જાડેજા, વિજયસિંહ જાડેજા, ભુપતસિંહ જાડેજા, પ્રદ્યુમનસિંહ જાડેજા, જિલ્લા પંચાયતના ઉમેદવાર દશરથબા ચૌહાણ, વોર્ડ નંબર ૧ ના ઉમેદવાર ડોક્ટર જાનવીબેન કેતનભાઈ ઓઝા સહિતના અગ્રણીઓ પણ મતદાન પ્રક્રિયામાં જોડાયા હતા. સમગ્ર મુન્દ્રા તાલુકામાં શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પ્રક્રિયા પૂર્ણ થાય તે માટે સરકારી તંત્ર અને પોલીસ પ્રશાસન દ્વારા સુંદર કામગીરી કરવામાં આવી હતી.

# ચૂંટણીની દોડધામ વચ્ચે ગાંધીધામના કિડાણામાં હત્યા: પતિએ પત્નીને ઉતારી મોતને ઘાટ

### એકતાનગરમાં ઘરકંકાસમાં પતિએ તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંક્યા: બી ડિવિઝન પોલીસે આરોપીને રાઉન્ડઅપ કર્યો

ગાંધીધામ - કચ્છ ઉદય : સમગ્ર કચ્છ જિલ્લો જ્યારે આજે પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીના મતદાનમાં વ્યસ્ત છે અને પોલીસ કાફલો બંદોબસ્તમાં રોકાયેલો છે, ત્યારે ગાંધીધામ તાલુકાના કિડાણા ગામે હત્યાની સનસનીખેજ ઘટના સામે આવી છે. કિડાણાના એકતાનગર વિસ્તારમાં નજીવા ઘરકંકાસમાં પતિએ પોતાની જ પત્નીની તીક્ષ્ણ હથિયાર વડે કરપીણ હત્યા કરી નાખતા પંથકમાં ચકચાર મચી ગઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ, કિડાણાના એકતાનગરમાં રહેતા દંપતી વચ્ચે છેલ્લા કેટલાક સમયથી ઘરકંકાસ ચાલતો હતો. આજે ઉશ્કેરાયેલા પતિએ આવેશમાં આવી જઈ પત્ની પર તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કર્યો હતો. ગંભીર ઈજાઓ પહોંચતા પત્નીનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. એક તરફ ચૂંટણીને લઈ પોલીસ સ્ટાફ સંવેદનશીલ મથકો પર બંદોબસ્તમાં હતો, ત્યારે જ હત્યાના સમાચાર મળતા ગાંધીધામ બી ડિવિઝન પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે ત્વરિત કાર્યવાહી કરી આરોપી પતિને રાઉન્ડઅપ કરી લીધો છે. આ અંગે ગાંધીધામ બી ડિવિઝન પીઆઈ એસ. વી.ગોજીયાએ ઘટનાની પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે, પ્રાથમિક દ્રષ્ટિએ આ હત્યા પારિવારિક વિખવાદના કારણે થઈ હોવાનું જણાય છે. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે. લોકશાહીના પર્વ સમાન મતદાનના દિવસે જ બનેલી આ ઘટનાએ સમગ્ર તાલુકામાં ચર્ચા જગાવી છે.

### જુણાચાયના ૭૦ વધુ મતદારોના નામ ગાયબ

ભુજ : લખપત તાલુકાના મેઘપર બુથ પર જુણાચાય ગામના ૭૦થી વધારે મતદારોના નામ મતદારયાદીમાંથી ગાયબ થતાં નારાજગી ફેલાઈ હતી. મતદાન કરવા પહોંચેલા મતદારોને મતદાન કર્યા વગર જ પરત ફરવું પડ્યું હતું. તેઓના નામ મતદારયાદીમાંથી નિકળી જતાં તંત્ર સામે પણ રોષ વ્યક્ત કર્યો હતો.



કોટડા જડોદર જિલ્લા પંચાયત કોંગ્રેસના ઉમેદવાર ભાવનાબેન મહેશ્વરીએ મતદાન કર્યું હતું તે વેળાની તસવીર.

### બાંડિયારામાં સ્ટોન ક્રસરના મશીનમાં આવી જતા યુવાનનું મોત

ભુજ - કચ્છ ઉદય : અબડાસા તાલુકાના બાંડિયારા ગામની સીમમાં આવેલા જોગમાયા સ્ટોન ક્રસર નામના પ્લાન્ટમાં મશીનમાં આવી જતા યુવાનનું મોત થયું હતું. આ બાબતે મળતી વિગતો મુજબ ૨૫ વર્ષિય સહદેવ કિરણભાઈ બારિયા કોઈ અગમ્ય કારણોસર મશીનમાં આવી જતા ગંભીર ઈજાઓના કારણે મોત થયું હતું. નખત્રાણા પોલીસે એડી દાખલ કરી હતી.

### કોડાયમાં બીમારીથી કંટાળીને યુવતીનો આપઘાત

ભુજ - કચ્છ ઉદય : માંડવી તાલુકાના કોડાયમાં બીમારીથી કંટાળીને યુવતીએ આપઘાત કર્યો હતો. કોડાય પોલીસ સ્ટેશનેથી મળતી વિગતો મુજબ ૧૮ વર્ષિય મહેક ઝવેરીભાઈ મહેશ્વરીએ આત્મઘાતી પગલું ભર્યું હતું. હતભાગી યુવતી છેલ્લા ત્રણ વર્ષથી બીમાર હતી અને બીમારીથી કંટાળીને ઘરમાં દુપટ્ટા વડે ફાંસો ખાઈ લીધો હતો. સમગ્ર મામલે કોડાય પોલીસે અકસ્માત - મોતની નોંધ દાખલ કરી છે.

# કચ્છ સાંસદ વિનોદ ચાવડાએ લાઇનમાં ઉભા રહી સાદગીપૂર્ણ રીતે મતદાન કર્યું








ભુજ - કચ્છઉદય : હાલ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી દરમિયાન કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડાએ પોતાના વતન સુખપર ખાતે સામાન્ય નાગરિકની જેમ જ લાઈનમાં ઊભા રહીને સાદગીપૂર્ણ રીતે મતદાન કર્યું. ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લેતા, ઘણા રાજકીય જન પ્રતિનિધિ કોઈ પણ પ્રકારના વિશેષાધિકાર વિના, સામાન્ય મતદારોની સાથે જ મતદાન મથક પર જઈને પોતાનો મત આપ્યો હતો, જે લોકશાહીમાં તેમની પ્રતિબદ્ધતા દર્શાવે છે. કચ્છ સાંસદ વિનોદભાઈ ચાવડાએ આ સાદગીપૂર્ણ મતદાન દ્વારા મતદારોને તેમના મતાધિકારનો ઉપયોગ કરવા માટે પ્રેરણા આપી હતી. લોકશાહીમાં ચૂંટણી એ જનતાના પ્રતિનિધિઓને પસંદ કરવાની પ્રક્રિયા છે, જેમાં નેતાઓની આવી સાદગીપૂર્ણ ભાગીદારી મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ પ્રકારની સાદગીથી લોકશાહીની ગરિમા અને સમાનતાના સિદ્ધાંતને મજબૂત બનાવે છે.

### માંડવી ધારાસભ્યએ સાદગીના કરાવ્યા દર્શન



માંડવી - કચ્છઉદય : માંડવી ધારાસભ્ય અને પ્રદેશ ભાજપ મહામંત્રી પોતાના નિખાલશ સ્વભાવ અને સામાન્યમાં સામાન્ય નાગરિકને ઉપયોગી થવાની ભાવનાના કારણે લોકહૃદયમાં અનેરૂ સ્થાન પ્રાપ્ત કરી ચુકયા છે, ત્યારે આજે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી વેળાએ પણ મતદાન મથક પર અન્ય મતદારોની જેમ જ નીતિ નિયમોના પાલન સાથે લાઈનમાં ઉભા રહી મતદાન કર્યું હતું. તેમની આ સાદગીની અન્ય મતદારોએ પણ સરાહના કરી હતી.


# એમેઝોનની પ્રોડક્ટ રિટર્ન કરવામાં ગાંધીધામના મહિલાએ ૪.૯૦ લાખ ગુમાવ્યા

### ઓનલાઈન ગુગલ પરથી કસ્ટમર કેરના નંબર મેળવ્યા હતા

ગાંધીધામ - કચ્છ ઉદય : તાલુકાના શિણાય ખાતે આવેલી નવકાર ગ્રીન સોસાયટીમાં રહેતા મહિલાએ ઓનલાઈન રૂપિયા ગુમાવ્યા હતા. તેમણે એમેઝોનમાંથી વસ્તુ મંગાવી હતી. આ પ્રોડક્ટ રિટર્ન કરવા માટે ગુલ પરથી કસ્ટમર કેરના નંબર મેળવ્યા હતા. જેના પર કોલ કરતા સામાવાળાએ પોતે એમેઝોન કસ્ટમર કેરમાંથી બોલતો હોવાનું જણાવી પ્રોડક્ટર રીટર્ન કરવા માટે વોટ્સએપ કોલ, વીડિયો કોલ કરી પોર્ટ લખીને ૧૯૦૦ નંબર મેસેજ આપતા ફરિયાદીનો મોબાઈલ બંધ થઈ ગયો અને આરોપીએ ગુગલ-પે માંથી ૪,૯૦,૦૩૫ રૂપિયા ઉપડી ગયા હતા. જેથી આદિપુર પોલીસમાં ગુનો દાખલ કરાવ્યો હતો.

# અંતરજાળના ૧૦૦ વર્ષની ઉમંરે મતદાન કરી યુવાનો માટે પ્રેરણા

ગાંધીધામ - કચ્છઉદય : અંતરજાળ વિસ્તારમાં ૧૦૨ વર્ષના વૃદ્ધ માજીએ મતદાન કરીને લોકશાહી પ્રત્યેનો અનોખો ઉત્સાહ દર્શાવ્યો છે. ઉંમરનાં પડાવે પણ તેઓ મતદાન મથકે પહોંચ્યા અને પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. મતદાન બાદ તેમણે યુવાનોને સંદેશ આપ્યો કે, દરેક નાગરિકે મતદાન કરવું એ પોતાનો અધિકાર જ નહીં પરંતુ ફરજ પણ છે. તેમના આ શબ્દો અને જજબો યુવા પેઢી માટે મોટી પ્રેરણા બની રહ્યા છે. આ ઘટના એ સાબિત કરે છે કે ઉંમર માત્ર આંકડો છે, જો ઈચ્છા મજબૂત હોય તો



કોઈ પણ કાર્ય અશક્ય નથી. લોકશાહી મજબૂત બનાવવા માટે દરેક મતદાતા આગળ આવે તે જ સમયની માંગ છે.

## પહેલા પાનાથી...

**કચ્છમાં લોકશાહીના**

પોતાનો પ્રકોપ વરસાવે તે પહેલા જ લોકોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી લેવાનું ઉચિત માન્યું હતું, જેના કારણે વહેલી સવારે સાત વાગ્યે મતદાન શરૂ થતાની સાથે જ ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોના મતદાન મથકો પર મતદારોની લાંબી કતારો જોવા મળી હતી. સવારના પ્રથમ બે થી ત્રણ કલાકોમાં મતદારોનો ધસારો એટલો વધુ હતો કે જાણે લોકોએ ગરમી વધે તે પૂર્વે જ લોકશાહી પ્રત્યેની પોતાની ફરજ અદા કરવાનું મન બનાવી લીધું હોય. જોકે, બપોરે બાર વાગ્યાના અરસામાં તાપમાનનો પારો વધતા મથકો પર ભીડમાં થોડો ઓટ જોવા મળ્યો હતો, પરંતુ સાંજ સુધીમાં ફરી આ આંકડો વધવાની પૂરેપૂરી શક્યતા છે.વહીવટી તંત્ર દ્વારા મતદારોની સુવિધા અને શાંતિપૂર્ણ મતદાન માટે અભૂતપૂર્વ આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગ મતદારોને કોઈ તકલીફ ન પડે તે માટે તમામ મતદાન મથકો પર વ્હીલચેર સહિતની વ્યવસ્થાઓ ઉપલબ્ધ કરાવી છે. આ ઉપરાંત પ્રખર ગરમીને ધ્યાને રાખીને જ મતદાનનો સમય સવારે સાતથી સાંજે છ વાગ્યા સુધી લંબાવવામાં આવ્યો છે જેથી લોકો અનુકૂળતા મુજબ મતદાન કરી શકે. આ સમગ્ર પ્રક્રિયાને સફળ બનાવવા માટે ૮૯૫૪ પોલિંગ સ્ટાફ, ૫૩૬૧ પોલીસ કર્મચારીઓ અને ૨૩૪ જોનલ તથા મદદનીશ જોનલ અધિકારીઓ સહિત કુલ ૧૪ હજારથી વધુ કર્મચારીઓ ખડેપગે ફરજ બજાવી રહ્યા છે.

ચૂંટણીમાં ઈવીએમ અને ટેકનિકલ સ્ટાફની સજ્જતા પણ ઉડીને આંખે વળગે તેવી છે. વિવિધ સંસ્થાઓની ચૂંટણી માટે કુલ ૪,૦૪૨ બેલેટ યુનિટ અને ૩,૮૧૧ કંટ્રોલ યુનિટનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જેમાં તાલુકા પંચાયત માટે ૧૬૫૩ બેલેટ યુનિટ અને ૧૬૪૯ કંટ્રોલ યુનિટ, જિલ્લા પંચાયત માટે ૧૫૨૮ બેલેટ યુનિટ અને ૧૫૨૮ કંટ્રોલ યુનિટ, ગાંધીધામ મહાનગરપાલિકા માટે ૩૫૨ બેલેટ યુનિટ અને ૨૭૩ કંટ્રોલ યુનિટ તથા પાંચ નગરપાલિકાઓ માટે ૫૦૯ યુનિટ અને ૩૬૧ કંટ્રોલ યુનિટ દ્વારા શાંતિપૂર્ણ રીતે મતદાન પ્રક્રિયા ચાલી રહી છે.

કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે પોલીસ દળ પણ સંપૂર્ણ રીતે સજ્જ જોવા મળ્યું છે. જિલ્લાના કુલ ૧૮૬૬ મતદાન મથકોમાંથી ૫૧૮ મથકોને સંવેદનશીલ જ્યારે ૨૧ મથકોને અતિ સંવેદનશીલ જાહેર કરી ત્યાં વિશેષ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. સુરક્ષા વ્યવસ્થાના સુપરવિઝન માટે ચાર નાયબ પોલીસ અધિક્ષક, ૨૫ પોલીસ ઈન્સ્પેક્ટર, ૪૫ સબ ઈન્સ્પેક્ટર અને ૧૨૧૭ જવાનો સતત પેટ્રોલિંગ કરી રહ્યા છે. પોલીસ દળને સહકાર આપવા માટે ૧૨૩૯ હોમગાર્ડ અને જીઆઈડીના જવાનોને પણ વિવિધ મથકો પર તૈનાત કરાયા છે. મધ્યાહન સમયે ગરમીના કારણે મથકો પર શાંતિ જણાઈ રહી હોય, પરંતુ મોડી સાંજ સુધીમાં મતદાનની ટકાવારીમાં મોટો વધારો થવાની આશા રાજકીય વિશ્લેષકો સેવી રહ્યા છે.

**સવાયા કચ્છી**

: વિકાસની સાથે કચ્છની પ્રાકૃતિક સુંદરતા વિશે વાત કરતા વડાપ્રધાને જણાવ્યું હતું કે, કચ્છ અત્યારે યાયાવર પક્ષીઓ, ખાસ કરીને રાજ્ય પક્ષી સુરખાબ (ફ્લેમિંગો) માટે મનપસંદ આશ્રયસ્થાન બન્યું છે. લાખોની સંખ્યામાં આવતા આ પક્ષીઓ કચ્છના રણને કુદરતી સૌંદર્યથી ભરી દે છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જે રીતે કચ્છના વિકાસ અને પર્યાવરણના સમન્વયને રાષ્ટ્રીય સ્તરે બિરદાવ્યો છે, તેનાથી સમગ્ર કચ્છ જિલ્લામાં અને રણ પ્રદેશના લોકોમાં હર્ષની લાગણી ફેલાઈ છે. ફરી એકવાર સાબિત થયું છે કે વડાપ્રધાનના હૃદયમાં કચ્છ હંમેશા એક વિશેષ સ્થાન ધરાવે છે.

**હર્ષ સંઘવીએ**

ત્યારે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ લોકશાહીના મહાપર્વમાં સહભાગી થઈ સુરતના ઈચ્છાપોર સ્થિત કેન્દ્રીય વિદ્યાલય મતદાન મથક ખાતે પોતાના પરિવાર સાથે મતદાન કર્યું હતું અને મતાધિકારનો ઉપયોગ કરી નાગરિક તરીકેની પવિત્ર ફરજ અદા કરી હતી. તેમણે મતદારો સાથે સંવાદ કરી લોકશાહીના ઉત્સવમાં તેમની સહભાગિતાને બિરદાવી હતી અને પ્રોત્સાહિત કર્યા હતા. સંઘવીએ કહ્યું કે, રાજ્યમાં સવારથી જ શાંતિપૂર્ણ અને ઉત્સાહજનક માહોલમાં મતદાન પ્રક્રિયા ચાલી રહી છે. મજબૂત લોકશાહી, સમાજ અને રાષ્ટ્ર નિર્માણ માટે મતદાન કરવું એ દરેક જાગૃત નાગરિકની પ્રાથમિક અને પવિત્ર ફરજ છે. લોકશાહીની સફળતાનો આધાર નાગરિકોની સક્રિય ભાગીદારી પર રહેલો છે, ત્યારે વધુમાં વધુ મતદાન કરી લોકશાહીના આ પર્વમાં સહભાગી થવા પ્રત્યેક મતદારને તેમણે અપીલ કરી હતી. નાયબ મુખ્યમંત્રી અને તેમના ધર્મપત્ની શ્રીમતી પ્રાચી સંઘવીએ સજોડે મતદાન કર્યા બાદ વડીલ મતદારો સાથે આત્મીય સંવાદ કરી તેમના આશીર્વાદ મેળવ્યા હતા.

**સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં**

જિલ્લા પંચાયતો અને ૨૬૦ તાલુકા પંચાયતો માટે આજે યોજાયેલી ચૂંટણીમાં મોટાભાગના વિસ્તારોમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી ટક્કર જામશે. રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે આજે યોજાયેલ મતદાનમાં શાંતિપૂર્ણ રીતે મતદાન યોજાઈ અને કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે રાજ્યમાં આવેલ તમામ મતદાન મથકો ઉપર સઘન સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. મતદાન મથકો પર અને કાયદો અને વ્યવસ્થા ની પરિસ્થિતિ માટે સ્થાનિક પોલીસ જવાનો ને ફરજ ઉપર તૈનાત કરવામાં આવ્યા છે.

**વિકાસની રાજનીતિના**

મતદાન કર્યું હતું. પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે ગુજરાતની જનતા છેલ્લા ઘણા વર્ષોથી વિકાસની રાજનીતિને સમર્થન આપતી આવી છે અને આ ચૂંટણીમાં પણ ભાજપને ગુજરાતની જનતાના આશીર્વાદ મળશે. તેમણે વિકાસની રાજનીતિ ના વિજય અંગે પોતાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો અને સાથે જ તમામ નાગરિકોને લોકશાહી ના આ પર્વ માં ઉત્સાહભેર ભાગ લઈ ૧૦૦% મતદાન કરવા માટે અપીલ કરી હતી. રાજ્યમાં આજે યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા તેમના પરિવાર સાથે અને સમર્થકો સાથે પોતાના નિવાસ્થાનેથી ઠક્કરબાપા નગર ખાતે આવેલ મતદાન મથક ઉપર મતદાન આપવા માટે પહોંચ્યા હતા.પ્રદેશ ભાજપ જગદીશભાઈ વિશ્વકર્મા અને તેમના પરિવારે ઠક્કરબાપા નગર ખાતે આવેલ મતદાન મથક પર મતદાન કર્યું હતું.

# અંજાર તાલુકા પંચાયતની ૧૯ બેઠકો માટે મતદાનનો ધમધમાટ





ભીમાસર તાલુકા પંચાયતની બેઠકના ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો સરપંચની સાથે દ્રશ્યમાન થાય છે.

### ગ્રામીણ મતદારોમાં લોકશાહીનો અનેરો ઉત્સાહ : વીરા બેઠક બિનહરીફ થયા બાદ ૧૯ બેઠકો પર ૪૮ ઉમેદવારો મેદાનમાં : ૧૩ બેઠકો પર ભાજપ-કોંગ્રેસ વચ્ચે ખરાખરીનો જંગ : બે કલાકમાં ૭.૨૫ ટકા મત પડયા

અંજાર - કચ્છઉદય : અંજાર તાલુકા પંચાયતની ચૂંટણી માટે આજે વહેલી સવારથી જ મતદાન પ્રક્રિયાનો શાંતિપૂર્ણ રીતે પ્રારંભ થયો છે. અંજાર તાલુકા પંચાયતની કુલ ૨૦ બેઠકો પૈકી વીરા બેઠક પર ભાજપના ઉમેદવાર અગાઉ જ બિનહરીફ વિજેતા જાહેર થયા હોવાથી, બાકી રહેલી ૧૯ બેઠકો પર આજે સવારના સાત વાગ્યાથી મતદારો પોતાના પ્રતિનિધિને ચૂંટવા માટે મતાધિકારનો ઉપયોગ કરી રહ્યા છે. ગ્રામીણ વિસ્તારોમાં ખેતીકામની સીઝન અને વધતી ગરમી વચ્ચે પણ સવારના સમયે મતદાન મથકો પર લાંબી કતારો જોવા મળી હતી. સવારના સાતથી નવ વાગ્યા દરમ્યાન ૭.૨૫ ટકા મતદાન નોંધાયું હતું.

અંજાર તાલુકાની ૧૯ બેઠકો પર કુલ ૪૮ ઉમેદવારો પોતાનું નસીબ અજમાવી રહ્યા છે. આ ચૂંટણીમાં સૌથી વધુ રસાકસી ૧૩ બેઠકો પર જોવા મળી રહી છે જ્યાં ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો વચ્ચે સીધી ટક્કર છે. ખાસ કરીને અંજારની વીડી બેઠક ચર્ચાના કેન્દ્રમાં છે, કારણ કે અહીં ચાર ઉમેદવારો વચ્ચે જંગ ખેલાઈ રહ્યો છે. આ ઉપરાંત, આ વખતે આમ આદમી પાર્ટીએ પણ ચાર બેઠકો પર પોતાના ઉમેદવારો મેદાનમાં ઉતારીને ચૂંટણી જંગને રસપ્રદ બનાવ્યો છે. અંજાર તાલુકા પંચાયતના ભાવિનો ફેંસલો કરવા માટે કુલ ૯૮,૨૩૬ મતદારો નોંધાયેલા છે. જેમાં ૫૦,૫૦૬ પુરુષ અને ૪૭,૭૩૦ મહિલા મતદારોનો સમાવેશ થાય છે. બપોરના સમયે સૂર્યનારાયણ પ્રકોપ વરસાવી રહ્યા છે, તેમ છતાં ગ્રામીણ મતદારોમાં લોકશાહીના પર્વને લઈ અનેરો ઉત્સાહ જોવા મળ્યો છે. વહીવટી તંત્ર દ્વારા મતદારોની સુવિધા માટે છાંયડો અને પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે, જેનાથી મતદારોને રાહત મળી છે. ચૂંટણી તંત્ર અને પોલીસ વિભાગ દ્વારા સંયુક્ત રીતે ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. તાલુકાના તમામ મતદાન મથકો પર પોલીસ જવાનો ખડેપગે છે





અને પેટ્રોલિંગ ગાડીઓ સતત કાર્યરત છે. અત્યાર સુધી ક્યાંય પણ અનિચ્છનીય બનાવના સમાચાર નથી અને શાંતિપૂર્ણ રીતે મતદાન ચાલી રહ્યું છે. રાજકીય પક્ષોના કાર્યકરો પણ મતદારોને ઘરની બહાર કાઢવા માટે સક્રિય જોવા મળી રહ્યા છે. સાંજે છ વાગ્યે મતદાન પૂર્ણ થયા બાદ તમામ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં કેદ થઈ જશે.

## કચ્છ જિલ્લા પંચાયતમાં ૧૧ વાગ્યા સુધી સરેરાશ ૨૭.૯૨ ટકા મતદાન

| બેઠકનું નામ | કુલ મતદાર | થયેલ મતદાન | ટકાવારી |
|---|---|---|---|
| આધોઈ | ૨૮૧૬૧ | ૬૧૯૬ | ૨૨.૦૦ |
| ભદ્રેશ્વર | ૨૨૫૦૩ | ૬૭૯૩ | ૩૦.૧૯ |
| ભીમાસર ભુટકીયા | ૨૮૯૫૬ | ૬૧૫૩ | ૨૧.૨૫ |
| ભીમાસર ચકાસર | ૨૨૫૨૯ | ૬૭૫૫ | ૨૯.૯૮ |
| ભીરંડીયારા | ૨૬૪૩૫ | ૯૦૧૫ | ૩૪.૧૦ |
| બિદડા | ૨૯૫૪૭ | ૭૪૨૧ | ૨૫.૧૨ |
| ચોબારી | ૨૯૫૦૫ | ૮૩૦૪ | ૨૮.૧૪ |
| દયાપર | ૨૩૦૦૬ | ૮૪૮૯ | ૩૬.૯૦ |
| દિનારા | ૨૦૨૧૬ | ૭૫૫૫ | ૩૭.૫૭ |
| ફતેહગઢ | ૩૦૬૮૭ | ૭૭૯૩ | ૨૫.૪૦ |
| ગઢશીશા | ૨૫૬૯૨ | ૬૧૬૯ | ૨૪.૦૧ |
| ગાગોદર | ૩૦૩૫૧ | ૭૫૯૭ | ૨૫.૦૩ |
| કેરા | ૨૯૭૨૭ | ૭૮૨૩ | ૨૬.૩૨ |
| ખેડોઈ | ૨૪૬૭૦ | ૭૫૧૯ | ૩૦.૪૮ |
| કોડાય | ૩૧૧૪૨ | ૭૫૧૧ | ૨૪.૧૨ |
| કોટડા જડોદર | ૧૮૮૮૪ | ૪૯૧૨ | ૨૬.૦૧ |
| કુકમા | ૨૭૯૬૧ | ૮૯૧૧ | ૩૧.૮૭ |
| માધાપર | ૩૧૨૭૯ | ૬૬૩૬ | ૨૧.૨૨ |
| મોથાળા | ૩૦૮૫૫ | ૮૬૯૪ | ૨૮.૧૮ |
| મોટીભુજપુર | ૧૫૮૮૩ | ૪૯૫૯ | ૩૧.૨૨ |
| નલિયા | ૨૫૪૧૪ | ૭૦૫૦ | ૨૭.૭૪ |
| નાનાકપાયા | ૧૧૧૯૬ | ૩૫૭૨ | ૩૧.૯૦ |
| નારાણપર પસાયતી | ૨૯૭૯૦ | ૮૨૫૭ | ૨૭.૭૨ |
| નેત્રા | ૨૬૯૦૦ | ૭૮૨૭ | ૨૯.૧૦ |
| નિરોણા | ૨૪૨૮૬ | ૯૨૦૨ | ૩૭.૮૯ |
| પલાંસવા | ૨૮૮૫૬ | ૫૭૦૪ | ૧૯.૭૭ |
| પાન્ધ્રો | ૨૦૬૦૩ | ૭૨૪૯ | ૩૫.૧૮ |
| રતનાલ | ૨૬૦૪૬ | ૭૨૪૮ | ૨૭.૮૩ |
| રવમોટી | ૨૭૦૫૦ | ૬૮૯૮ | ૨૫.૫૦ |
| સમાઘોઘા | ૧૬૬૧૯ | ૪૪૩૯ | ૨૬.૭૧ |
| સામખિયાળી | ૨૭૮૪૦ | ૭૩૩૧ | ૨૬.૩૩ |
| સુખપર | ૩૧૫૩૮ | ૭૦૯૫ | ૨૨.૫૦ |
| સુમરાસર (શેખ) | ૨૮૦૫૪ | ૯૫૨૪ | ૩૩.૯૫ |
| તલવાણા | ૨૭૫૩૪ | ૭૪૭૫ | ૨૭.૧૫ |
| વરસામેડી | ૨૪૯૯૧ | ૬૭૬૩ | ૨૭.૦૬ |
| વાયોર | ૨૬૩૭૩ | ૯૧૫૬ | ૩૪.૭૨ |
| વિથોણ | ૨૧૫૩૯ | ૫૯૬૧ | ૨૭.૬૯ |
| કુલ | ૯૫૨૬૧૮ | ૨૬૫૯૯૬ | ૨૭.૯૨ |

## કચ્છની ૯ તાલુકા પંચાયતમાં ૧૧ વાગ્યા સુધી સરેરાશ ૨૮.૦૬ ટકા મતદાન

| તા.પં.નું નામ | કુલ મતદાર | થયેલ મતદાન | ટકાવારી |
|---|---|---|---|
| લખપત | ૪૩૬૦૯ | ૧૫૭૩૮ | ૩૬.૦૯ |
| અબડાસા | ૮૨૬૪૨ | ૨૪૯૦૦ | ૩૦.૧૩ |
| નખત્રાણા | ૯૧૬૦૯ | ૨૭૯૦૨ | ૩૦.૪૬ |
| મુંદરા | ૬૬૨૦૧ | ૧૯૭૬૩ | ૨૯.૮૫ |
| માંડવી | ૯૪૫૫૫ | ૨૪૧૮૦ | ૨૫.૫૭ |
| ભુજ | ૨૦૯૧૦૫ | ૬૦૫૮૭ | ૨૮.૯૭ |
| અંજાર | ૯૩૨૬૭ | ૨૬૭૯૪ | ૨૮.૭૩ |
| ભચાઉ | ૯૬૭૬૬ | ૨૫૧૯૧ | ૨૬.૦૩ |
| રાપર | ૧૪૫૯૦૦ | ૩૪૧૪૫ | ૨૩.૪૦ |
| કુલ | ૯૨૩૬૫૪ | ૨૫૯૨૦૦ | ૨૮.૦૬ |

### તડકાથી બચાવા ઝાડનો સહારો





ધોમધખતા તડકામાં વરલી લોકો મતદાન માટે લાગ્યા કતારમાં અમુક તો તડકાથી બચવા માટે ઝાડની છાયાનો સહારો લેતા નજરે પડે છે.



**સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીમાં જિલ્લાના મતદારો ઉત્સાહ સાથે મતદાન કરી રહ્યા છે. આદિપુરના ૯૦ વર્ષના વરિષ્ઠ મતદાતા ઈંદુમતિબેને મતદાન કરી લોકશાહી પ્રત્યેની પોતાની ફરજ નિભાવી હતી.**

**સ્ટેશનો પર રોનક, ટ્રેનોમાં 'ચૂંટણી ફીવર'**

## લોકશાહીની 'ઘર વાપસી': કચ્છીઓએ મતદાન માટે માદરે વતન દોટ મૂકી

### ગ્રામીણ વિસ્તારમાંથી ધંધાર્થે શહેરોમાં સ્થાયી થયેલ તેમજ જિલ્લા અને રાજ્ય બહાર વસતા કચ્છીમાડુઓનો જબરો ધસારો : મુંબઈ સહિત દેશ-દેશાવરમાં વસતા કચ્છીજનો મતદાન માટે ટ્રેનો અને ખાનગી લક્ઝરી બસો મારફતે પહોંચ્યા કચ્છ

ભુજ - કચ્છઉદય : સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી એટલે છેવાડાના માણસના અધિકારનું પર્વ. આ પર્વની ઉજવણીમાં આજે કચ્છના તેવા મતદારોએ અનોખો રંગ પૂર્યો છે જેઓ વર્ષોથી રોજગારી કે ધંધાર્થે માટે જિલ્લા અને અન્ય રાજ્યોમાં વસે છે. આજે વહેલી સવારથી જ મુંબઈ, સુરત, અમદાવાદ અને અન્ય શહેરોમાંથી આવતી ટ્રેનો અને ખાનગી લક્ઝરી બસોમાં કચ્છી માડુઓનો જબરો ધસારો જોવા મળ્યો હતો, જેઓ માત્ર અને માત્ર પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા માટે વતનમાં પ હોંચ્યા છે.

આ અંગેની વિગતો મુજબ કચ્છના ગામડાઓમાં આજે એક અલગ જ માહોલ જોવા મળી રહ્યો છે. મુંબઈ જેવા મેટ્રો શહેરોમાં સ્થાયી થયેલા પરિવારો આજે સવારે ટ્રેન મારફતે ગાંધીધામ અને ભુજ રેલવે સ્ટેશને ઉતર્યા ત્યારે તેમના ચહેરા પર પોતાના ગામ માટે કંઈક કરી છૂટવાનો આનંદ હતો. આ મતદારોનું કહેવું છે કે, "અમે ભલે બહાર હોઈએ, પણ અમારા મૂળિયાં તો અહીં જ છે. ગામડાના રસ્તા, પાણી અને પ્રાથમિક સુવિધાઓ કેવી હશે, તે નક્કી કરવામાં અમારો એક મત પણ કિંમતી છે. ખાસ કરીને અબડાસા, નખત્રાણા, વાગડ સહિતના વિસ્તારોમાં મુંબઈગરા કચ્છીઓનો જમાવડો એકઠો થયેલો જોવા મળ્યો હતો.

આજે સવારે મુંબઈથી આવેલી કચ્છ એક્સપ્રેસ અને સયાજીનગરી જેવી ટ્રેનોમાં ખાસો ધસારો જોવા મળ્યો હતો. મુસાફરોમાં લોકશાહી પ્રત્યેની જાગૃતિ એટલી હતી કે ટ્રેનમાં પણ મુસાફરો વચ્ચે પોતાના વિસ્તારના ઉમેદવારો અને વિકાસના મુદ્દાઓ પર ચર્ચાઓ જામી હતી. માત્ર વડીલો જ નહીં, પણ બહાર રહીને આઈટી કે અન્ય પ્રોફેશનલ ક્ષેત્રે કાર્યરત યુવા મતદારો પણ ડિજિટલ યુગમાં પ્રત્યક્ષ મતદાન કરવા પહોંચ્યા છે. જિલ્લાના અન્ય વિસ્તારોમાં સ્થાયી થયેલા લોકો અને વ્યાપારીઓ પણ રજા લઈને પોતાના મતક્ષેત્રમાં જઈ પવિત્ર ફરજ નિભાવી રહ્યા છે.

બહારથી આવેલા આ મહેમાન-મતદારોને કારણે સ્થાનિક ઉમેદવારોમાં પણ જોમ વધ્યું છે. ગામડાઓમાં બહારથી આવેલા સ્નેહીજનોનું સ્વાગત કરવાની સાથે તેમને મતદાન મથક સુધી લઈ જવાની વ્યવસ્થાઓ પણ જોરશોરથી ચાલી રહી છે. સાંજ સુધીમાં બહારના મતદારોના કારણે મતદાનની ટકાવારીમાં મોટો ઉછાળો આવે તેવી પૂરેપૂરી શક્યતા છે.


## છેલ્લા પાનાનું ચાલુ..

**ભુજ તાલુકાના ગ્રામીણ**

અપક્ષ ઉમેદવારોએ ઝંપલાવતા ચૂંટણી જંગ વધુ રસપ્રદ બન્યો છે. ગ્રામીણ સંસ્કૃતિની પરંપરા મુજબ ગામડાના મતદારો હંમેશા વહેલી સવારે પોતાનું મતદાન પૂર્ણ કરવાનું પસંદ કરતા હોય છે. આ પરંપરા આજે પણ જળવાયેલી જોવા મળી હતી, જેમાં સવારે સાત વાગ્યે મતદાન મથકો ખુલતાની સાથે જ ગ્રામીણ મતદારોની લાંબી કતારો મથકોની બહાર નજરે પડતી હતી. સૂર્યનારાયણનો તાપ વધે અને બપોરની ગરમી શરૂ થાય તે પૂર્વે જ મોટાભાગના લોકોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી લેવાનું મુનાસીબ માન્યું હતું. ભુજ તાલુકા પંચાયતના કાર્યક્ષેત્ર હેઠળ આવતા વિવિધ ગામોમાં લોકશાહી પ્રત્યેની જાગૃતિ અને પવિત્ર મતાધિકારના ઉપયોગ માટેનો ઉત્સાહ ઉડીને આંખે વળગે તેવો હતો.

આંકડાકીય વિગતો મુજબ, ભુજ તાલુકા પંચાયતની આ ચૂંટણીમાં કુલ ૨,૦૯,૧૦૫ મતદારો નોંધાયેલા છે, જેઓ પોતાના પસંદગીના પ્રતિનિધિને ચૂંટવા માટે તૈયાર છે. આ મતદારોમાં ૧,૦૭,૧૨૮ પુરુષ મતદારો અને ૧,૦૧,૯૭૭ મહિલા મતદારોનો સમાવેશ થાય છે. મહિલા મતદારોમાં પણ વહેલી સવારથી જ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને ગ્રામીણ વિસ્તારોના મથકો પર મહિલાઓની પણ મોટી ભીડ જામી હતી. મતદાન મથકો પર કોઈપણ પ્રકારની ગેરરીતિ ન થાય અને શાંતિપૂર્ણ માહોલ જળવાઈ રહે તે માટે પોલીસ વિભાગ દ્વારા ચુસ્ત બંદોબસ્ત તૈનાત કરવામાં આવ્યો છે. વહીવટી તંત્ર દ્વારા તમામ મથકો પર સુચારુ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે જેથી મતદારોને કોઈ પણ મુશ્કેલી વગર પોતાની બંધારણીય ફરજ અદા કરવામાં સરળતા રહે. ચૂંટણી જંગની વાત કરીએ તો, તાલુકા પંચાયતની આ ૩૦ બેઠકોના પરિણામો ભવિષ્યની ગ્રામીણ રાજનીતિની દિશા નક્કી કરશે. ભુજ તાલુકાના ગામડાઓમાં આજે ખેતી અને પશુપાલન જેવા કામો બાજુએ મૂકીને લોકો લોકશાહીના આ પર્વમાં ભાગીદાર બની રહ્યા છે, જે એક સુદ્રઢ લોકશાહીના સંકેત આપે છે. સાંજે મતદાન પૂર્ણ થયા બાદ તમામ ૭૨ ઉમેદવારોનું રાજકીય ભાવિ ઈવીએમ મશીનમાં કેદ થઈ જશે.


# માંડવી તાલુકા પંચાયતની ૧૭ બેઠકો માટે ઉત્સાહભેર મતદાન











### ૧.૧૩ લાખથી વધુ મતદારો મતાધિકારનો કરી રહ્યા છે ઉપયોગ : ગરમી વચ્ચે પણ લોકશાહીનો પર્વ ઉજવવા ગ્રામ્ય મતદારોમાં ઉત્સાહ જોવા મળ્યો : ધીમી ગતિએ મતદાન શરૂ થતા બે કલાકમાં ૭.૫૭ ટકા મત પડયા

માંડવી - કચ્છઉદય : માંડવી તાલુકા પંચાયતની ચૂંટણી જંગમાં આજે મતદાન પ્રક્રિયાની વિધિવત પ્રારંભ થયો છે. તાલુકા પંચાયતની કુલ ૨૦ બેઠકો પૈકી નાની વિરાણી, બીદડા-૨ અને બાયઠ એમ ૩ બેઠકો પર ભાજપના ઉમેદવારો બિનહરીફ જાહેર થયા બાદ આજે બાકી રહેલી ૧૭ બેઠકો માટે મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. સવારના સાત વાગ્યાથી જ તાલુકાના વિવિધ મતદાન મથકો પર મતદારોની ચહલપહલ જોવા મળી રહી છે. એપ્રિલ માસની કાળઝાળ ગરમી વચ્ચે પણ ગ્રામીણ વિસ્તારોમાં મતદારોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સવારે ધીમી ગતિએ મતદાનનો પ્રારંભ થતા પ્રથમ બે કલાકમાં ૭.૫૭ ટકા મત પડયા હતા. જયારે બપોર સુધીમાં નોંધપાત્ર મતદાન નોંધાયું છે. તાલુકાની ગઢશીશા જિલ્લા પંચાયત બેઠક, તાલુકા પંચાયત બેઠક પરના શાંતિપૂર્ણ મતદાન ચાલી રહ્યું છે. દેવપર, મઉં, નાની મઉં, મોટી મઉં, રત્નાપર, મકડા, કોટડી, પોલડિયા, નાગ્રેચા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં મતદારોએ શાંતિપૂર્ણ મતદાન પ્રક્રિયામાં ભાગ લીધો હતો. સવારના ૧૦ વાગ્યા સુધી સરેરાશ ૧૭ ટકા જેટલું મતદાન થયું હતું. અસહ્ય ગરમીના કારણે મતદાનરોમાં નિરસતા જોવા મળી હતી. ગઢશીશા જિલ્લા પંચાયત બેઠક પર મેઘબાઈ ગઢવી, અલ્પાબેન ગોસ્વામી, અંકિતગિરિ ગોસ્વામી, વિનેશગર ગોસ્વામી, પાલાભાઈ રબારી, પન્નાભાઈ રબારી, બળવંતસિંહ જાડેજા, જશપાલસિંહ જાડેજા સહિતના ઉમેદવારોએ મતદાન કર્યું હતું.

માંડવી તાલુકાના આ રાજકીય જંગમાં કુલ ૧,૧૩,૦૦૦ થી વધુ મતદારો પોતાના પ્રતિનિધિને ચૂંટવા માટે મતાધિકારનો ઉપયોગ કરી રહ્યા છે, જેમાં ૫૭,૯૦૯ પુરુષ અને અંદાજે ૬૮,૦૦૬ મહિલા મતદારોનો સમાવેશ થાય છે. આ ચૂંટણીમાં મોટાભાગની બેઠકો પર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી ટક્કર જોવા મળી રહી છે, જેના કારણે પ્રત્યેક મતની કિંમત વધી ગઈ છે. જોકે, કાઠડા અને રામપર જેવી બેઠકો પર આમ આદમી પાર્ટી અને અપક્ષ ઉમેદવારોએ પણ ઝંપલાવ્યું હોવાથી જંગ ત્રિપાંખિયો અને વધુ રસપ્રદ બન્યો છે. ચૂંટણી તંત્ર દ્વારા મતદાન મથકો પર મતદારો માટે પીવાનું પાણી અને છાયડાની સુવિધા કરવામાં આવી છે જેથી વધતા તાપમાનમાં પણ લોકો શાંતિથી મતદાન કરી શકે. સુરક્ષાના કડક બંદોબસ્ત વચ્ચે અત્યાર સુધી મતદાન પ્રક્રિયા સંપૂર્ણપણે શાંતિપૂર્ણ રહી છે. બપોરના સમયે ગરમીને કારણે મતદાનમાં થોડો વિરામ જોવા મળ્યો હતો, પરંતુ સાંજ પડતા ફરીથી મતદારોની લાંબી કતારો લાગવાની શક્યતા છે. આજે ઈવીએમમાં કેદ થનારા આ મતો આગામી દિવસોમાં માંડવી તાલુકા પંચાયતનું સત્તાનું સુકાન કોના હાથમાં જશે તે નક્કી કરશે.

# રાપર તાલુકા અને જિ.પંચાયતની ચૂંટણી: ૧૯૯ મતદાન મથકો પર જંગ જામ્યો





### જિલ્લા પંચાયતની પાંચ અને તાલુકા પંચાયતની ૨૪ બેઠકો પર સવારના તબક્કે ધીમું મતદાન : પ્રથમ બે કલાકમાં માત્ર ૯.૮૦ ટકા મત પડયા

રાપર - કચ્છઉદય : કચ્છ જિલ્લાના રાપર તાલુકામાં આજે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો ગરમાવો જોવા મળી રહ્યો છે. તાલુકા પંચાયતની કુલ ૨૪ બેઠકો માટે મેદાનમાં ઉતરેલા ૬૬ ઉમેદવારોનું ભાવિ નક્કી કરવા માટે આજે સવારે ૭ વાગ્યાથી મતદાનનો પ્રારંભ થઈ ચૂક્યો છે. પ્રથમ બે કલાકમાં ૯.૮૦ ટકા મતદાન થયું હતું.

આજે વહેલી સવારથી શરૂ થયેલા મતદાનમાં પ્રારંભિક તબક્કે મતદારોમાં ખાસ ઉત્સાહ જોવા મળ્યો ન હતો. તાલુકા પંચાયતની ૨૪ બેઠકોની સાથે-સાથે તાલુકામાં સમાવિષ્ટ જિલ્લા પંચાયતની પાંચ બેઠકો માટે પણ મતદાન પ્રક્રિયા શરૂ થઈ છે, પરંતુ શરૂઆતના કલાકોમાં મતદાન મથકો પર મતદારોની પાંખી હાજરી સાથે 'નીરસ માહોલ' જોવા મળ્યો હતો.

ચૂંટણી પ્રક્રિયા



શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે વહીવટી તંત્ર દ્વારા રાપર તાલુકાના કુલ ૧૯૯ મતદાન મથકો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. સંવેદનશીલ મથકો પર ખાસ દેખરેખ રાખવામાં આવી રહી છે. રાપર તાલુકાના આ ચૂંટણી જંગમાં પુરુષ મતદારો ૭૮,૭૬૬ અને સ્ત્રી મતદારો ૬૭,૧૩૪ મળી કુલ ૧,૪૫,૯૦૦ મતદારો નોંધાયેલા છે, જેમના મતાધિકાર પર ઉમેદવારોની જીતનો દારોમદાર છે. મતદાન પ્રક્રિયા આજે સાંજે ૬ વાગ્યા સુધી ચાલશે. જેમ જેમ દિવસ ચઢશે તેમ મતદાનની ટકાવારીમાં વધારો થવાની શક્યતા સેવાઈ રહી છે. સવારે ૭ થી ૯ વાગ્યા સુધી ૯.૮૦ ટકા જ મત પડતા રાજકીય પક્ષો પણ થોડા અચરજમાં મુકાયા હતા. વધુમાં વધુ મતદાન થાય તે માટે પણ પ્રયાસો નજરે ચડયા હતા.

### સાંઘી જેટી ક્રિક વિસ્તારમાંથી ડ્રગ્સના ૧૮ પેકેટ મળ્યા

ભુજ - કચ્છ ઉદય : કચ્છના દરિયાઈ વિસ્તારમાંથી ફરી એક વખત ડ્રગ્સના બિનવારસુ પેકેટ મળી આવવાનો સીલસીલો શરૂ થયો છે. અબડાસા તાલુકાના સાંઘી જેટી ક્રીક વિસ્તારમાંથી ત્રણ દિવસ દરમિયાન બીએસએફને ૧૮ પેકેટ મળી આવ્યા છે. હજુ પણ વધુ પેકેટ તણાઈને આવશે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હાલમાં વૈશાખમાં વેગીલો પવન ફુંકાઈ રહ્યો છે ત્યારે દરિયા કિનારે તણાઈને પેકેટો આવી રહ્યા છે. આગામી સમયમાં હજુ પેકેટ તણાઈને આવશે. દર વખતે આ સિઝનમાં મોટી સંખ્યામાં ડ્રગ્સના પેકેટ તણાઈને આવે છે. ગત વર્ષે આવેલા પેકેટો બાબતે તાજેતરમાં ગુના પણ દાખલ કરવામાં આવ્યા હતા.

### લાકડિયામાં આવેલી કંપનીમાંથી ૧૭ હજારના મુદ્દામાલની ચોરી

ભુજ - કચ્છ ઉદય : ભચાઉ તાલુકાના લાકડિયામાં મીના કંપનીની અંદર એમએમપી વિભાગમાંથી ચોરી કરવામાં આવી હતી. ફરિયાદી જયપાલ યોગેશભાઈ શાહના જણાવ્યા પ્રમાણે કંપનીમાં કામ કરતા તૌફિક પીરમામદ સોલંકી, અસલમ ઈશાક કુંભાર અને જાહીર ઉમર રાઉમાએ ભેગા મળી ફાયર બ્રીક્સની ઈંટો બનાવવાના બીબામાં વપરાતી ૧૭૦ કિલોની પ્લેટ કિંમત રૂા.૧૭ હજારના મુદ્દામાલની ચોરી કરી હતી. જેથી લાકડિયા પોલીસે ગુનો દાખલ કર્યો છે.




## છેલ્લા પાનાનું ચાલુ.. ગાંધીધામ મનપાની પ્રથમ




કર્મચારીઓ તથા પોલીસતંત્ર સહિતનો બંદોબસ્ત પણ ખડેપગે ચુસ્ત રહેવા પામ્યો હતો.

## અવસાન નોંધ

**અંજાર** : મૂળ સતાપરના સુરેશ વોરાણી (ઉ.વ. ૮૩) તે મીઠાબાઈ રતનસિહ વોરાણીના પુત્ર, સ્વ. ભારતીબેનના પતિ, સ્વ. હીરબાઈ વેલજીભાઈ સોમેશ્વરના જમાઈ, ચેતન (અંજાર), ભાવના (મુંબઈ), હિના (ભુજ), પિંકી (મુંબઈ), ભકિત (અંજાર)ના પિતા, તૃપ્તિ, ઈમ્તિયાઝ ચોગલે (મુંબઈ), કિશોર રાયમંગીયા (ભુજ) ,દર્શન કોઠારી (મુંબઈ), બિપીન પલણ (અંજાર)ના સસરા, સ્વ. મૂળરાજ, સ્વ. દિનેશ, સ્વ. વિનોદ, ગિરીશના ભાઈ, પરી, પલકના દાદા, સોયબ, શાયમા, રીચા, દર્શન,યશ, પરીન, શ્લોકના નાનાબાપા તા. ૨૦-૪ના અવસાન પામ્યા છે. બેસણુ રાખેલ નથી. સંપર્ક ચેતન - ૯૭૨૭૮ ૨૩૬૩૬, તૃપ્તિ - ૯૧૦૬૨ ૭૪૯૭૬.

**આદિપુર** : પુષ્પા બોધા (ઉ.વ. ૭૬) તે સ્વ. કેશવ બોધાના પત્ની, પ્રીતિ, નિર્મલ, અશ્વિન અને પ્રદિપના માતા, આરતી, રચના, રાજેશ થાનવીના સાસુ તા. ૨૩-૪ના અવસાન પામ્યા છે. પાઘડી તા. ૨૬-૪ના રવિવારે સાંજે ૬થી ૬:૩૦ પુષ્કર્ણા વાડી, પ્લોટ નં. ૨૩૯, વોર્ડ-૨/બી, મધુબન સ્વીટ પાસે, આદિપુર ખાતે.

**ભુજ** : બબીબેન (ઉ.વ. ૮૫) તે બાબુભાઈ સથવારાના પત્ની, બકુલભાઈ, જગદીશભાઈ, સપતભાઈ, વિજયભાઈ, ગણપતભાઈ તથા રશ્મિબેનના માતા, ઉષાબેન, નાગુબેન, ભગવતીબેન, સીતાબેન, સમજુબેનના સાસુ તા. ૨૫-૪ના અવસાન પામ્યા છે. ઉઠમણું તા. ૨૭-૪ના સવારે ૧૧થી ૧૨ તેમના નિવાસસ્થાન સથવારાવાસ ભુજ ખાતે.

**ભુજ** : અબ્દુલ યુસુફ શેખ (ઉ.વ. ૮૬) તે ઓસમાન ગની, કાસમના પિતા, સાલેમામદ, મ. યુનુસ, મ. મામદના મોટા ભાઈ, આદમ ખોડ, દાઉદ ખોડ, સિધિક ખોડ, મેમુદ ખોડના મામા, અજિજ ખોખર (અંજાર)ના સસરા તા. ૨૫-૪ના અવસાન પામ્યા છે. તાજિયત રવિ, સોમ, મંગળવાર એમ ત્રણ દિવસ સુધી નિવાસસ્થાન શાંતાપુરી સલ્ફિયા મસ્જિદ પાસે, ભુજ ખાતે.

**ભુજ** : મેમણ હફીઝાબેન અબ્દુલહમીદ (ધાનવાલા) (ઉ.વ. ૬૮) તે મ. અબ્દુલહમીદ અબ્દુલશકુર મેમણના પત્ની, યુસુફભાઈ (ભાભાશેઠ)ના ભાભી, અફસીન, પરવીન, નૌશીનના માતા, ડો. અશરફ મેમણ, ઝીશાનના સાસુ, અઝીઝાબેન (મુંબઈ), અબ્દુલસતાર આકબાની, મહંમદ સલીમ (યુએસએ)ના બહેન તા. ૨૫-૪ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૨૭-૪ના સોમવારે સવારે ૯થી ૧૦ કચ્છી મેમણ જમાતખાના, ભીડ બજાર મધ્યે (ભાઈ તથા બહેનો માટે).

**વાડાસર (તા. ભુજ)** : દેવસીભાઈ પટેલ (ઉ.વ.૭૨) તે સ્વ. રત્નાબેન લક્ષ્મણ હરજીના પુત્ર. સ્વ. ધનબાઈ કરસનભાઈ ખોડા હાલાઈ (રામપર)ના જમાઈ, હીરબાઈબેનના પતિ, હરીશભાઈ, રાજેશભાઈ, જયેશ્રીબેન કેરાઈ (કેન્યા)ના પિતા, સ્વ. નાનબાઈ, મનજીભાઈ, નારણભાઈ, શિવજીભાઈ, શાંતિલાલ, વાલબાઈ (મેઘપર), ગં. સ્વ. લીલાવંતીબેન (વેકરા)ના મોટા ભાઈ, મનીષ, મોહિત, રોનકના દાદા તા. ૨૩-૪ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૭-૪ના સોમવારે સવારે ૭:૩૦થી ૮:૩૦ ભાઈઓ માટે સ્વામિનારાયણ મંદિર વાડાસર અને બહેનો માટે તેમના નિવાસસ્થાન ખાતે.

**નાગોર (તા. ભુજ)** : લોહાર શબાનાબાનુ યુસુફ લતીફ ઐયરવાલા (ઉ.વ. ૩૧) તે લોહાર રફીક રહેમતુલાના પુત્રી, નૂર મોહમ્મદ અને અબ્દુલગનીના બહેન, હાજી સાલેમોહમદ રહેમતુલ્લાહ, ઈસ્માઈલ રહેમતુલ્લાહ, હનીફ રહેમતુલ્લાહ અને અબ્દુલ જબ્બાર રહેમતુલ્લાહના ભત્રીજી, લોહાર અબ્દુલ ઈસ્માઈલ, મ. સુલેમાન ઈસ્માઈલ, આધમ ઈસ્માઈલ, લતીફ ઈસ્માઈલ, ઈબ્રાહિમ ઈસ્માઈલના ભાણેજી, અલી અકબર, જાવેદ અને હાજીના સાળી તા. ૨૫-૪ના અવસાન પામ્યા છે. તાજિયત શનિ, રવિ, સોમ તા. ૨૫,૨૬,૨૭-૪ સુધી લોહાર રફીક રહેમતુલ્લાહના નિવાસસ્થાને નાગોર ખાતે.

**મોટી ભાડઈ (તા. માંડવી)** : મૂળ બાગના હંસાબા ચાવડા (ઉ.વ. ૬૫) તે સ્વ. કરશનજીના પત્ની, નવુભા, હનુભા, જયેન્દ્રસિંહ, કિરીટસિંહના માતા, રાજેન્દ્રસિંહ, હિતેન્દ્રસિંહ, જયપાલસિંહ, જયદીપસિંહ, લગધીરસિંહ, વીરેન્દ્રસિંહના દાદી તા. ૨૦-૪ના અવસાન પામ્યા છે. બેસણું તથા પ્રાર્થનાસભા તા. ૨૧થી ૨૭-૪ સુધી.

**ગઢશીશા (તા. માંડવી)** : માંજોઠી હાજિયાણી ફાતમાબાઈ હાજી હુસેન (ઉ.વ. ૭૮) તે હજી હુસેન બુઢાના પત્ની, આદમ (મુંદરા), ગની (ગઢશીશા) અને ગફુર (મુંદરા)ના માતા, સિરાજ, સાહિલ, તૌકીર, સમીરના દાદી, અલીમામદ હાજી સુમારના સાસુ, ઝુબેરના નાની, રીઝવાન (ભુજ)ના દાદીસાસુ, અબ્દુલ અલીમામદ (ભુજ), સુલેમાન જુસબ (ભુજ) અને આમદ હાજી મામદ (ગઢશીશા)ના માસી, મ. અબ્દુલ રઝાક જુસબ (મંજલ રેલડિયાવાળા)ના ફઈ તા. ૨૪-૪ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૨૭-૪ના સોમવારે સવારે ૧૦:૩૦થી ૧૧:૩૦ મેમણ જમાતખાના ગઢશીશા ખાતે.

**હમલા મંજલ (તા. માંડવી)** : ખલીફા ફાતિમાબાઈ ફકીરમામદ (ઉ.વ. ૮૫) તે ભચુના માતા, ખલિફા ઉંમર મુસા, ખલિફા આધમ, ખલિફા રમજાન, ખલિફા ઈબ્રાહિમ, ખલિફા હાજી, ખલિફા કાસમ ઓસમાણ અને ખલિફા ફકીરમામદ ઓસમાણના કાકી, ખલિફા અબુભખર અલીમામદ અને ખલિફા મહેબૂબ અબુભખરના સાસુ તા. ૨૫-૪ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૨૭-૪ના સોમવારે સવારે ૧૦થી ૧૧ નિવાસસ્થાન હમલા મંજલ ખાતે.

**દરશડી (તા. માંડવી)** : પુનીત નરોતમભાઈ રંગાણી (ઉ.વ.૩૪) તે જયાબેન નરોતમ માવજીના પુત્ર, સ્વ. વેલબાઈ માવજીના પૌત્ર, હેમલતાબેન શાંતિલાલ, નીમુબેન કલ્યાણજી શામજી રંગાણીના ભત્રીજા, કાજલબેન મિલન વાસાણી (ભુજ), દીક્ષિતાબેન ભાવિન છાભૈયા (ભુજ), પ્રતિક્ષાબેન મોહિત ઠાકરાણી (ગાંધીધામ), રોમીત, હેજલ, હાર્દિકના ભાઈ, સ્વ. મણીબેન રતનશી ભગત (મુંબઈ), મોંઘીબેન જેન્તીલાલ લીંબણી (દેશલપર), શાંતાબેન લખમશી પોકાર (ગઢશીશા), પૂનમબેન દિનેશભાઈ રૂડાણી (મુંબઈ), શારદાબેન ભરતભાઈ વાસાણી (મુંબઈ)ના ભત્રીજા, સ્વ. કેશરબેન ગોવિંદ વાલજી સેંઘાણી (મમાયમોરા)ના દોહિત્ર, મંજુલાબેન ડાયાલાલ, અરૂણાબેન રમેશભાઈ સેંઘાણીના ભાણેજ તા. ૨૪-૪ના અવસાન પામ્યા છે. સાદડી તા. ૨૭-૪ના સવારે ૮:૩૦થી ૧૧ દરશડી લક્ષ્મીનારાયણ સમાજવાડી દરશડી ખાતે.

**પિયાવા (તા. માંડવી)** : શામબાઈ શામજી હાલાઈ (ઉ.વ. ૫૨) (કાંડાગરાવાળા) તે શામજી ખીમજી હાલાઈના પત્ની, રાધાબાઈ ખીમજી હાલાઈના પુત્રવધૂ, અમરબાઈ પ્રેમજી વેકરિયા (નાગલપર)ના પુત્રી, મેહુલ, મનિષ તથા ગીતા સુરેશ રાબડિયાના માતા, દક્ષાબેનના સાસુ, વંસીલ, રક્ષિતના દાદી તા. ૨૫-૪ના અવસાન પામ્યા છે. બેસણું તા. ૨૭-૪ના સોમવારે સવારે ૭થી ૮, સ્થળ શ્રીજી પાર્ક પિયાવા, ભુજ - માંડવી હાઈવે, માંડવી ખાતે.

**વિરાણિયા (તા. મુંદરા)** : મનુબા તખુભા જાડેજા (ઉ.વ. ૭૨) તે સ્વ. તખુભા અખેરાજજીના પત્ની, ભરતસિંહ, નિરૂભાના માતા, મેઘુભા, ધોરૂભા, પ્રેમસંગ, હેમુભા, મહેન્દ્રસિંહ, રાણુભા, રણજિતસિંહ, બહાદુરસિંહ, હેતુભાના કાકી, નટુભા, રણજિતસિંહ, જયપાલસિંહ, મેહુલસિંહના બા, ખેતુભા ભરતસિંહના મોટી મા તા. ૨૪-૪ના અવસાન પામ્યા છે. બેસણું તા. ૨૭-૪ના સોમવારે વિરાણિયા ક્ષત્રિય સમાજવાડી ખાતે.

## મુંબઈની અવસાન નોંધ

કચ્છી વિશા ઓશવાળ જૈન કારાઘોઘાના વસનજી ડુંગરશી શેઠીયા (ઉં.વ. ૮૦) તા. ૨૩-૪ના અવસાન પામ્યા છે. ભાણબાઈ ડુંગરશી મુરજીના પુત્ર. કુસુમબેનના પતિ. ઉમંગ, સ્મિતાના પિતા. દામજી, જેઠાલાલ, બારોઈ રતનબેન લાલજી શીવજી, કારાઘોઘા કસ્તુરબેન લાલજી નેણશી, ભુજપુર ભાવનાબેન અરવિંદ ખીમજી, દેશલપુર મીનાબેન મોહન પ્રેમજીના ભાઈ. કારાઘોઘા હાંસબાઈ મુલજી વિરમના જમાઈ. પ્રાર્થના સુમતિનાથ જિનાલય, ગુજરાતી ક્લબની બાજુમાં, માટુંગા-સે.રે. (ટા. ૩:૩૦ થી ૫).

## કચ્છ કચ્છનોંધ

**કલાવૃંદ ક્લબ**

● કલાવૃંદ ક્લબના ઉપક્રમે સંગીતની બેઠક ફકત સભ્યો માટે તા.૧-૫ના સાંજે ૬ વાગ્યે અશોકભાઈ માંડલિયાના નિવાસસ્થાને ૧૦૧ એ, સંતોષ ટાવર, હોસ્પિટલ રોડ, ભુજ ઈંગ્લીશ સ્કુલ પાસે, તન્ના લેબોરેટરીની ઉપર યોજાશે.

## ભીમાસર છે મક્કમ, ભાજપ સાથે અડીખમ

**ભીમાસર ગામે સ્થાનિક સ્વરાજની ચૂંટણી અનુસંધાને વિશાળ જનસભા યોજાઈ. આગેવાનો દ્વારા ભાજપ ને પ્રચંડ બહુમતી સાથે વિજયી બનાવવા આહવાન કરાયું.**







ગાંધીધામ - કચ્છઉદય : સ્થાનિક સ્વરાજ ચુટણી અતગર્ત અંજાર તાલુકાના ભીમાસર ગામે ભારતીય જનતા પાર્ટીના જિલ્લા તથા તાલુકા પંચાયત ના ઉમેદવારોના સમર્થનમાં જંગી જનસભા યોજાઇ હતી. આ સભામાં ૧૫૦૦ થી વધુ ગ્રામજનો હાજર રહ્યા હતા અને ભાજપની વિકાસની રાજનીતિ સાથે રહેવાનો અને ભાજપ ના ઉમેદવારોને પ્રચંડ બહુમતીથી વિજેતા બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આ જનસભામાં ગુજરાત સરકારના રાજ્યકક્ષાના મંત્રી શ્રી ત્રિકમભાઈ છાંગા, કચ્છ લોકસભાના સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા, કચ્છ જિલ્લા ભાજપના પ્રભારી શ્રી ફલજીભાઈ ચૌધરી, ગુજરાત પ્રદેશ ભાજપના સહ પ્રવક્તા શ્રી મનજીભાઈ આહીર, કચ્છ જિલ્લા ભાજપ ઉપપ્રમુખ શ્રી મુળજીભાઈ મ્યાત્રા, સરહદ ડેરીના ચેરમેન શ્રી વલમજીભાઈ હુંબલ, પ્રદેશ આગેવાન શ્રી અરજણભાઈ રબારી, કચ્છ જિલ્લા ભાજપ ના મંત્રી રૂપલબેન દેસાઇ, ભીમાસર સીટના પ્રભારી શ્રી બાબુભાઈ હુંબલ, અંજાર તાલુકા ભાજપ પ્રમુખ શ્રી બી.એન. આહિર સહિત જિલ્લા તથા તાલુકા સંગઠનના હોદ્દેદારો, પદાધિકારીઓ, આગેવાનો, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.રાજ્ય મંત્રી શ્રી ત્રિકમભાઈ છાંગા એ જણાવ્યું હતું કે જનસેવા અને જનકલ્યાણના અનેક કાર્યો અને ગુજરાતનો સર્વાંગી વિકાસ ડબલ એન્જીન સરકારની સિદ્ધિ છે. સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા એ માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વમાં ચાલી રહેલી વિકાસયાત્રાને વધુ વેગવંતી બનાવવા માટે ભાજપને પ્રચંડ બહુમતીથી વિજયી બનાવવા આહ્વાન કર્યું હતું અને ભીમાસર જીલ્લા પંચાયત સીટના પ્રભારી શ્રી બાબુભાઈ હુંબલે ગામના સર્વાંગી વિકાસ માટે ભાજપ ને પ્રચંડ બહુમતી સાથે જીત અપાવવા ગ્રામજનોને આહ્વાન કર્યું હતું. કચ્છ જિલ્લા ભાજપ ના પ્રભારી શ્રી ફલજીભાઈ ચૌધરી એ જણાવ્યું હતું કે ભીમાસરની સાથે સમગ્ર કચ્છ જિલ્લામાં જન-જનનો ભારતીય જનતા પાર્ટી પરનો અતૂટ વિશ્વાસ અને કાર્યકરોનો ઉત્સાહ જોઈને સ્પષ્ટ જણાય છે કે, આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપાનો સર્વત્ર પ્રચંડ વિજય નિશ્ચિત છે.

## આદિપુરમાં બુધવારે અંધશ્રદ્ધા નિવારણનો કાર્યક્રમ યોજાશે

ગાંધીધામ : ગાંધીધામ આર્ય સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ ઉપક્રમે ડી.એ.વી. પબ્લિક સ્કૂલ,આદિપુરમાં ૧૨૦૦ છાત્ર-છાત્રાઓ અને જાગૃતોમાં અંધશ્રદ્ધા નિવારણનો ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો કાર્યક્રમ તા. ૨૯ મી એપ્રિલે બપોરે ૧૨-૦૦ કલાકે યોજવામાં આવેલ છે. જેમાં જાથાના જયંત પંડયા વ્હેમ, અંધશ્રદ્ધા, ચમત્કારો ઉપર ધારદાર વકતવ્ય આપી વૈજ્ઞાનિક સમજ આપશે.કાર્યક્રમનું વૈજ્ઞાનિક પધ્ધતિથી ઉદઘાટન આર્ય સમાજ ગાંધીધામના પ્રધાન વાચોનિધિ આચાર્ય, ગુરુદત શર્મા, મેનેજર દિપકભાઇ ભટ્ટ, સ્કૂલ સી.ઇ.ઓ. હેતલબેન પરમાર, પ્રિન્સીપાલ દિગંતભાઇ ધોળકીયા, શિક્ષણકાર અને ટ્રસ્ટીઓ હાજર રહેવાના છે.આ કાર્યક્રમ રામબાગ હોસ્પિટલ,સરકારી હોસ્પિટલ પાછળ, પોલીસ સ્ટેશનની બાજુમાં, આદિપુર ખાતે રાખવામાં આવેલ છે.

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 3 | | | | 9 | | |
| | 2 | 7 | 6 | 9 | | | 8 | |
| 4 | | | | | | | 6 | |
| | 1 | | | 8 | 4 | 7 | | |
| 2 | | | 5 | | 1 | | | 8 |
| | | 8 | 9 | 6 | | | 2 | |
| | 6 | | | | | | | 2 |
| | 7 | | | 1 | 8 | 5 | 9 | |
| | | 4 | | | | 8 | | |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 7 | 3 | 5 | 6 | 9 | 1 | 4 | 2 |
| 5 | 2 | 1 | 4 | 7 | 8 | 9 | 3 | 6 |
| 6 | 4 | 9 | 2 | 3 | 1 | 8 | 5 | 7 |
| 7 | 3 | 2 | 9 | 4 | 6 | 5 | 8 | 1 |
| 1 | 8 | 5 | 3 | 2 | 7 | 6 | 9 | 4 |
| 9 | 6 | 4 | 1 | 8 | 5 | 7 | 2 | 3 |
| 3 | 9 | 7 | 8 | 1 | 4 | 2 | 6 | 5 |
| 2 | 1 | 8 | 6 | 5 | 3 | 4 | 7 | 9 |
| 4 | 5 | 6 | 7 | 9 | 2 | 3 | 1 | 8 |



## રત્નકણિકા

**કીર્તિ એ કરેલા સદ્કાર્યોની સુગંધ છે.- સુકરાત**

## પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૨, શા. શાકે. ૧૯૪૮, પા. આદર-૧૩૯૫, મુ. જિલ્કાદ-૧૪૪૮, જૈન વીર સં.-૨૫૫૨, કચ્છી સં. ૨૦૮૨, વૈશાખ સુદ-૧૦, તા.૨૬ એપ્રિલ ૨૦૨૬, રવિવાર, પારસી તા.૧૫, મુસ્લિમ તા.૮, મઘા નક્ષત્ર, વૃધ્ધિ યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૨૩, સૂ.અ.૭:૧૫

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

## આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

**મેષ** : ખટપટમાં ન પડવું હિતાવહ. મનમાં અશાંતિ રહે.

**વૃષભ** : અણધાર્યો લાભ મળે. કાર્યમાં સફળતા મળે.

**મિથુન** : મનમાં મૂંઝવણ રહે. વ્યર્થ દોડા-દોડી રહે.

**કર્ક** : આર્થિક લાભના યોગ છે. ધીરજ અને ખંતથી કાર્ય કરવું.

**સિંહ** : આરોગ્ય અંગે સાવચેતી રાખવી. નાણાંકીય પરિસ્થિતિ સુધરે.

**કન્યા** : માનસિક ચિંતા હળવી બને. ખર્ચ ઉપર કાબુ રાખવો.

**તુલા** : વેપાર-વાણિજ્યને લગતા કાર્યોમાં સફળતા મળે.

**વૃશ્ચિક** : પ્રવાસ-પર્યટનમાં સફળતા મળે. મનમાં આનંદ-ઉત્સાહ રહે.

**ધન** : ગૃહસ્થીજીવનમાં ચકમક ઝરે. એક સાંધો ત્યાં તેર તૂટે તેવી પરિસ્થિતિ સર્જાય.

**મકર** : કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે. સ્વજનથી મિલન-મુલાકાત થાય.

**કુંભ** : રચનાત્મક પ્રવૃત્તિમાં વ્યસ્ત રહેવાય. સંતાનને લગતી સમસ્યા હળવી બને.

**મીન** : પ્રગત્તિ થતી અટકે, માનસિક ઉચ્ચાટ અનુભવાય.

# ભચાઉમાં જિલ્લા-તાલુકા પંચાયતની બેઠકો માટે મતદાનનો પ્રારંભ







### તાલુકા પંચાયતની ૧૭ અને જિલ્લા પંચાયતની ત્રણ બેઠકો માટે વહેલી સવારથી ચાલી રહ્યું છે મતદાન : પ્રથમ બે કલાકમાં ૮.૨૫ ટકા મતદાન : શરૂઆતમાં સુસ્ત માહોલ બાદ મતદારોમાં ઉત્સાહ






ભચાઉ - કચ્છઉદય : સમગ્ર રાજ્યની સાથે આજે કચ્છ જિલ્લામાં પણ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ માટે સવારના ૭ વાગ્યાથી લોકશાહીના પર્વનો પ્રારંભ થયો છે. વાગડ વિસ્તારની મહત્વની ગણાતી ભચાઉ તાલુકા પંચાયતની ૧૭ બેઠક અને તેની સંલગ્ન જિલ્લા પંચાયતની ત્રણ બેઠકો માટે આજે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. પ્રથમ બે કલાકમાં ૮.૨૫ ટકા મતદાન નોંધાયું છે. ભચાઉ તાલુકા પંચાયતની કુલ ૨૦ બેઠકો માટે ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. જોકે, રાજકીય રસાકસી વચ્ચે ચૂંટણી પૂર્વે જ ૩ બેઠકો બિનહરીફ જાહેર કરવામાં આવી હતી. આથી, આજે બાકી રહેલી ૧૭ બેઠકો ઉપર રસાકસીભર્યો જંગ જોવા મળી રહ્યો છે. તાલુકા પંચાયતની સાથે સાથે સંલગ્ન જિલ્લા પંચાયતની ત્રણ બેઠકો માટે પણ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી રહ્યા છે. તાલુકાના કુલ ૯૬,૭૬૬ મતદારો નોંધાયેલા છે, જેમાં ૫૦,૮૯૪ પુરુષો અને ૪૫,૮૪૨ સ્ત્રી મતદારોનો સમાવેશ થાય છે.


વહેલી સવારે ૭ વાગ્યે જ્યારે મતદાન શરૂ થયું ત્યારે સવારના પ્રથમ બે કલાકમાં મતદારોમાં સુસ્ત માહોલ જોવા મળ્યો હતો. શરૂઆતના એક-બે કલાકમાં મતદાન મથકો પર મતદારોની હાજરી પાંખી હતી અને બુથ ખાલીખમ નજરે પડતા હતા. પરંતુ, જેમ જેમ દિવસ ચડતો ગયો અને સૂર્યના કિરણો તેજ બન્યા, તેમ તેમ મતદારોમાં પણ જાગૃતિ અને ઉત્સાહ જોવા મળ્યો હતો. ૧૦ વાગ્યા બાદ ગ્રામ્ય વિસ્તારોમાં લાંબી કતારો જોવા મળી હતી.

ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે કુલ ૧૩૧ મતદાન મથકો પર પોલીસ અને હોમગાર્ડના જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. સંવેદનશીલ મથકો પર વિશેષ વોચ રાખવામાં આવી રહી છે. અત્યાર સુધીના અહેવાલો મુજબ, સમગ્ર ભચાઉ તાલુકામાં શાંતિપૂર્ણ માહોલમાં મતદાન ચાલી રહ્યું છે. સાંજે ૬:૦૦ વાગ્યા સુધી મતદાન ચાલનાર હોઈ, વહીવટી તંત્ર દ્વારા વધુમાં વધુ મતદાન કરવા અપીલ કરવામાં આવી છે. આજે રાપર ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા, અરજણભાઈ રબારી, કુલદીપસિંહ જાડેજા, વિકાસ રાજગોર, વાઘજી છાંગા, જશુભા જાડેજા, ખેતશી ચરલા, જાગૃતિબેન શાહ, વેલજી આહિર, કોંગ્રેસના ભરત ઠક્કર, ખીમાભાઈ ઢીલા, બળુભા જાડેજા તો એકલધામના મહંત દેવનાથ બાપુ, પૂર્વ નાણામંત્રી બાબુભાઈ મેઘજી શાહ, ડો.હુસેન અંસારી, લક્ષ્મીચંદ ચરલા સહિતનાઓએ મતદાન કર્યું હતું. ગરમી અને લગ્નસરાની સીઝનના કારણે મતદાનની ટકાવારીને અસર થાય તેવી ભીતિ પણ વ્યક્ત કરાઈ રહી છે.

# બંદરીય માંડવીમાં પાલિકાનો જંગ : ૯ વોર્ડની ૩૬ બેઠકો માટે મતદાનનો પ્રારંભ










માંડવી - કચ્છઉદય : બંદરીય શહેર માંડવીમાં આજે નગરપાલિકાની ચૂંટણીનો જંગ જામ્યો છે. વહેલી સવારના સાત વાગ્યાથી જ શહેરના નવે-નવ વોર્ડના વિવિધ મતદાન મથકો પર મતદારોની અવરજવર શરૂ થઈ ગઈ હતી. કચ્છના દરિયાકાંઠે વસેલા આ ઐતિહાસિક શહેરમાં લોકશાહીના પર્વને ઉજવવા માટે નગરજનોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. માંડવી નગરપાલિકાના નવ વોર્ડની કુલ ૩૬ બેઠકો પર સત્તાના સૂત્રો હસ્તગત કરવા માટે વિવિધ પક્ષોના કુલ ૭૭ ઉમેદવારો મેદાનમાં છે, જેમના રાજકીય ભવિષ્યનો ફેંસલો આજે ઈવીએમના બટન દબાવીને મતદારો કરી રહ્યા છે. સવારે ૭ વાગ્યે શાંતિપૂર્ણ માહોલમાં

### ૭૭ ઉમેદવારોના ભાવિનો થશે ફેંસલો : વોર્ડ ૧ થી ૩ માં ત્રિપાંખિયો જંગ અને ૪ થી ૯ માં ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધી ટક્કર : પ્રચારમાં ફિક્કા રહ્યા બાદ મતદાનના દિવસે કાર્યકરોમાં જોર : સવારે ૭થી ૯માં ૯.૩૦ ટકા મતદાન

મતદાનની પ્રક્રિયા શરૂ થઈ હતી. પ્રથમ બે કલાકમાં ૨૨૧૧ પુરૂષ, ૧૫૦૭ સ્ત્રીઓએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરતાં ૯.૩૦ ટકા મતદાન થયું હતું.

રાજકીય સમીકરણોની દ્રષ્ટિએ જોઈએ તો, ભાજપે તમામ ૩૬ બેઠકો પર પોતાના ઉમેદવારો ઉતાર્યા છે, જ્યારે કોંગ્રેસે ૩૩ બેઠકો પર મજબૂત દાવેદારી નોંધાવી છે. આ વખતે આમ આદમી પાર્ટીએ પણ ૮ ઉમેદવારો સાથે ચૂંટણી મેદાનમાં ઝંપલાવતા હરીફાઈ વધુ રસપ્રદ બની છે. શહેરના વોર્ડ નંબર ૧ થી ૩માં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ત્રિપાંખિયો જંગ ખેલાઈ રહ્યો છે, જ્યારે વોર્ડ નંબર ૪ થી ૯ માં મુખ્યત્વે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી ટક્કર જોવા મળી રહી છે. ગરમીના વધતા જતા પારાની વચ્ચે પણ રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે.

માંડવી નગરપાલિકાના કુલ ૩૯૯૭૩ મતદારો આજે ભાગ્યવિધાતા બનશે, જેમાં ૨૦૦૩૯ પુરુષ અને ૧૯૯૩૪ મહિલા મતદારોનો સમાવેશ થાય છે.

ઉલ્લેખનીય છે કે, આ વખતે ચૂંટણી પ્રચારના દિવસો દરમિયાન પ્રચારની ગતિ ખૂબ જ ફિક્કી અને શાંત જણાતી હતી, પરંતુ આજે મતદાનના દિવસે ચિત્ર બદલાયેલું જોવા મળ્યું છે. રાજકીય પક્ષોના કાર્યકરો અને આગેવાનો સવારથી જ સક્રિય થઈ ગયા છે. આકરી ગરમી અને બપોરના તાપને ધ્યાને રાખીને કાર્યકરો મતદારોને મથક સુધી લાવવા માટે એડી ચોટીનું જોર લગાવી રહ્યા છે, જેથી મતદાનની ટકાવારી ઊંચી લાવી શકાય.

ચૂંટણી તંત્ર દ્વારા તમામ મતદાન મથકો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ખાસ કરીને સંવેદનશીલ ગણાતા વિસ્તારોમાં પોલીસનું સતત પેટ્રોલિંગ ચાલુ છે. બપોર સુધીમાં શાંતિપૂર્ણ માહોલમાં નોંધપાત્ર મતદાન થયું હોવાના અહેવાલો સાંપડી રહ્યા છે. મહિલાઓ અને પ્રથમ વખત મતદાન કરતા યુવા મતદારોમાં અનેરો થનગનાટ જોવા મળ્યો હતો.

શહેરના ભવિષ્ય અને વિકાસના મુદ્દે જાગૃત બનેલા માંડવીના નાગરિકો શાંતિપૂર્ણ રીતે કતારબદ્ધ થઈને પોતાની પસંદગીના ઉમેદવારને મત આપી રહ્યા છે. સાંજ સુધીમાં આ આંકડો કેટલે પહોંચે છે અને જનતા કોના પર કળશ ઢોળે છે તે જોવું રસપ્રદ રહેશે.

# નખત્રાણા નગરપાલિકામાં પ્રથમ વખત મતદાન : આકરી ગરમીમાં પણ મતદારોનો ઉત્સાહ

### નખત્રાણા નગરપાલિકા ઉત્સાહ પૂર્વક મતદાન થઈ રહ્યું : ૫૫ ઉમેદવારોનું ભાવિ આજે ઈવીએમમાં થઈ રહ્યું છે કેદ : સવારથી જ મતદાન માટે લાઈનનો લાગી




### પ્રથમ બે કલાકમાં જિલ્લામાં સૌથી વધુ મતદાન અહીં નોંધાયું: ૧૧.૬૧ ટકા મતો પડ્યા : ૬૦થી ૭૦ ટકા મતદાન થવાની ધારણા: ૧૮ હજાર મતદારો મતદાન કરશે : ભાજપ - કોંગ્રેસ વચ્ચે મુખ્યત્વે જંગી : શાંતિપૂર્ણ મતદાન થાય છે



### નખત્રાણા નગરપાલિકામાં ૨ કલાકમાં ૧૧.૬૧ ટકા મતદાન




### નવાવાસ ખાતે ઘોડેશ્વાર વરરાજાએ મતદાન કર્યું

નખત્રાણા - કચ્છ ઉદય : કચ્છમાં પ્રથમ બે કલાકમાં સવારના ૯ સુધીમાં સૌથી વધુ મતદાન નખત્રાણા નગરપાલિકામાં થયું હતું. લોકો વહેલી સવારથી જ મતદાન કરવા લાઈન લગાડી હતી. નવાવાસ ગેટ પાસે પાટીદાર સમાજના લગ્નમાં ઘોડેશ્વાર વરરાજા પોતાનું મતદાન કરી લોકશાહી પર્વની ફરજ બજાવી હતી. તો વ્યાર ગામે રબારી રામભાઈના આજે લગ્ન હોતા તેવો પણ વરરાજાના ડ્રેસ સાથે ઈવીએમમાં મતદાન કર્યું હતું.

નખત્રાણા - કચ્છઉદય : નખત્રાણાના ઈતિહાસમાં પ્રથમ વખત યોજાઈ રહેલી નગરપાલિકાની ચૂંટણીને લઈને આજે વહેલી સવારથી જ લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સવારના સાત વાગ્યાથી નગરપાલિકાના તમામ સાત વોર્ડના ૨૨ બૂથો પર મતદાન પ્રક્રિયાનો શાંતિપૂર્ણ પ્રારંભ થયો છે. એપ્રિલ માસની આકરી ગરમી હોવા છતાં, નખત્રાણા, બેરુ, વિરાણી નાની, વિરાણી મોટી અને સુખપર સહિતના વિસ્તારોના મતદારો લોકશાહીના આ પર્વમાં ભાગ લેવા ઉત્સાહભેર ઉમટી પડ્યા છે. ખાસ કરીને ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં બપોર સુધીમાં નોંધપાત્ર મતદાન થયું હોવાના અહેવાલો મળી રહ્યા છે.

આ ચૂંટણીમાં નગરપાલિકાના સાત વોર્ડની ૨૬ બેઠકો માટે ભાજપ, કોંગ્રેસ, આપ અને અપક્ષ મળીને કુલ ૫૫ ઉમેદવારો મેદાનમાં છે. નખત્રાણાના કુલ ૧૮,૩૩૧ મતદારો, જેમાં ૯,૩૪૬ પુરુષો અને ૮,૯૮૫ સ્ત્રી મતદારોનો સમાવેશ થાય છે, તેઓ આ ઉમેદવારોના ભાગ્યનો ફેંસલો કરી રહ્યા છે. નગરપાલિકાની આ વિશિષ્ટ મતદાન પદ્ધતિ મુજબ, મતદારો પોતાના વોર્ડમાં વધુમાં વધુ ચાર ઉમેદવારોને મતો આપીને બેલેટ યુનિટના નીચેના ભાગે આપેલ પીળા કલરના રજીસ્ટર બટન દબાવી મતાધિકારનો ઉપયોગ કરી રહ્યા છે. નગરપાલિકાનો દરજ્જો મળ્યા બાદ નખત્રાણામાં આ વખતે પ્રથમ વખત મતદાન યોજાતા મતદારો પણ અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. નગરપાલિકાનું નવું સીમાંકન મળતાં ૭ વોર્ડ બનાવાયા છે. પ્રત્યેક વોર્ડમાં ૪ સીટો પ્રમાણે ૨૮ બેઠકો નક્કી થઈ છે, જેમાં નખત્રાણા, વિરાણી મોટી - નાની, નાના નખત્રાણા, બેરૂ, ગણેશનગર, સુખપરનો સમાવેશ થાય છે. ૨૮ બેઠકોમાંથી ૧૪ સ્ત્રી અનામત, અનુસૂચિત જાતિ-૪, પછાત વર્ગ-૮ જ્યારે ૮ સામાન્ય છે. પ્રથમ નગરપતિ અ.જા. પુરૂ અનામત છે. વોર્ડ -૪ અને ૫માં ભાજપના ઉમેદવારો બિનહરીફ થતાં હવે ૨૬ બેઠકો પર મુખ્ય મુકાબલો છે. વોર્ડ ૬ અને ૭ બેઠકો આમ આદમી પાર્ટી પણ મેદાનમાં છે. અઢાર જાર ત્રણ સો એકત્રીસ મતદારો છે, જેમાં ચાર હજાર જેટલા પાટીદાર મતદારો છે. ભાજપ ૮ અને કોંગ્રેસે પાંચ પાટીદારોને ટિકિટ આપી છે. જિલ્લાની અન્ય નગરપાલિકાઓની તુલનાએ અહીં પ્રથમ બે કલાકમાં સૌથી વધુ મતદાન નોંધાયું હતું. ૭થી ૯માં નખત્રાણામાં ૧૩૭૫ પુરૂષ અને ૭૫૩ મહિલાઓએ મતદાન કરતાં મતદાનની ટકાવારી ૧૧.૬૧ ટકાએ પહોંચી હતી. ભાજપના ધારાસભ્ય પી.એમ. જાડેજાએ વિરાણી ખાતે મતદાન કર્યું હતું. વસંત વાઘેલા, ભીમજી વાઘેલા, રાઠોડ ચંદનસિંહ, ધર્મેશ કેસરાણી, કરણ બુચિયા, લખમીરભાઈ રબારી, વંકાભાઈ રબારી, બાબુભાઈ ધનાણી, હિરેન વ્યાસ, પરેશ પલણ, નરસિંહ વાઘેલા, નયનાબેન પટેલ, જાગૃતિબેન પલણ, વેણીલાલ રૈયાણી, નૈતિક પાંચાણી, વિસનજીભાઈ, ડાયાલાલ સેંઘાણી, મયુર વાઘેલા, હિરેન ભટ્ટ, મહેન્દ્રસિંહ ઝાલા, ઉર્મિત ગોર, શંકરભાઈ કેસરાણી સહિત અગ્રણીઓ સવારે મતદાન મથકે મતદાન કર્યું હતું. ચૂંસ્ત પોલીસ બંદોબસ્ત સાથે શાંતિપૂર્વક મતદાન થઈ રહ્યું છે. કોઈ અનિચ્છની બનાવ નોંધાયા નથી.

ચૂંટણી તંત્ર અને પોલીસ વિભાગ દ્વારા ૧૪ લોકેશન પરના ૨૨ બૂથો પર જડબેસલાક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. મતદાન મથકો પર પીવાનું પાણી, પંખા અને શેડ જેવી સુવિધાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે જેથી મતદારોને ગરમીમાં હાલાકી ન ભોગવવી પડે. અગાઉ વહીવટી તંત્ર દ્વારા ઈવીએમ નિદર્શન અને મતદાન જાગૃતિ રેલીઓ દ્વારા જનજાગૃતિ લાવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા, જેની અસર આજે મતદાન મથકો પર જોવા મળી રહી છે. પ્રાંત અધિકારી અને ચૂંટણી અધિકારીના માર્ગદર્શન હેઠળ ઝોનલ ઓફિસરો સતત મોનિટરિંગ કરી રહ્યા છે. આજે સાંજે ૬ વાગ્યા સુધીમાં ઈવીએમમાં કેદ થયેલા મતોની ગણતરી આગામી ૨૮ એપ્રિલના રોજ હાથ ધરવામાં આવશે અને ત્યારે જ નખત્રાણાના પ્રથમ કાઉન્સિલરોનું ચિત્ર સ્પષ્ટ થશે.


## दीनदयाल पत्तन प्राधिकरण
**DEENDAYAL PORT AUTHORITY**
(Ministry of Ports, Shipping & Waterways, Govt. of India)
An ISO 9001: 2015 & ISO 14001: 2015 Certified Port

**Expression of Interest for Empanelment of on Call Specialist (Physician, General Surgeon & Anaesthetists**

Deendayal Port Authority has been seeking EOI (Expression of Interest) from **Specialist (Physician, General Surgeon & Anaesthetists** for visiting gopalpuri hospital for treating DPA beneficiaries in Gopalpuri Hospitals on Call may submit their offers through email cmo@deendayalport.gov.in/registered post/by hand upto 5:00 PM by 20-05-2026 to CMO office, Deendayal Port Authority Hospital, Gopalpuri- Gandhidham-Kutch, 370240.For more details visit the website: www.deendayalport.gov.in under Tenders.

दीनदयाल पोर्ट अथॉरिटी ने गोपालपुरी अस्पताल में डीपीए लाभार्थियों के उपचार हेतु माँग पर विशेषज्ञ (चिकित्सक, जनरल सर्जन और एनेस्थेटिस्ट) से रुचि की अभिव्यक्ति (ईओआई) आमंत्रित की है। वे अपने प्रस्ताव ईमेल cmo@deendayalport.gov.in/पंजीकृत डाक/हाथ से 20-05-2026 को शाम 5:00 बजे तक सीएमओ कार्यालय, दीनदयाल पोर्ट अथॉरिटी अस्पताल, गोपालपुरी-गांधीधाम-कच्छ, 370240 को जमा कर सकते हैं।अधिक जानकारी के लिए वेबसाइट www.deendayalport.gov.in पर निविदा अनुभाग देखें।

**Chief Medical Officer** **Deendayal Port Authority**



**JBS ACADEMY PRIVATE LIMITED**
Skill Development Centre for Logistics, Maritime and Management Studies & Research

**12 માં ધોરણ પછી કઈ ફીલ્ડ પસંદ કરવી તે અંગે મૂંઝવણમાં છો?**

એક અનોખું કારકિર્દી શોધો
**આયાત-નિકાસ અને લોજિસ્ટિક્સ ક્ષેત્રે**

**અમારા આવનારા કોર્સ**



- **Certificate Course in Customs Clearance & Freight Forwarding**
  કોર્સ 18 મે, 2026થી શરૂ થશે
  - 67 Hours
  - Medium of Instruction : English, Hindi & Gujarati
  - Placement assistance available
- **Certificate Course International Business**
  કોર્સ 23 મે, 2026થી શરૂ થશે
  - 54 Hours
  - Medium of Instruction : English, Hindi & Gujarati
  - Placement assistance available

+ 91 95740 05085 | 88 info@jbsacademy.com www.jbsacademy.com Ahmedabad





સૌનો સાથ... ::: જાહેર અપીલ ::: સૌનો વિકાસ...

**ગાંધીધામ મહાનગર પાલિકા**
**વોર્ડ નં. ૯ના ભાજપ પક્ષના ઉમેદવારો**


શ્રી હરીશભાઈ શંભુભાઈ આહિર


શ્રી પ્રહલાદભાઈ હરિભાઈ મહેશ્વરી

ભાજપ એટલે ભરોસો
કમળ ખીલશે,
વિકાસ જીતશે.


શ્રીમતી મનીષાબેન કિશનભાઈ રાકુચા


શ્રીમતી શારદાબેન વિનોદભાઈ ગવાણીચા

વ્હાલા મતદાર ભાઈઓ-બહેનો, વડીલો, મિત્રો, શુભેચ્છકો આપનો પવિત્ર કિમતી મત આપના ઉમેદવારોને **કમળ** નો બટન દબાવી વિકાસને વેગ આપવા ભારે બહુમતથી વિજયી બનાવવા આપ સૌ મતદારોને નમ્ર અપિલ કરીએ છીએ.

તમને વચન આપીએ છીએ કે **ગાંધીધામ મહા નગરપાલિકા વોર્ડ નં. ૯ ભારતીય જનતા પાર્ટી** તમામ મતદારોને નમ્ર અપિલ કરીએ છીએ.

**મારો વોટ કમળ નાં નિશાન ને**






સૌનો સાથ... ::: જાહેર અપીલ ::: સૌનો વિકાસ...

**ગાંધીધામ મહાનગર પાલિકા**
**વોર્ડ નં. ૧ના ભાજપ પક્ષના ઉમેદવારો**


શ્રી અજિતસિંહ અમરજીત રાજપૂત


શ્રી દિપકભાઈ મેઘજીભાઈ વાઘમશી

ભાજપ એટલે ભરોસો
કમળ ખીલશે,
વિકાસ જીતશે.


શ્રીમતી પારૂબેન મહેશભાઈ દાફડા


શ્રીમતી શિલ્પાબેન પરમાભાઈ પટેલ

વ્હાલા મતદાર ભાઈઓ-બહેનો, વડીલો, મિત્રો, શુભેચ્છકો આપનો પવિત્ર કિમતી મત આપના ઉમેદવારોને **કમળ** નો બટન દબાવી વિકાસને વેગ આપવા ભારે બહુમતથી વિજયી બનાવવા આપ સૌ મતદારોને નમ્ર અપિલ કરીએ છીએ.

તમને વચન આપીએ છીએ કે **ગાંધીધામ મહા નગરપાલિકા વોર્ડ નં. ૧ ભારતીય જનતા પાર્ટી** તમામ મતદારોને નમ્ર અપિલ કરીએ છીએ.

**મારો વોટ કમળ નાં નિશાન ને**

# ગાંધીધામ મનપાની પ્રથમ ચૂંટણી માટે મતદાન શરૂ

## ૧૩ વોર્ડની ૫૧ બેઠકો પર ૧૫૮ઉમેદવારોના ભાવી ઈવીએમમાં થયા સીલ : વહેલી સવારે મતદારોએ પવિત્ર મતદાનની ફરજ અદા કરી : ચૂંટણી તંત્ર-ચુસ્ત પોલીસ બંદોબસ્તની વ્યવસ્થાઓ રહી ખડેપગે






ગાંધીધામ : કચ્છના આર્થીક પાટનગર અને મીની મુંબઈ-ઈન્ડીયા તરીકે ઓળખતા ગાંધીધામ શહેરમાં મનપા બન્યા બાદ પ્રથમ ચૂંટણી યોજાઈ રહી છે. આજ રોજ મનપા માટે મતદાનનો દારે હાથ ધરવામા આવી રહ્યો છે. ગરમીનો પારો ઉચકાય તે પહેલા ગાધીધામ મનપા માટે મતદાન કરવા લોકોએ વહેલી સવારે ઘરની બહાર નીકળવાનુ મન બનાવ્યુ હોય તે રીતે વોટીંગ શાંતીપૂર્ણ રીતે શરૂ થવા પામી ગયું છે. ગાંધીધામ મનપા બન્યા બાદ શહેરને ૧૩ વોર્ડમાં વહેચવામાં આવ્યુ છે અને તેમાંની ૫૧બેઠકો પર ૧૫૮ ઉમેદવારોએ નશીબ અજમાવી રહયા છે. ઉનાળાના દિવસો તપી રહ્યા હોવાથી મતદારોએ પણ વહેલી સવારે જ મતદાનની પવિત્ર ફરજ નિભાવી લેવાની તક ઝડપી હોય તેમ સવારે ઠેર-ઠેર મતદાનનો ઉત્સાહ જોવા મળી આવ્યો હતો. બપોરે જેમ ગરમી તેનો આકરો મિજાજ દર્શાવતી ગઈ તેમ તેમ મતદારોની સંખ્યા પણ ઘટતી જોવા મળી આવી હતી. ગાંધીધામમાં મહાનગરપાલીકા બન્યા બાદ પ્રથમ જ વખત આવેલી ચૂંટણીએ એકંદરે અનોખુ આકર્ષણ શહેરમાં જમાવ્યુ હતુ. વહીવટીતંત્ર, ચુંટણી

અનુસંધાન પાના નં.૬ પર



## લાખોદમાં લોકશાહીનો ઉત્સવ

ભુજ તાલુકા પંચાયતની ચૂંટણીને પગલે આજે વહેલી સવારથી જ લાખોદ ગામમાં અદભૂત લોકશાહીનો માહોલ જોવા મળ્યો હતો. મતદાન મથકો ખુલતાની સાથે જ જાગૃત મતદારો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને કેન્દ્રની બહાર લાંબી કતારો દ્રશ્યમાન થઈ હતી. ઘરકામ છોડીને વહેલી સવારથી જ મહિલાઓએ લાઈનમાં ઊભા રહી મતાધિકારનો ઉપયોગ કરી પોતાની ફરજ નિભાવી હતી. ગામના ચોરે અને મતદાન મથકો પર માત્ર મતના ગણિત અને વિકાસની વાતો સાથે ભારે ચહલપહલ જોવા મળી હતી.




## ભુજ તાલુકાના ગ્રામીણ મતદારોમાં લોકશાહીના પર્વનો અનેરો ઉત્સાહ

**સવારથી જ ગ્રામ્ય વિસ્તારોના મતદાન મથકો પર લાંબી કતારો : ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ખરાખરીનો જંગ : રતડીયા અને સુખપર-૨ બેઠક બિનહરીફ જાહેર થયા બાદ બાકીની બેઠકો પર આજે શાંતિપૂર્ણ મતદાનનો પ્રારંભ**


હાજીપીર


કોટડા (ચકાર)


માધાપર






માધાપર


નાના લુણા


સુખપર



**૨.૦૯ લાખથી વધુ મતદારો બજાવી રહ્યા છે પોતાની નૈતિક ફરજ : વહીવટી તંત્ર દ્વારા શાંતિપૂર્ણ મતદાન માટે મજબૂત આયોજન : પ્રથમ બે કલાકમાં ૭.૫૬ ટકા મતદાન નોંધાયું**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના ભુજ તાલુકા પંચાયતની સત્તા હસ્તગત કરવા માટે આજે ગ્રામીણ વિસ્તારોમાં લોકશાહીના મહાપર્વની ધામધૂમથી ઉજવણી થઈ રહી છે. ભુજ તાલુકા પંચાયતની કુલ ૩૨ બેઠકો પૈકી રતડીયા અને સુખપર-૨ એમ કુલ બે બેઠકો પર અગાઉ જ ઉમેદવારો બિનહરીફ વિજેતા જાહેર થયા હોવાથી આજે બાકીની ૩૦ બેઠકો પર મતદાનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. ભુજ તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં વહેલી સવારથી જ મતદારોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. વહેલી સવારથી જ મતદાન મથકો પર લોકોની લાંબી કતારો તો કયાંક નીરસ માહોલ જોવા મળ્યો હતો. જેને પગલે પ્રથમ બે કલાકમાં માત્ર ૭.૫૬ ટકા મતદાન થયું હતું.

ભુજ તાલુકા પંચાયતની ૩૦ બેઠકો પર વિજયધ્વજ લહેરાવવા માટે કુલ ૭૨ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં નસીબ અજમાવી રહ્યા છે. મોટાભાગની બેઠકો પર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધો મુકાબલો જોવા મળી રહ્યો છે, જ્યારે કેટલીક બેઠકો પર આમ આદમી પાર્ટી અને

અનુસંધાન પાના નં.૫ પર

### કચ્છમાં ૧૧ વાગ્યા સુધી મહાનગરપાલિકા-નગરપાલિકામાં થયેલ મતદાનન ટકાવારી

| પાલિકાનુ નામ | કુલ્લ વોર્ડ | કુલ્લ બેઠક | કુલ્લ મતદાર | થયેલ મતદાન | ટકાવારી |
|---|---|---|---|---|---|
| ગાંધીધામ | ૧૩ | ૫૧ | ૨૧૫૩૧૩ | ૩૨૦૯૭ | ૧૪.૯૧ |
| ભુજ | ૧૦ | ૩૮ | ૧૧૧૯૭૯ | ૨૧૬૧૬ | ૧૯.૩૦ |
| અંજાર | ૦૯ | ૨૯ | ૫૩૬૫૩ | ૧૧૮૮૯ | ૨૨.૧૬ |
| માંડવી | ૦૯ | ૩૬ | ૩૯૯૭૩ | ૯૭૦૫ | ૨૪.૨૮ |
| મુંદરા-બારોઈ | ૦૭ | ૨૮ | ૨૨૧૭૧ | ૬૦૧૨ | ૨૭.૧૨ |
| નખત્રાણા | ૦૭ | ૨૬ | ૧૮૩૩૧ | ૫૧૭૪ | ૨૮.૨૩ |

ચતુર્થ વાર્ષિક શ્રદ્ધાંજલિ



સ્વ. ભગવાનભાઈ ખાનજી અચાચી
સ્વ. તા. ૨૬/૦૪/૨૦૨૨

પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, સ્નેહ જેની શક્તિ હતી, પરિવાર જેનું મંદિર હતું,
પરમાર્થ જેની ભક્તિ હતી, વ્યવહાર કદી ચૂક્યા નહીં, શુન્યમાંથી સર્જન કર્યુ,
મનની સરળતાથી સૌને પ્રેમ ચુકાવ્યું, સાદગીભર્યું જેનું જીવન હતું,
પરમકૃપાળુ પરમાત્મા દિવ્ય આત્માને શાંતિ અર્પણ કરે તેવી પ્રાર્થના....

સત કર્મી ને સાહસી માનવ, સૌ કોઈ નો તે ઉજાસ. સૂર્ય સમાન માનવી, જણ જણ એને સમાન.
હેતાળ હૈયું અને દયાળુ, સૌ કોઈનો એ આધાર. હંમેશ હસતો ચહેરો, ને લાગણી એની મુશળધાર.
સિદ્ધાંત નાં મક્કમ માનવી, સુભ કાર્યો અઢળક કરનાર. દુખીયાનો સહારો સરખો, ને ગુમરાહનો તે સમ રસ્તો.
શુઝ બુઝ માં મહાન વ્યક્તિ, સૌ કોઈ ના પિતા સમાન. ઉત્સાહી એ ગજબ આત્મા, સુગંધ એના હાવભાવમાં.
સત્કર્મ ને ધારણ કર્યું, ને શૂન્યમાંથી સર્જન કર્યું. બાહોશ થઈ જીવન તર્યું, ને અંતે મોક્ષ નું લક્ષ્ય ધર્યું.


શોકમગ્ન પરિવાર

ધર્મપત્ની : ગં.સ્વ.વસંતબેન ભગવાનભાઈ અચાચી
પુત્ર - પુત્રવધૂ : જગદીશ-હેમલ અચાચી | જયદેવ - આરતી અચાચી | કૈલાસ - ડોલી અચાચી
પુત્રી-જમાઈ : ઉમા-જયદીપ ગઢવી (મોડ) ઓસ્ટ્રેલિયા
પૌત્રી-પૌત્રા : પ્રિયા, જીયા, પરિધિ, આર્યા, શૌર્ય, આર્યન - દોહિત્રી : સિયા
તથા સમસ્ત અચાચી પરિવાર (મોડવદર-ગાંધીધામ)

ગઢવી ટ્રાન્સપોર્ટ, ગાંધીધામ | રાજ ઈન્ડસ્ટ્રીઝ, ગાંધીધામ | સૂર્યા ઈમ્પેક્સ, ગાંધીધામ

સ્થાનિક સ્વરાજય ચૂંટણી 2026
વિકાસના અવિરત ધબકારથી
ભુજ ધબકતું રહેશે
ભુજ નગરપાલિકા સામાન્ય ચૂંટણી 2026

વોર્ડ નં.૬ ના ભાજપાના ઉમેદવારોને પેનલ ટુ પેનલ મતદાન કરી વિજયી બનાવીએ.



૩ જલધિ (જગત) ચંદ્રભાઈ વ્યાસ — વોર્ડ નં.૬ના ભાજપાના ઉમેદવાર
૪ ધ્વનિ હિતેશભાઈ ગણાત્રા — વોર્ડ નં.૬ના ભાજપાના ઉમેદવાર
૫ પ્રશાંતગીરી લહેરીગીરી ગોસ્વામી — વોર્ડ નં.૬ના ભાજપાના ઉમેદવાર
૧૧ હિનાબા જીતેન્દ્રસિંહ ઝાલા — વોર્ડ નં.૬ના ભાજપાના ઉમેદવાર

વોર્ડ નં.૬ મતદાર હેલ્પલાઈન નંબર
+91 78028 52581 | +91 99099 39998 | +91 94266 88929
+91 88664 49965 | +91 94090 70856 | +91 90167 89941

મતદાન તારીખ : 26.04.2026, રવિવાર
સમય : સવારે 7.00 થી સાંજે 6.00 કલાક
ભાજપા
કમળનું બટન દબાવીએ ને વિકાસની યાત્રાને વણથંભી બનાવીએ

# સળંગ બે મેચમાં હારેલી ગુજરાતની ટીમ લય મેળવી રહેલી ચેન્નાઈ સામે ટકરાશે

(એજન્સી દ્વારા) ચેન્નાઈ : ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ધીમે ધીમે ફોર્મમાં આવી રહેલી ચેન્નાઈ સુપર કિંગ્સ રવિવાર તેના ચેપોક ખાતે રમાનારી ગુજરાત ટાઈટન્સ સામેની મેચમાં પોતાના હોમગ્રાઉન્ડ પર ફેવરિટ બની ગઈ છે. ગુજરાત ટાઈટન્સ તેની છેલ્લી બે મેચમાં હારીને અહીં રમવા આવી છે તો બીજી તરફ પ્રારંભિક સમસ્યા બાદ ચેન્નાઈએ છેલ્લી ચારમાંથી ત્રણ મેચ જીતી છે. રવિવારે બપોરે ૩.૩૦ કલાકે મેચનો પ્રારંભ થશે. રવિવારે આઈપીએલ ૨૦૨૬ની મધ્ય-સિઝનની નિર્ણાયક મેચમાં શાનદાર ફોર્મમાં પરત ફરેલી ચેન્નાઈ સુપર કિંગ્સ હવે મોખરાની ચાર ટીમમાં પોતાનું સ્થાન મજબૂત કરવાના ઈરાદે ઉતરશે




ક્રમ કે તે હાલમાં પાંચમા ક્રમે છે. હજી ગયા સપ્તાહ સુધી મુંબઈ ઈન્ડિયન્સની સાથે આઠમા કે નવમા ક્રમે રહેલી ટીમ અચાનાક જ પ્લે ઓફની દાવેદાર બની ગઈ છે. બીજી તરફ ગુજરાત ટાઈટન્સ સતત થઈ રહેલી હારને રોકી ફરી લય મેળવવાનો પ્રયાસ કરશે.

સુપર કિંગ્સે છેલ્લી ચારમાંથી ત્રણ મેચ જીતીને પાસા પલટી દીધા છે. મુંબઈ ઈન્ડિયન્સ સામેના ૧૦૩ રનના ભવ્ય વિજયમાં સંજુ સેમસનની સિઝનની બીજી સદી મુખ્ય આકર્ષણ રહી હતી. ઋતુરાજ ગાયકવાડના નેતૃત્વમાં ચેન્નાઈ હાલમાં છ પોઈન્ટ સાથે ટોપ-૪ની બિલકુલ નજીક છે અને પ્લેઓફની રેસમાં ટકી રહેવા માટે કોઈ ભૂલ કરવા માંગશે નહીં. ટીમ હાલમાં મહેન્દ્રસિંહ ધોની અને આયુષ મ્હાત્રે વિના રમી રહી છે, તેમ છતાં બોલિંગમાં અંશુલ કંબોજે (૧૪ વિકેટ) અને અકીલ હુસૈને શાનદાર પ્રદર્શન કર્યું છે. જોકે, ટીમ માટે મધ્યમ ક્રમનું ફોર્મ હજી પણ ચિંતાનો વિષય છે. ગુજરાત ટાઈટન્સ માટે આ સિઝન તકો ગુમાવવાની રહી છે. ચેન્નાઈ જેટલા જ પોઈન્ટ હોવા છતાં ખરાબ નેટ રન રેટ (-૦.૭૯૦) ને કારણે તે પોઈન્ટ ટેબલમાં સાતમા ક્રમે ધકેલાઈ ગઈ છે. છેલ્લી બે મેચોમાં મુંબઈ અને બેંગલોર સામે મળેલી હાર બાદ શુભમન ગિલની ટીમ હાલમાં દબાણ હેઠળ છે.

# તળિયાની ટીમો વચ્ચે આગળ વધવાની રસાકસી

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : આઈપીએલની ૧૯મી સીઝનના આઠમા ડબલ હેડરની બીજી ટક્કર લખનઉના એકાના સ્ટેડિયમમાં રમાશે. પહેલી છ મૅચમાં પરાજિત રહ્યા બાદ રાજસ્થાન રૉયલ્સ સામે પહેલી જીત મેળવનાર કોલકાતા નાઈટ રાઈડર્સ એક અઠવાડિયાના વિરામ બાદ મેદાન પર ઊતરશે. લખનઉ સુપર જાયન્ટ્સની ટીમ છેલ્લી ચાર મૅચથી હારી રહી છે. આ ટીમને સીઝનની માત્ર બે જીત હૈદરાબાદ અને કલકત્તા સામે જ મળી હતી. ટોટલ ૧૪ મૅચોમાંથી પહેલી સાત મૅચમાં અજિંક્ય રહાણે ઍન્ડ કંપની એક જીત, એક નો-રિઝલ્ટ મૅચ, ૩ પૉઈન્ટ અને -૦.૮૭૯ના નેટ રનરેટ સાથે પૉઈન્ટ-ટેબલમાં દસમા ક્રમની ટીમ છે. રિષભ પંત ઍન્ડ કંપની સાતમાંથી પાંચ મૅચમાં હાર, બે




જીત, ૪ પૉઈન્ટ અને -૧.૨૭૭ના નેટ રનરેટને કારણે નવમા ક્રમે છે. એકાના સ્ટેડિયમમાં કલકત્તાની ટીમ ૨૦૨૪માં એકમાત્ર મૅચ રમી છે. આ મૅચમાં કલકત્તાએ લખનઉ સામે ૯૮ રનને શાનદાર જીત મેળવી હતી. લખનઉની ટીમ પોતાના આ હોમગ્રાઉન્ડ પર ૨૪માંથી ૯ મૅચ જીતી છે, ૧૪ મૅચમાં હાર મળી છે અને એક મૅચ નો-રિઝલ્ટ રહી છે. વર્તમાન સીઝનની ત્રણ મૅચ સહિત તેઓ સતત સાત મૅચથી હારી રહ્યા છે.

શ્રીલંકાનો યંગ ફાસ્ટ બોલર મથિશા પથીરાના પોતાની નવી IPL ટીમ કલકત્તા માટે રમવા માટે તૈયાર છે. ૧૮ કરોડ રૂપિયાનો આ ખેલાડી અડધી સીઝનમાં ઈન્જરીઓને કારણે જોડાઈ શક્યો નહોતો. તેના ઘાતક યૉર્કર્સ પર્પલ બ્રિગેડને વધુ પાવરફુલ બનાવશે. અગાઉ ૨૩ વર્ષનો આ બોલર ચેન્નઈ માટે ૩૨ મૅચમાં ૪૭ વિકેટ લઈ ચૂક્યો છે. દિલ્હી કૅપિટલ્સ અને પંજાબ કિંગ્સના ફાસ્ટ બોલર્સ અનુક્રમે મિચલ સ્ટાર્ક અને લૉકી ફર્ગ્યુસન અડધી સીઝન બાદ ભારત આવી પહોંચ્યા છે. જોકે બન્ને ગઈ કાલની બપોરની મૅચમાં રમ્યા નહોતા.

બન્ને ઈમ્પૅક્ટ પ્લેયર્સના વિકલ્પોની લિસ્ટમાં પણ સામેલ નહોતા. ૧૧.૭૫ કરોડ રૂપિયાનો ઑસ્ટ્રેલિયન બોલર મિચલ સ્ટાર્ક ખભા અને કોણીની ઈજાઓમાંથી સ્વસ્થ થયા બાદ ક્રિકેટ ઑસ્ટ્રેલિયાની મંજૂરી લઈને ભારત આવ્યો છે. બે કરોડ રૂપિયાની કિંમત ધરાવતો ન્યુ ઝીલૅન્ડનો ફાસ્ટ બોલર લૉકી ફર્ગ્યુસન કૌટુંબિક કારણો અને ફિટનેસ સંબંધિત સમસ્યાઓને કારણે સીઝનના શરૂઆતના ભાગમાં ગેરહાજર રહ્યો હતો.

# બોલથી થયેલી ઇન્જરીની સર્જરી બાદ બેન સ્ટોક્સ ઓળખાતો જ નથી




(એજન્સી દ્વારા)

લંડન : ઈંગ્લૅન્ડના ટેસ્ટ-કૅપ્ટન બેન સ્ટોક્સનો એક ફોટો વાઈરલ થયો છે જેમાં તેને ઓળખવામાં મુશ્કેલી પડી રહી છે. આ વર્ષની શરૂઆતમાં ૩૪ વર્ષના આ ઑલરાઉન્ડરને પ્રૅક્ટિસ દરમ્યાન હેલ્મેટ ન પહેરવાને કારણે ચહેરા પર બૉલ વાગ્યો હતો. આંખની નીચે ગાલના હાડકાની ઈન્જરીને તેણે સર્જરી પણ કરાવી હતી. બૉલથી થયેલી ઈન્જરીની સર્જરી બાદ થોડા જ મહિનામાં તેનો ચહેરો સુકાઈ ગયેલો લાગી રહ્યો છે. ઈન્જરી વખતે તેણે કહ્યું હતું કે મોટી ગંભીર ઈન્જરીથી બચી ગયો એ માટે ભાગ્યશાળી છું, ગાલના હાડકાના ભાગને ખૂબ જ ખરાબ રીતે નુકસાન થયું હતું.

# આઈપીએલ ઇતિહાસનો સૌથી મોટો ટારગેટ ચેઝ કરીને પંજાબની કમાલ

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : પંજાબ કિંગ્સે ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટના ઈતિહાસમાં સર્વોચ્ચ સ્કોર સફળતાપૂર્વક ચેઝ કરીને શાનદાર પ્રદર્શન કરતાં શનિવારે અહીં રમાયેલી આઈપીએલ ૨૦૨૬ની લીગ મેચમાં દિલ્હી કેપિટલ્સ સામે છ વિકેટે શાનદાર વિજય હાંસલ કર્યો હતો. આ મેચમાં દિલ્હીના કે એલ રાહુલે ૧૫૨ રન ફટકારીને આ લીગમાં ભારતીય બેટર્સ માટેનો સર્વોચ્ચ સ્કોર નોંધાવ્યો હતો તો પંજાબના રનચેઝમાં પ્રભસિમરન સિંઘ અને કેપ્ટન શ્રેયસ ઐયરે તોફાની બેટિંગ કરી હતી. મેચમાં એવી કેટલીક ઓવર હતી જેમાં બેટરે તમામ બોલ પર બાઉન્ડ્રી ફટકારી હતી. આ ઉપરાંત ટુર્નામેન્ટના ઈતિહાસની મોટી ભાગીદારી (૨૨૦) પણ શનિવારે જોવા મળી હતી. અહીંના અરૂણ જેટલી સ્ટેડિયમ (કોટલા) ખાતે રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતાં દિલ્હી કેપિટલ્સે ૨૦ ઓવરમાં બે વિકેટે ૨૬૪ રનનો જંગી સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં પંજાબ કિંગ્સે ૧૮.૫ ઓવરમાં ચાર વિકેટના ભોગે ૨૬૫ રન કરીને મેચ






જીતી લીધી હતી. આઈપીએલના ઈતિહાસમાં અગાઉ સૌથી મોટો સ્કોર સફળતાપૂર્વક ચેઝ કરવામાં પણ પંજાબનો રેકોર્ડ હતો. તેણે બરાબર બે વર્ષ અગાઉ ૨૬મી એપ્રિલે કોલકાતા નાઈટ રાઈડર્સનો ૨૬૧ રનનો સ્કોર બે વિકેટ ગુમાવીને વટાવ્યો હતો અને હવે શનિવારે તેણે ૨૬૪ રનનો આંક પાર કર્યો હતો. મેચ જીતવા માટે ૨૬૫ રનના સ્કોર સામે રમતાં પંજાબ કિંગ્સ માટે ઓપનર પ્રિયાંશ આર્યાએ ૧૭ બોલમાં પાંચ સિક્સર સાથે ૪૩ રન ફટકાર્યા હતા. તેણે ૪૧ બોલમાં પ્રભસિમરન સાથે ૧૨૬ રન ઉમેરી દીધા હતા. પ્રભસિમરન વધારે આક્રમક હતો. તેણે માત્ર ૨૬ બોલમાં ૭૬ રન ફટકારી દીધા હતા જેમાં પાંચ સિક્સર સામેલ હતી. આ બંનેની વિકેટ પડ્યા બાદ કેપ્ટન શ્રેયસ ઐયરે બાજી સંભાળી લીધી હતી અને ટીમને વિજય સુધી દોરી ગયો હતો. ઐયરે માત્ર ૩૬ બોલમાં રમીને સાત સિક્સર અને ત્રણ ચોગ્ગા સાથે અણનમ ૭૧ રન ફટકારી દીધા હતા.

શનિવારે અહીં રમાયેલી મેચમાં દિલ્હી કેપિટલ્સે કેએલ રાહુલના શાનદાર ૧૫૨ રનની મદદથી ૨૬૪ રનનો વિશાળ સ્કોર નોંધાવ્યો હતો. રાહુલે તેની ક્લાસિક બેટિંગ અને તાકાતનું પ્રદર્શન કરતા શાનદાર ૧૫૨ રન ફટકાર્યા હતા જે આઈપીએલ ઈતિહાસનો ત્રીજો સૌથી મોટો વ્યક્તિગત સ્કોર છે. તેની સાથે નિતિશ રાણાએ પણ ૯૧ રનની ધારદાર ઈનિંગ્સ રમી હતી. વર્તમાન સિઝનમાં અગાઉ ખાસ નોંધપાત્ર પ્રદર્શન કરવામાં નિષ્ફળ રહેલા રાહુલનું રૌદ્ર સ્વરૂપ શનિવારે જોવા મળ્યું હતું. તેણે માત્ર ૬૭ બોલમાં ૧૬ ચોગ્ગા અને નવ સિક્સર સાથે આ ૧૫૨ રન ફટકાર્યા હતા જે આ ટી૨૦ લીગમાં કોઈ પણ ભારતીય બેટર માટે સર્વોચ્ચ સ્કોર બની ગયો હતો.

રાહુલ અને નિતિશ રાણા વચ્ચે બીજી વિકેટ માટે ૨૨૦ રનની ભાગીદારી થઈ હતી અને તે પણ આઈપીએલના ઈતિહાસની બીજી સૌથી મોટી ભાગીદારી બની રહી હતી. દિલ્હીની ઈનિંગ્સમાં ચોગ્ગા-છગ્ગાની રમઝટ જોવા મળી હતી. દિલ્હીની ટીમે કુલ ૨૯ ચોગ્ગા અને ૧૩ છગ્ગા ફટકાર્યા હતા. તેનો ૨૬૪ રનનો સ્કોર ૨૦૨૬ની સિઝન માટે સર્વોચ્ચ સ્કોર રહ્યો છે.

આ સિઝનમાં ટોસ જીતીને પ્રથમ વખત બેટિંગ કરવાનું પસંદ કરતા દિલ્હી કેપિટલ્સ સ્પષ્ટ ઈરાદા સાથે મેદાનમાં ઉતરી હતી. ઓપનર પાથુમ નિસાક્રા વહેલો આઉટ થયો હોવા છતાં રાહુલે બાજી સંભાળી લીધી હતી. ૧૮ રન પર જીવનદાન મળ્યા બાદ રાહુલે પંજાબના બોલરોની આકરી કસોટી કરી હતી. નિતિશ રાણાએ ઝેવિયર બાર્ટલેટની એક ઓવરમાં ૨૮ રન (૬,૪,૪,૪,૪,૬) ઝૂડી કાઢ્યા હતા. તેણે ચાર સિક્સર અને ૧૧ ચોગ્ગા સાથે ૯૧ રન ફટકાર્યા હતા.

## એક ઓવરમાં છ ચોગ્ગાની પ્રભસિમરનની સિદ્ધિ

(એજન્સી દ્વારા) ચંડીગઢ : પંજાબ કિંગ્સના ઓપનર પ્રભસિમરનસિંઘે શનિવારે દિલ્હી કેપિટલ્સ સામેની મેચમાં છઠ્ઠી ઓવર દરમિયાન મુકેશ કુમારના તમામ છ બોલમાં ચોગ્ગા ફટકાર્યા હતા. એક ઓવરના તમામ બોલ પર કોઈએ ચોગ્ગા ફટકાર્યા હોય તેવો આઈપીએલનો આ ત્રીજો પ્રસંગ છે, અગાઉ ૨૦૧૨માં અજિંક્ય રહાણેએ રાજસ્થાન તરફથી રમતાં બેંગલોરના એસ. અરવિંદની ઓવરમાં તથા ૨૦૨૧માં દિલ્હીના પૃથ્વી શોએ અમદાવાદ ખાતે કોલકાતાના શિવમ માવીએ ફેંકેલી પહેલી જ ઓવરમાં આ રીતે છ ચોગ્ગા ફટકાર્યા હતા.



# વૈભવની ઝંઝાવાતી સદી છતાં હૈદરાબાદ સામે રાજસ્થાન રોયલ્સનો પરાજય

(એજન્સી દ્વારા)

જયપુર : યુવાન ઓપનર વૈભવ સૂર્યવંશીએ ફરી એક વાર ઝંઝાવાતી બેટિંગ કરતાં ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)માં શનિવારે રમાયેલી ટી૨૦ ક્રિકેટ મેચ અત્યંત આકર્ષણરૂપ બની ગઈ હતી જોકે વૈભવની ૩૬ બોલમાં આક્રમક સદી છતાં તેની રાજસ્થાન રોયલ્સની ટીમનો સનરાઈઝર્સ હૈદરાબાદ સામે પાંચ વિકેટથી પરાજય થયો હતો. શનિવારના દિવસમાં આઈપીએલની બે મેચ રમાઈ હતી અને બંને મેચમાં ૨૦૦+ના સ્કોરનો ટારગેટ હોવા છતાં સનરાઈઝર્સ હૈદરાબાદ અને પંજાબ કિંગ્સે મેચ જીતી હતી. અહીંના સવાઈ માનસિંહ સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતાં રાજસ્થાન રોયલ્સે ૨૦ ઓવરમાં છ વિકેટે ૨૨૮ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેની સામે સનરાઈઝર્સે ઈશાન કિશનના શાનદાર ૭૪ રનની મદદથી ૧૮.૩ ઓવરમાં પાંચ વિકેટ ગુમાવીને ટારગેટ વટાવી દીધો હતો.

આજની મેચનું આકર્ષણ વૈભવ સૂર્યવંશી રહ્યો હતો જેણે વધુ એક આક્રમક સદી ફટકારી હતી અને ફરી વાર સિક્સરનો વરસાદ વરસાવ્યો હતો. જોકે ૨૨૯ રનના ટારગેટ સામે રમતાં સનરાઈઝર્સ હૈદરાબાદ માટે ઈશાન કિશને ૩૧ બોલમાં ત્રણ સિક્સર અને ૧૧ ચોગ્ગા સાથે ૭૧ રન ફટકાર્યા હતા તો ઓપનર અભિષેક શર્માએ ૨૯






## કિશન સાતેય મેચમાં ટોસ હારેલો, કમિન્સ આવતાવેંત જીત્યો

(એજન્સી દ્વારા) જયપુર : રાજસ્થાન અને હૈદરાબાદ સામેની મૅચમાં હૈદરાબાદના કેપ્ટન પેટ કમિન્સે ટોસ જીત્યો હતો. આ અગાઉ તેની ગેરહાજરીમાં સુકાન સંભાળનાર ઈશાન કિશન સાતેય મૅચમાં ટૉસ હાર્યો હતો, પણ કમિન્સે આવતાવેંત ટૉસ જીતી લીધો છે.

બોલમાં ૫૭ અને નિતિશકુમાર રેડ્ડીએ ૧૮ બોલમાં ૩૬ રન ફટકાર્યા હતા. અગાઉ વૈભવ સૂર્યવંશીએ ફરી એક વાર બેટિંગમાં ઝંઝાવાત સર્જ્યો હતો. તેણે પ્રફુલ હિંગેએ ફેંકેલી ઈનિંગ્સની પહેલી જ ઓવરમાં સળંગ ચાર બોલમાં ચાર સિક્સર ફટકારી હતી. વૈભવે પાવર પ્લેમાં જ સાત સિક્સર ફટકારી હતી. આમ કરનારો તે આઈપીએલમાં પાંચમો બેટ્સમેન બન્યો હતો. આ ઉપરાંત તેણે ૨૬મી ઈનિંગ્સમાં આઈપીએલમાં પોતાના એક હજાર રન પૂરા કર્યા હતા. વૈભવે આ ઈનિંગ્સ દરમિયાન ઘણા રેકોર્ડ સર્જ્યા હતા. આ લીગમાં ૧૫ કે ઓછા બોલમાં ત્રીજી વાર અડધી સદી ફટકારી હતી અને આમ કરનારો તે એકમાત્ર બેટ્સમેન બન્યો છે. તેણે ૧૨ સિક્સર ફટકારી હતી જે આઈપીએલમાં ભારતીય બેટર માટે એક ઈનિંગ્સમાં સૌથી વધારે હતી તો તમામ ખેલાડીને મળીને તે આમ કરનારો ચોથો બેટ્સમેન બન્યો હતો. અંતે વૈભવ સૂર્યવંશીએ માત્ર ૩૬ બોલમાં તેની સદી પૂરી કરી હતી. આમ ક્રિસ ગેઈલની ૩૦ બોલમાં અને ત્યાર બાદ ખુદ વૈભવની ૩૫ બોલમાં સદી બાદ આ ટી૨૦ લીગની આ ત્રીજી સૌથી ઝડપી સદી હતી. જોકે સદી બાદ તે તરત જ આઉટ થઈ ગયો હતો. ૩૭ બોલમાં ૧૦૩ રન ફટકારવાની સાથે સૂર્યવંશીએ પાંચ ચોગ્ગા અને ૧૨ સિક્સર ફટકારી હતી. વૈભવની ઈનિંગ્સને કારણે જ રાજસ્થાન રોયલ્સ તેની ૨૦ ઓવરને અંતે ૨૨૮ રનનો માતબર સ્કોર કરી શક્યું હતું. ધ્રુવ જુરેલે પણ આક્રમક બેટિંગ કરીને ૩૫ બોલમાં ૫૧ અને શ્રીલંકન ક્રિકેટર ડોનોવન ફરેરાએ ૧૬ બોલમાં ત્રણ સિક્સર સાથે ૩૩ રન ફટકાર્યા હતા.

## પ્રેક્ટિસ-સેશનમાં જાડેજાએ સ્ટમ્પ અને કેમેરા તોડ્યા, દિલ્હીનો નેટ બોલર ગંભીર રીતે ઘાયલ



(એજન્સી દ્વારા) નવીદિલ્હી : આઈપીએલ ૨૦૨૬ના શનિવારના છેલ્લા ડબલ હેડર પહેલાં જયપુર અને દિલ્હીના સ્ટેડિયમમાંથી પ્રૅક્ટિસ-સેશનનાં ભયાનક દશ્યો સામે આવ્યાં હતાં. પંજાબ કિંગ્સ સામેની મૅચ અગાઉ પ્રૅક્ટિસ-સેશન દરમ્યાન અરુણ જેટલી સ્ટેડિયમમાં દિલ્હીની ટીમનો એક નેટ બોલર ઘાયલ થયો હતો. મોઢા પર બૉલ વાગ્યો હોવાથી ઘાયલ થયેલા આ નેટ બોલરને મેદાન પર ઍમ્બ્યુલન્સમાં બેસાડી હૉસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં પ્રૅક્ટિસ દરમ્યાન રવીન્દ્ર જાડેજાએ બોલિંગ અને બૅટિંગ દરમ્યાન બે વસ્તુઓ તોડી હતી. તેણે બોલિંગ દરમ્યાન સ્ટમ્પ અને બૅટિંગ દરમ્યાન સોશ્યલ મીડિયા ટીમનો મોબાઈલનો કૅમેરાનો ભાગ તોડ્યો હતો. રવીન્દ્ર જાડેજાએ બોલરની તરફ મારેલા એક શૉટથી કૅમેરા તૂટ્યો હતો.

# હરભજને થપ્પડ કાંડથી કરી ૧ કરોડની કમાણી: શ્રીસંતે લગાવ્યો સનસનાટીભર્યો આરોપ

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : આઈપીએલની દરેક સિઝનમાં કોઈને કોઈ વિવાદ જોવા મળે છે, પછી ભલે તે નાનો હોય કે મોટો, જે આખરે તે ચોક્કસ સિઝનની વિશેષતા બની જાય છે. વર્તમાન સિઝનમાં અત્યાર સુધી કોઈ મોટો હોબાળો થયો નથી જેણે નોંધપાત્ર હેડલાઈન્સ બનાવી હોય. જોકે, લગભગ દરેક વર્ષની જેમ, આઈપીએલની સૌથી કુખ્યાત 'થપ્પડ મારવાની' ઘટનાના પડઘા ફરી એકવાર સામે આવ્યા છે. હરભજન સિંહ અને એસ. શ્રીસંત સાથે સંકળાયેલા આ સનસનાટીભર્યા વિવાદ અંગે એક નવું પરિમાણ ઉભરી આવ્યું છે. ભૂતપૂર્વ ફાસ્ટ બોલર શ્રીસંતે હવે હરભજન પર પૈસા કમાવવા માટે આ ઘટનાનો લાભ લેવાનો આરોપ લગાવ્યો છે.

૨૦૦૮ માં આઈપીએલની પહેલી સિઝન દરમિયાન, પંજાબ કિંગ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચેની મેચ પછી બનેલી 'થપ્પડ મારવાની' ઘટનાએ બધાને હચમચાવી દીધા હતા. પંજાબે તે મેચમાં મુંબઈ ઈન્ડિયન્સને હરાવ્યું હતું; ત્યારબાદ, જ્યારે શ્રીસંત ટીમ ઈન્ડિયાના પોતાના સિનિયર ખેલાડી હરભજનને મળવા ગયો, ત્યારે હારથી ગુસ્સે ભરાયેલા હરભજને તેને થપ્પડ મારી દીધી. આ ઘટનાએ ક્રિકેટ જગતમાં શોક ફેલાવ્યો અને હરભજન પર આખી સીઝન માટે પ્રતિબંધ મૂકવામાં આવ્યો. ત્યારથી, એક યા બીજા સ્વરૂપમાં, આ ઘટના




દરેક આઈપીએલ સીઝન દરમિયાન ચર્ચાનો વિષય બની જાય છે.

નવીનતમ વિકાસ એક ટેલિવિઝન જાહેરાતની આસપાસ કેન્દ્રિત છે જે આ ઘટનાનો ઉલ્લેખ કરે છે, એક જાહેરાત જેમાં હરભજન પોતે છે. આ જાહેરાતના સંદર્ભમાં જ શ્રીસંતે હરભજન પર ગંભીર આરોપો લગાવ્યા છે. એક મલયાલમ અખબાર સાથે વાત કરતા શ્રીસંતે કહ્યું, "મેં અત્યાર સુધી કોઈ પણ ઈન્ટરવ્યુમાં 'ભજ્જી' વિશે કંઈ કહ્યું નથી; આ પહેલી વાર છે. તાજેતરમાં સુધી, અમારી વચ્ચે કોઈ સમસ્યા નહોતી, પરંતુ પછી તેણે આગળ વધીને આ ઘટનાના આધારે એક જાહેરાત બનાવી. તેણે તેના દ્વારા ૮૦ લાખથી ૧ કરોડની વચ્ચે કમાણી કરી. ત્યારબાદ, તેણે મને ફોન કરીને તે શેર કરવા કહ્યું."

હરભજનના આ પગલાથી શ્રીસંત ગુસ્સે થયો, જેણે હવે આ અનુભવી સ્પિનર સાથેના બધા સંબંધો તોડી નાખ્યા છે. શ્રીસંતે કહ્યું, "મેં તેને કહ્યું હતું, 'હું તને માફ કરીશ, પણ હું આ ક્યારેય ભૂલીશ નહીં.' જો કોઈ ખોટું કરે છે, તો તમારે તેને માફ કરી દેવું જોઈએ, પરંતુ તમારે તે ભૂલવું જોઈએ નહીં; કારણ કે જો તમે ભૂલી જાઓ છો, તો તે ફરીથી તે કરશે. હરભજન આનું મુખ્ય ઉદાહરણ છે.

મારો તે માણસ સાથે કોઈ સંબંધ નથી. હું તેને 'ભાઈ' કહીને સંબોધતો હતો, પરંતુ છેલ્લા એક-બે મહિનામાં તેણે તે ફૂટેજ પ્રસારિત કર્યું, અને હવે મેં તેને ઈન્સ્ટાગ્રામ પર બ્લોક પણ કરી દીધો છે." આ પહેલા, પાછલી સીઝન દરમિયાન પણ આ મુદ્દાને લઈને વિવાદ થયો હતો, જ્યારે તત્કાલીન આઈપીએલ કમિશનર લલિત મોદીએ એક ઈન્ટરવ્યુ દરમિયાન પહેલીવાર આ ઘટનાના ફૂટેજ જાહેર કર્યા હતા. તે પગલાથી પણ ભારે હોબાળો થયો હતો. હરભજન અને શ્રીસંત મોદી પર ઉગ્ર પ્રહારો કર્યા હતા. શ્રીસંતની પત્નીએ પણ જાહેરમાં મોદી સામે પોતાનો ગુસ્સો ઠાલવ્યો હતો.

## 'આખરી સવાલ' ઇન્ડિયન સાઇન લેંગ્વેજ સાથે રિલીઝ થનાર પ્રથમ હિન્દી ફિલ્મ બનશે

(એજન્સી દ્વારા)

મુંબઈ : સંજય દત્ત અભિનિત આખરી સવાલ હવે એક ખાસ કારણસર ચર્ચામાં છે. ફિલ્મ પોતાની અનોખી વિષયવસ્તુથી પહેલેથી જ ધ્યાન ખેંચ્યું હતું અને હવે તે ઈન્ડિયન સાઈન લેંગ્વેજ સાથે વધુ એક મહત્વપૂર્ણ પગલું લઈ રહી છે, ત્યારે આખરી સવાલ આવી પ્રથમ હિન્દી ફીચર ફિલ્મ બનશે. નેશનલ એવોર્ડ વિજેતા દિગ્દર્શક અભિજીત મોહન વરાંગ દ્વારા નિર્દેશિત આ ફિલ્મનું ટીઝર હનુમાનજયંતિ નિમિત્તે રિલીઝ થયું હતું, જેમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ઈતિહાસની ઝલક જોવા મળે છે.



ફિલ્મ માત્ર તેના વિષય માટે જ નહીં, પરંતુ તેની રજૂઆત માટે પણ અલગ ઓળખ ઉભી કરી રહી છે. ફિલ્મમેકર્સે સિનેમાને વધુ લોકો સુધી પહોંચાડવાના ઉદ્દેશ સાથે તેને સાઈન લેંગ્વેજમાં પણ ઉપલબ્ધ કરવાનો નિર્ણય લીધો છે. ભારતમાં અંદાજે ૪ થી ૫ કરોડ પ્રજ્ઞાચક્ષુ અને બહેરાશ ધરાવતા લોકો છે અને આ પગલાથી તેઓ પણ ફિલ્મનો આનંદ લઈ શકશે. ખાસ વાત એ છે કે આખરી સવાલ રિલીઝના પહેલા જ દિવસથી જ સાઈન લેંગ્વેજમાં ઉપલબ્ધ રહેશે, જે તેને વધુ દર્શકો સુધી પહોંચાડશે.

# 'હોલિવૂડ હજુ પણ ભારતીયોને બોક્સમાં બંધ કરવાનો પ્રયાસ કરે છે' : પ્રિયા કંસારા

(એજન્સી દ્વારા) મુંબઈ : પ્રિયા કંસારા, ભારતીય મૂળની હોલિવૂડ એક્ટ્રેસ છે, તાજેતરનાં એક ઈન્ટરવ્યુમાં હોલવૂડની ફિલ્મોમાં ભારતીયોનાં બદલાતાં પ્રતિનિધિત્વ વિશે વાત કરી હતી. પ્રોજેક્ટ હેલ મેરી આ વર્ષે હોલિવૂડની સૌથી મોટી સફળ ફિલ્મોમાંની એક રહી છે. રાયન ગોસ્લિંગની આ ફિલ્મે બોક્સ ઓફિસ પર ૫૦૦ મિલિયન ડૉલરથી વધુ કમાણી કરી છે અને તેની વાર્તા, અભિનય અને વિઝ્યુઅલ્સ માટે પ્રશંસા મેળવી છે. ફિલ્મની નાની સ્ટાર કાસ્ટમાં ભારતીય મૂળની અભિનેત્રી પ્રિયા કંસારા પણ છે, જે રાયનની સ્પેસશિપમાં છૈને અવાજ આપે છે. તાજેતરનાં એક ઈન્ટરવ્યુમાં પ્રિયાએ અંગ્રેજી ફિલ્મોમાં ભારતીયોનાં બદલાતાં પ્રતિનિધિત્વ વિશે ખુલાસો કર્યો. પ્રોજેક્ટ હેલ મેરીમાં, પ્રિયા કંસારાએ "મેરી" નામના કમ્પ્યુટર (સ્પેસશિપમાં)ને અવાજ આપ્યો છે. અભિનેત્રીએ પોતાની કારકિર્દીની શરૂઆત ૨૦૨૨માં બ્રિટિશ પીરિયડ ડ્રામા બ્રિજર્ટનમાં નાની ભૂમિકાથી કરી હતી. એએનઆઈ સાથેના ઈન્ટરવ્યુમાં, પ્રિયાએ જણાવ્યું કે તેનાં બાળપણથી અત્યાર સુધી ભારતીય અને દક્ષિણ એશિયાઈ પ્રતિનિધિત્વમાં નોંધપાત્ર સુધારો થયો છે.

પ્રિયાએ જણાવ્યું, "હોલિવૂડમાં, તકો, પ્રતિનિધિત્વ અને કન્ટેન્ટના મામલે ઘણો બદલાવ આવ્યો છે. જ્યારે હું બાળક હતી, ત્યારે હું ફિલ્મો અને ટીવી જોતી હતી, બ્રિટિશ, હોલિવૂડ. મને ખૂબ જ ઓછી વખત કોઈ એવી વ્યક્તિ જોવા મળતી જે મારા જેવી દેખાતી હોય અને જો જોવા મળતી તો તે ખૂબ જ સ્ટીરિયોટાઈપિકલ પાત્ર હતું, અથવા હું તેને એકવાર જ જોઈ અને પછી ફરી ક્યારેય ન જોતી. તેમાં વિવિધતા કે સમાવેશીતાનો અનુભવ નહોતો. પરંતુ જેમ જેમ હું મોટી થઈ, મેં તેમાં વધુ અને વધુ જોયું, વધુ અનોખા પાત્રો, વધુ રસપ્રદ વાર્તાઓ, એવી વસ્તુઓ જે અમને એક બોક્સમાં બંધ ન કરે." પરંતુ પ્રિયા ઉમેર્યું કે હજુ પણ ભારતીયો અને દક્ષિણ એશિયાઈ લોકોને સ્ટીરિયોટાઈપમાં બોક્સમાં બંધ કરવાનો પ્રયાસ થાય છે, "હું હજુ પણ કેટલીક બાબતો જોઈ છે જે અમને બોક્સમાં બંધ કરે છે અને તે મુશ્કેલ છે કારણ કે ઘણું સુધાર્યું છે. મારી કારકિર્દી તેનું ઉદાહરણ છે. મેં ઘણા એવા રોલ્સ કર્યા છે જે મેં ક્યારેય વિચાર્યા નહોતા. મેં પીરિયડ ડ્રામામાં કામ કર્યું—એ મારો પેહલો મોટો રોલ હતો અને મેં ક્યારેય વિચાર્યું નહોતું કે હું એવું કરી શકીશ.



## ૨૦૨૨ના ચર્ચિત ડ્રગ્સ કેસમાંથી શ્રદ્ધા કપૂર, નોરા ફતેહી અને ઓરીનાં નામ નીકળી જશે



(એજન્સી દ્વારા) મુંબઈ : ૨૦૨૨ના ચર્ચિત મુંબઈ ડ્રગ્સ કેસમાં બૉલીવુડ સાથે જોડાયેલાં અનેક મોટાં નામો સામે આવ્યાં બાદ ભારે હલચલ મચી હતી. હવે આ જ મામલે એક મોટું અપડેટ સામે આવ્યું છે. રિપોર્ટ્સ મુજબ ઍક્ટ્રેસ શ્રદ્ધા કપૂર, નોરા ફતેહી અને સોશ્યલ મીડિયા પર્સનાલિટી ઓરહાન અવત રામાણી એટલે કે ઓરીને મોટી રાહત મળી શકે છે. મુંબઈ પોલીસની તપાસમાં તેમના વિરુદ્ધ કોઈ મજબૂત પુરાવા ન મળતાં તેમનાં નામ સપ્લિમેન્ટરી ચાર્જશીટમાંથી હટાવવાની તૈયારી ચાલી રહી છે. આ કેસમાં શ્રદ્ધા કપૂરના ભાઈ સિદ્ધાંત કપૂર અને રાજકારણી ઝીશાન સિદ્દીકીનું નામ પણ શરૂઆતની તપાસમાં સામે આવ્યું હતું, પરંતુ હવે પોલીસની ઍન્ટિ-નાર્કોટિક્સ સેલની તપાસ પૂર્ણ થયા બાદ આ તમામને ક્લીન ચિટ મળવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# નખત્રાણા લોહાણા મહાજનના સાનિધ્યમાં ૮૫મો નિ:શુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાયો






નખત્રાણા - કચ્છઉદય : નખત્રાણા લોહાણા મહાજનના સાંનિધ્યમાં રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ રાજકોટ દ્વારા (૮૫)મો નિઃશુલ્ક નેત્ર નિદાન - સારવાર કેમ યોજાયો હતો, જેમાં ૧૩૫ દર્દીઓની આંખની તપાસ કરવામા આવી હતી. જેમને ટીપા, દવા નિ:શુલ્ક આપવામા આવ્યા હતા. જ્યારે ૨૦ જેટલા દર્દીઓને મોતિયાના ઓપરેશન માટે રાજકોટ લઈ જવાયા હતા. નખત્રાણા લોહાણા મહાજન વાળી ખાતે ૮૫મા નેત્ર નિદાન સારવાર કેમ્પનું દીપ પ્રાગટ્ય દાતા ડોક્ટર સુભાષભાઈ કેશવજી જોશી પરિવાર દ્વારા સાથે નખત્રાણા લોહાણા મહાજનના આગેવાનો, દાતાઓ, રાજકોટથી આવેલ ડોક્ટરોના હસ્તે કરાયું હતું. કેમ્પ માટે કાયમી સહયોગ આપતા ડો. સુભાષભાઈ જોશી, માલતીબેન જોશી, ભાવિનભાઈ જોશી, રાજનભાઈ જોશી, જીજ્ઞાબેન જોશી, હેતલબેન જોશી, દિવા, દિવાન, હાજર રહ્યા હતા.

નેત્ર નિદાન સારવાર કેમ્પ વિશે વાત કરતા આરોગ્ય સમિતિના ચેરમેન પ્રાગજીભાઈ અનમે જણાવ્યું હતું કે, આ કેમ્પમાં ૧૩૫ દર્દીઓના આંખનું ચેકિંગ કરવામાં આવ્યું હતું. એમને દવા, ટીપા આપવામા આવ્યા હતા. ૨૦ દર્દીઓને ઓપરેશન માટે બસ દ્વારા રાજકોટ લઈ જવામા આવ્યા હતા. નખત્રાણા લોહાણા મહાજનના પ્રમુખ રાજુભાઈ પલણ જણાવ્યું કે, કેમ્પ માટે જેમનો સહયોગ મળ્યો છે એવા હેતલબેન કૌશિકભાઈ ઠક્કર એમની સાથે અમારા સમાજના કુલ ૧૦ એવા વ્યક્તિઓ છે જે કાયમી દાતા છે, જે અમને કેમ્પ માટે સહયોગ આપે છે સાથે ગામના ઘણા વ્યક્તિઓ પણ અમને આ કેમ્પમાં સહયોગ આપે છે તેમજ આંખ વિશે સમજ આપતા જણાવ્યું કે, શરીરમાં આંખ સૌથી કીમતી છે. ઓપરેશન બાદ દર્દીઓએ પણ ૧૫ દિવસ સુધી આંખની સંભાળ રાખવી જોઈએ, જેથી આંખને તકલીફ ન થાય. રોજના ૩૦૦ ઓપરેશન રાજકોટ હોસ્પિટલમાં થાય છે. આખા ગુજરાતમાં ૧૩૫ જેટલા શહેરો અને ગામડાઓમા સંસ્થા કેમ્પ કરે છે. આવી સંસ્થાને કારણે હજારો રૂપિયાની બચત દર્દીઓને થતી હોય છે. ગુજરાત બહાર પણ રણછોડદાસ ચેરીટેબલ હોસ્પિટલ રાજકોટ દ્વારા કેમ્પ કરવામા આવે છે ત્યારે આવી સંસ્થાના ટ્રસ્ટીઓને વહીવટદારોને ખૂબ ખૂબ અભિનંદન આપવા જોઈએ.

આ કેમ્પમાં રાજકોટ રણછોડદાસજી હોસ્પિટલ તરફથી ડો.ધર્મેન્દ્ર કાજલે તેમજ વિજયભાઈ મકવાણા લેબ ટેક્નિશિયને નેત્ર નિદાન સારવાર કેમ્પમાં સેવા આપી હતી. વિરાણી લોહાણા મહાજનના પ્રમુખ છગનભાઈ આઈયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પને સફળ બનાવવા માટે નખત્રાણા લોહાણા મહાજન આરોગ્ય સમિતીની ટીમ પ્રાગજીભાઈ અનમ, જગદીશભાઈ પલણ, વીશનજીભાઈ પલણ, ભરતભાઈ પલણ, નીતીનભાઈ રાજદે, અનિલભાઈ જોબનપુત્રા, મેહુલભાઈ દાવડા, અરવિંદભાઈ ઠક્કર વગેરે આગેવાનોએ કેમ્પને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી. આભારવિધિ અશોકભાઈ જોબનપુત્રાએ કરી હતી. કાર્યક્રમનું સંચાલન નખત્રાણા લોહાણા મહાજનના મહામંત્રી નીતિનભાઈ એલ. ઠક્કરે કર્યું હતું.

# સાંસ્કૃતિક વારસાને જીવંત રાખવા લોકસાહિત્ય પરિસંવાદમાં વિદ્વાનોની એકમત હાકલ

## ગુજરાતી, કચ્છી અને સિંધી લોકસાહિત્યના સમન્વય દ્વારા નવી પેઢીને પરંપરાથી જોડવાની જરૂરિયાત પર ભાર

ભુજ - કચ્છ ઉદય : ભારતની પ્રાચીન લોકશાહી પરંપરાઓ અને સાંસ્કૃતિક વૈવિધ્યને ઉજાગર કરતાં વિદ્વાનો અને સાહિત્યકારોએ સાહિત્યિક તથા સાંસ્કૃતિક મૂલ્યોને સાચવી રાખવાની તાતી જરૂરિયાત વ્યક્ત કરી હતી.

બુદ્ધ અને મહાવીરના સમયથી ચાલી આવતી ગણરાજ્ય પરંપરાઓ જેમ કે લીછવી, યૌધેય, કુશીનારા અને વિદેહમાં સામાજિક તથા સાંસ્કૃતિક સંસ્થાઓના મહત્વને ઉદાહરણરૂપ ગણાવવામાં આવ્યું હતું. વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યૂટ, માંડવી અને રાજકવિ શંભુદાન ઈશ્વરદાન ગઢવી મેમોરિયલ ટ્રસ્ટ, ભુજના સંયુક્ત ઉપક્રમે આયોજિત ગુજરાતી,કચ્છી–સિંધી લોકસાહિત્ય પરિસંવાદમાં ઉદ્ઘાટક ડો. કાન્તિ ગોરે જણાવ્યું હતું કે, દરેક પ્રદેશની પોતાની આગવી સાંસ્કૃતિક ઓળખ હોય છે અને તેને જાળવવાનું તથા ઉજાગર કરવાનું કાર્ય આવા સંસ્થાગત કાર્યક્રમો દ્વારા થાય છે. તેમણે પરંપરાગત મૂલ્યોને આધુનિક પેઢી સુધી પહોંચાડવાની જરૂરિયાત પર વિશેષ ભાર મૂક્યો હતો. હરિહીરા તર્પણ ટ્રસ્ટ-મુંબઈ, તુષારભાઈ દેઢિયા-મુંબઈ અને ઈકોપેક ગ્રુપ ઓફ કંપની, પદ્ધર ગોવિંદભાઈ પી. બારહટના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમની શરૂઆત સંયોજક ગોરધન પટેલ 'કવિ'ના સ્વાગત પ્રવચનથી થઈ હતી. તેમણે સંસ્થાના હેતુઓ અને લોકસાહિત્યના સંરક્ષણ માટેના પ્રયાસો અંગે વિગતવાર માહિતી આપી હતી.

રાજકવિ શંભુદાન ઈશ્વરદાન ગઢવી મેમોરિયલ ટ્રસ્ટના પ્રમુખ પુષ્પદાન ગઢવીએ જણાવ્યું હતું કે, લોકસાહિત્ય માત્ર મનોરંજન નથી પરંતુ સમાજના મૂલ્યો, પરંપરા અને જીવનદર્શનનો જીવંત દસ્તાવેજ છે. તેમણે યુવા પેઢીને આ વારસાથી જોડવા આવા કાર્યક્રમો સતત યોજાતા રહે તે જરૂરી હોવાનું જણાવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન કચ્છ યુનિવર્સિટીના તીર્થંકરભાઈ રોહડિયાનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. પ્રથમ વક્તા ડો. નિરંજન રાજ્યગુરુએ ગુજરાતી લોકગીતોના સાંસ્કૃતિક સંદર્ભ પર વિસ્તૃત પ્રકાશ પાડ્યો હતો. તેમણે લોકસાહિત્યને જીવનચક્ર, ઋતુચક્ર અને સામાજિક જીવન સાથે જોડાયેલું દર્શાવતાં લોકગીતો, લગ્નગીતો અને પરંપરાગત છંદોની સંગીતમય રજૂઆત કરી હતી, જેને શ્રોતાઓએ ભારે આનંદ સાથે માણી હતી.

ડો. અંબાદાન રોહડિયાએ લોકકથાઓના સાંસ્કૃતિક મહત્વ પર ભાર મૂકતાં જણાવ્યું હતું કે લોકકથાઓએ પેઢી દર પેઢી સમાજના મૂલ્યોને જીવંત રાખ્યા છે અને તે સમયની સરહદોને પાર કરીને કાળજયી બની છે. વિશ્રામ ગઢવીએ કચ્છી લોકસાહિત્યની સમૃદ્ધ પરંપરા પર પ્રકાશ પાડતાં જણાવ્યું હતું કે કચ્છી લોકસાહિત્ય તેની ઊંડાણસભરતા, વૈવિધ્ય અને ગુણવત્તાને કારણે વિશ્વસ્તર પર સરખામણી પામે તેવું છે.

કલાધર મુતવાએ સિંધી લોકસાહિત્યના વિવિધ પાસાઓ જેમ કે લોકકથાઓ, લોકગીતો, બાળગીતો અને પરંપરાગત લોકપ્રસ્તુતિઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. કાર્યક્રમમાં નારાણ ભારમલે દુલેરાય કારાણીની રચનાઓની પ્રભાવશાળી પ્રસ્તુતિ કરી હતી.

આ અવસરે ગૌતમ જોશી, ઝવેરીલાલ સોનેજી, મહેશ ઠક્કર, કૃષ્ણકાંત ભાટિયા, નરેશ અંતાણી, અજિત માનસતા, ઉપેન્દ્ર ઉપાધ્યાય, જયમલાસિંહ પરમાર, ગૌરીશંકર કેશવાણી, પુષ્પદંત ભટ્ટ સહિત અનેક સાહિત્યપ્રેમીઓ અને સંસ્કૃતિપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન દમયંતિબેન બારોટે કર્યું હતું, જ્યારે સમગ્ર વ્યવસ્થાની જવાબદારી કપિલ ગોર અને સિકંદર દાઉદ ભડાલાભૈયાએ સંભાળી હતી.

# કચ્છ પોસ્ટ ડિવિઝનના નવા ડાક અધીક્ષક તરીકે આર.આર. વીરડાની નિમણૂક

## પોસ્ટ વિભાગમાં અધિકારીઓની બદલીઓ, પ્રકાશ જગતિયાનીએ સંભાળ્યું નવું પદ


ભુજ - કચ્છ ઉદય : ભુજ ખાતે કચ્છ પોસ્ટ ડિવિઝનને નવા સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસ તરીકે આર.આર. વીરડાની નિમણૂક કરવામાં આવી છે. રાજકોટની પીએમજી ઓફિસમાં એ.ડી.પી.એસ. તરીકે ફરજ બજાવતા શ્રી વીરડા હવે કચ્છના નવા ડાક અધીક્ષક તરીકે કામગીરી સંભાળશે.

પોસ્ટ વિભાગ દ્વારા જારી કરવામાં આવેલા તાજેતરના બદલીના ઓર્ડર મુજબ ચાર અધિકારીઓની બદલી કરવામાં આવી છે. જેમાં કચ્છમાં અગાઉ ડાક અધીક્ષક તરીકે સેવા આપતા પ્રકાશ જગતિયાનીની બદલી તેમના સ્થાને થઈ છે, જ્યારે તેઓને હવે શ્રી વીરડા જે પદ પર હતા તે જવાબદારી સોંપવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે કચ્છમાં પ્રકાશ જગતિયાનીની નિમણૂક ગયા વર્ષે જ કરવામાં આવી હતી અને ટૂંકા સમયગાળામાં જ તેઓની બદલી કરવામાં આવી છે. નવા નિયુક્ત આર. આર. વીરડા દ્વારા હવે કચ્છ પોસ્ટ ડિવિઝનના વિવિધ પ્રશાસનિક અને સેવાકીય કાર્યોની જવાબદારી સંભાળવામાં આવશે.

પોસ્ટ વિભાગના આ બદલાવને કારણે કચ્છમાં પોસ્ટલ સેવાઓના સંચાલનમાં નવી ગતિ અને સુધારાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# દેશલપર (ગુંતલી) ગામે હનુમાનજી મહારાજને ચાંદીના દાગીના અર્પણ



નખત્રાણા - કચ્છઉદય : દેશલપર (ગુંતલી) ગામે આવેલ હનુમાનજી મહારાજ મંદિર ખાતે રસિકભાઈ સોનીએ ભક્તિભાવ પૂર્વક હનુમાનજી મહારાજને દાગીના અર્પણ કરીને પોતાની અડગ શ્રદ્ધા વ્યક્ત કરી હતી. રસિકભાઈ સોની દેશલપરમાં આર.ડી. જ્વેલર્સ નામે સોની વ્યવસાય સાથે જોડાયેલા છે. વ્યવસાય સાથે ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓમાં પણ સક્રિય ભાગ લે છે. ગામમાં યોજાતા વિવિધ ધાર્મિક કાર્યક્રમોમાં તેઓ તન, મન અને ધનથી યોગદાન આપી રહ્યા છે.

# ભુજ લાયન્સ હોસ્પિટલમાં ૧૧૫ દર્દીઓની મફત નેત્ર શસ્ત્રક્રિયા : દ્રષ્ટિ સેવા અભિયાનને મોટી સફળતા

## ત્રિદિવસીય મેગા આઈ કેમ્પમાં આધુનિક પદ્ધતિથી ઓપરેશનો, દાતા પરિવારના સહયોગથી સેવા કાર્ય

ભુજ-કચ્છ ઉદય : અહીંની એલ.એન.એમ. લાયન્સ હોસ્પિટલમાં દ્રષ્ટિ સેવા અંતર્ગત યોજાયેલા ત્રિદિવસીય ફ્રી મેગા આઈ ઓપરેશન કેમ્પને મોટી સફળતા મળી છે. સ્વ. હેમલતાબેન જગદીશ વરસાણીની પુણ્યસ્મૃતિમાં માધાપર-યુકેના દાતા જગદીશ દેવશી વરસાણી પરિવારના આર્થિક સહયોગથી આયોજિત આ કેમ્પમાં કુલ ૧૧૫ જરૂરિયાતમંદ દર્દીઓના મફત નેત્ર શસ્ત્રક્રિયા સફળતાપૂર્વક કરવામાં આવ્યા હતા.

અમદાવાદના નિષ્ણાંત સર્જનો દ્વારા ટાંકા વગરની આધુનિક પદ્ધતિથી ઉચ્ચ ગુણવત્તાવાળા ઓપરેશનો કરવામાં આવ્યા હતા, જેના કારણે દર્દીઓમાં ઝડપથી આરોગ્યલાભ જોવા મળ્યો હતો. કેમ્પની શરૂઆત દાતા પરિવાર તથા ઉપસ્થિત મહેમાનોનું શાલ, પાઘડી અને સ્મૃતિચિન્હથી સન્માન કરીને કરવામાં આવી હતી. હોસ્પિટલના ચેરમેન ડો. ભરત મહેતાએ જણાવ્યું હતું કે લાયન્સ હોસ્પિટલ દ્વારા કિડની ડાયાલિસિસ, નેત્ર કેમ્પ, દંત ચિકિત્સા, ઓડિઓમેટ્રી, પેથોલોજી લેબ તથા એમ્બ્યુલન્સ જેવી અનેક મફત આરોગ્ય સેવાઓ સતત ઉપલબ્ધ કરાવવામાં આવે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં ૪૫,૦૦૦થી વધુ મફત આંખના ઓપરેશનો સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યા છે, જે સેવા કાર્યની વિશાળતા દર્શાવે છે.

આ પ્રસંગે લાયન્સ ક્લબના વડીલ આગેવાનો વાડીલાલ ઠાકરાણી, સંદિપ ખીરા, રાજેશ મોહીનાની, દિનેશભાઈ ઠક્કર, નરેશભાઈ દાવડા, અમીરઅલી ખોજા, સામજીભાઈ કેરાઈ, ચંદ્રાસિંહ, જુનિત રાઠોડ, મયુર મહેતા, ચંદ્રકાંત સોની, હીરજી વરસાણી, અજિતાસિંહ રાઠોડ, સંજય દેસાઈ, શૈલેષ માણેક, નવીન મહેતા, મનસુખ શાહ, કમલબેન જોશી અને અનુપ કોટક સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પ દરમિયાન ઓપરેશન માટે આવેલા દર્દીઓ અને તેમના પરિજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર તરીકે મીના મેહતાએ સેવા આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અભય શાહે કર્યું હતું, જ્યારે આભારવિધિ કિંચન ઠક્કરે વ્યક્ત કરી હતી.

# ગઢશીશા હાઇસ્કૂલનું પુનર્નિર્માણ : શિક્ષણ વિકાસ માટે મહત્વપૂર્ણ નિર્ણય

## મુંબઇ બેઠકમાં નવા ટ્રસ્ટી, દાતા સહયોગ અને આધુનિક ભવન નિર્માણની રૂપરેખા નક્કી

ગઢશીશા - કચ્છ ઉદય : કચ્છ અને ગુજરાતમાં એક સમયે શ્રેષ્ઠ શિક્ષણ માટે જાણીતી ગઢશીશા હાઈસ્કૂલના જર્જરિત થયેલા ભવનોને તોડી પાડીને આધુનિક ઢબે પુનર્નિર્માણ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંગેનો વિગતવાર નિર્ણય મુંબઈ ખાતે કચ્છ કડવા પાટીદાર સમાજવાડી, ઘાટકોપર ખાતે યોજાયેલી સામાન્ય સભામાં લેવામાં આવ્યો હતો.

ગઢશીશા વિકાસ સમિતિ સંચાલિત શ્રીબાઈ મમીબાઈ ભાણજી જાદવજી હાઈસ્કૂલ તથા શ્રી હીરજી કેશવજી પૂંજાણી હાઈસ્કૂલ અને શ્રી માલશી હંસરાજ દેઢિયા ઉચ્ચતર માધ્યમિક વિભાગના ભવનો લાંબા સમયથી જર્જરિત સ્થિતિમાં હોવાથી તેને તોડી પાડીને સંપૂર્ણ નવી અને આધુનિક સુવિધાઓ ધરાવતી શાળા બનાવવાનો નિર્ણય સર્વાનુમતે લેવાયો હતો.

આ શાળાએ પાંચ દાયકાથી વધુ સમયથી ગઢશીશા સહિત આસપાસના ૪૦થી વધુ ગામોના વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણ આપીને અનેક સિદ્ધિઓ અપાવી છે. શાળાની પૂર્વ ગૌરવશાળી પરંપરાને ફરી જીવંત બનાવવા માટે નવા ભવનમાં સ્માર્ટ ક્લાસરૂમ, લાઈબ્રેરી અને આધુનિક શૈક્ષણિક સુવિધાઓ વિકસાવવાની યોજના બનાવવામાં આવી છે.

સભામાં ટ્રસ્ટી મંડળ અને હોદ્દેદારોની મુદત પૂર્ણ થતા પુનઃ એ જ ટ્રસ્ટીઓની નિમણૂક કરવામાં આવી હતી. કાંતિભાઈ એન. સેંઘાણી (રાજપર)ની અધ્યક્ષતામાં રાજેશ કેશવજી ગણાત્રા (ગઢશીશા), ધનવંતીબેન રતિલાલ ચૌહાણ (દેવપુર), વિશનજી કાનજી પારસિયા (ભેરૈયા), શાંતિલાલ નાનજી ચોપડા (રાજપર) અને વિમલભાઈ દેવરાજ ગાલા (દેવપર)ના નામોની ફરી નિમણૂક જાહેર કરવામાં આવી હતી.

નવા શૈક્ષણિક ભવનના નિર્માણ માટે દાતાઓને સહયોગ આપવા આહ્વાન કરવામાં આવ્યું છે. ત્રીજા દાતા તરીકે રૂ. ૧ કરોડ સુધીની જાહેરાત કરવામાં આવી છે, જેમાં વધારાની રૂ. ૧૦ લાખ સુધીની ઓફર પણ ઉપલબ્ધ રાખવામાં આવી છે. લાઈબ્રેરી માટે રૂ. ૨૧ લાખની જાહેરાત સાથે વધારાના રૂ. ૩ લાખ સુધીના યોગદાનની પણ તક આપવામાં આવી છે.

જૂની શાળામાં લાગેલી દાતાઓની તકતીઓને નવી વ્યવસ્થામાં ક્રમવાર સ્થાનાંતરિત કરવાની પણ મંજૂરી આપવામાં આવી છે. ભૂમિપૂજન અને શિલાન્યાસ માટે બાંધકામ અને વિકાસ સમિતિની રચના કરવામાં આવી છે, જેમાં કાંતિભાઈ સેંઘાણી, વસંતલાલ નારાણ રંગાણી, સુરેશભાઈ કરશન ઉકાણી સહિતના અગ્રણીઓનો સમાવેશ થાય છે.

સલાહકાર બોર્ડમાં પ્રવીણભાઈ વીરા અને રમેશભાઈ લીંબડાના નામ સૂચવાયા છે. વિકાસ સમિતિના બંધારણ સુધારણા અંગેની માહિતી પૂર્વ આચાર્ય રેખાબેન રમેશભાઈ દવે દ્વારા રજૂ કરવામાં આવી હતી, તેમજ નવા ટ્રસ્ટીની પસંદગી સિલેક્શન પદ્ધતિથી કરવાનો નિર્ણય લેવાયો હતો.

સભાનું સંચાલન સી.એ. જિજ્ઞેશભાઈ દેઢિયાએ કર્યું હતું, જ્યારે બેઠકમાં ઉપસ્થિત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ શાળાના પુનર્નિર્માણ માટે મહત્વપૂર્ણ સૂચનો રજૂ કર્યા હતા.

# ઘડાણી શાળામાં પક્ષીઘર અને પાણીના કુંડાનું વિતરણ




ભુજ - કચ્છઉદય : જીવ વાત્સલ્ય ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રવાપર પી.એચ.સી. સેન્ટર ખાતે સેવાકાર્ય સાથે સાથે ઘડાણી પ્રાથમિક શાળામાં પક્ષીઓ માટે ઉપયોગી સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ટ્રસ્ટના સભ્યો દ્વારા શાળામાં પક્ષીઘર, પાણીના કુંડા અને ફીડરનું વિતરણ કરી વિદ્યાર્થીઓ અને ગ્રામજનોને પક્ષીઓ પ્રત્યે દયા રાખવા અને તેમને રક્ષણ આપવાની પ્રેરણા આપવામાં આવી હતી. ઉનાળાની ગરમીમાં પાણી અને ખોરાકના અભાવે અનેક પક્ષીઓ તકલીફ અનુભવે છે, ત્યારે આવા ઉપક્રમો તેમને જીવતદાન સમાન સાબિત થાય છે. ટ્રસ્ટના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે, જીવદયા અને પર્યાવરણ સંરક્ષણ એ સમાજની સંયુક્ત જવાબદારી છે અને આવા નાના પ્રયાસો દ્વારા મોટો ફેરફાર લાવી શકાય છે. આ પ્રકારના સેવાયજ્ઞો દ્વારા સમાજમાં સકારાત્મક સંદેશો પ્રસરે છે અને લોકોમાં પ્રકૃતિ પ્રત્યે પ્રેમ અને કરૂણા વધે છે.

# ભુજ સ્વામિનારાયણ મંદિરે સંત-મહાસ્વામી મુલાકાત, સનાતન ધર્મ અંગે વિચારવિમર્શ

## શંકરભારતી મહાસ્વામી અને મહંત સ્વામી વચ્ચે આધ્યાત્મિક જ્ઞાનનું આદાન-પ્રદાન

ભુજ - કચ્છ ઉદય : ભુજ સ્થિત સ્વામિનારાયણ મંદિરે આદિ શંકરાચાર્ય દ્વારા સ્થાપિત યડથોર મઠ-શ્રીંગેરી શારદાપીઠ સાથે સંકળાયેલા શંકરભારતી મહાસ્વામીની શુભ મુલાકાત યોજાઈ હતી. યડથોર મઠના પીઠાધીશ તરીકે તેઓ સનાતન ધર્મના આદર્શોને અનુસરી ભારતભરમાં પર્યટન કરી ઐતિહાસિક તથા ધાર્મિક તથ્યો એકત્રિત કરી રહ્યા છે. આ મુલાકાત દરમિયાન મહાસ્વામી દ્વારા ભુજ નરનારાયણદેવ મંદિરના સામાજિક, ધાર્મિક તથા શૈક્ષણિક કાર્યોની વિસ્તૃત નોંધ લેવામાં આવી હતી. ત્યારબાદ મહાસ્વામી અને ભુજના મહંત સ્વામી વચ્ચે સનાતન ધર્મના મૂળ તત્ત્વો, પરંપરા અને આધ્યાત્મિક મૂલ્યો અંગે વિસ્તૃત વિચારવિમર્શ તથા જ્ઞાનનું આદાન-પ્રદાન થયું હતું. આ પ્રસંગે મહંત સ્વામી ધર્મનંદનદાસ સ્વામી, ઉપમહંત ભગવતજીવનદાસજી સ્વામી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, મુખ્ય કોઠારી દેવપ્રકાશ સ્વામી, ઉપકોઠારી જાદવજીભાઈ ગોરસિયા, કોઠારી ગોલોક સ્વામી, પાર્ષદ ખીમજી ભગત તથા લક્ષ્મણપ્રકાશ સ્વામી સહિત સંતો ઉપસ્થિત રહ્યા હતા. ટ્રસ્ટી આશિષભાઈ ત્રવાડીના સહયોગ સાથે સમગ્ર કાર્યક્રમ આધ્યાત્મિક અને પરંપરાગત ભાવના સાથે સંપન્ન થયો હતો.

# મીન રાશિમાં ત્રિગ્રહી યોગથી વૈશ્વિક અસ્થિરતાના સંકેત

## શનિ, સૂર્ય, મંગળના સંયોગે વધ્યો તણાવનો માહોલ: જ્યોતિષ વિશ્લેષણ મુજબ મધ્યપૂર્વ સંઘર્ષ : મોંઘવારી અને વૈશ્વિક અશાંતિમાં વધારો થવાની શક્યતા

ભુજ - કચ્છ ઉદય : જ્યોતિષ ગણતરી મુજબ મીન રાશિમાં શનિ, સૂર્ય અને મંગળ જેવા ત્રણ મહત્વપૂર્ણ ગ્રહોનો દુર્લભ સંયોગ સર્જાયો છે. શનિ ૧૫ માર્ચથી મીન રાશિમાં ગોચર કરી રહ્યો છે, ત્યારબાદ ૩ એપ્રિલે સૂર્યનો પ્રવેશ થયો અને મંગળ પણ આ જ રાશિમાં આવી ગયો છે. આ ત્રિગ્રહી સંયોગને કારણે આકાશીય સ્થિતિમાં વિશેષ તણાવપૂર્ણ પરિવર્તન નોંધાઈ રહ્યું છે. જ્યોતિષાચાર્યોના મત મુજબ શનિ વાયુ તત્ત્વનો ગ્રહ છે, જ્યારે સૂર્ય અને મંગળ અગ્નિ તત્ત્વના ગણાય છે. આ વિરુદ્ધ તત્ત્વોના એક જ રાશિમાં સંગમને કારણે ઊર્જાનો અસંતુલન સર્જાઈ રહ્યો છે, જેનો પ્રભાવ વૈશ્વિક સ્તરે અનુભવાઈ શકે છે.

આ સંયોગને કારણે દોઢ મહિના સુધી શનિ અને મંગળ વચ્ચે ટક્કર જેવી સ્થિતિ રહેશે, જેના કારણે વિશ્વમાં રાજકીય અને સૈન્ય સ્તરે તણાવ વધવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. વિશેષજ્ઞો મુજબ આ સમયગાળો સંઘર્ષ અને અશાંતિમાં વધારો કરનાર બની શકે છે.

મધ્યપૂર્વમાં ચાલી રહેલા ઈરાન અને અમેરિકા વચ્ચેના તણાવને લઈને પણ જ્યોતિષી મત દર્શાવે છે કે હાલના ગ્રહયોગને કારણે સમાધાનની શક્યતાઓ નબળી પડી શકે છે અને ચર્ચાઓ લાંબા સમય સુધી સફળ ન થાય તેવી સ્થિતિ ઊભી થઈ શકે છે. ઉપરાંત આ ગ્રહોની અસર આર્થિક ક્ષેત્રે પણ જોવા મળી શકે છે. વૈશ્વિક બજારોમાં અસ્થિરતા, મોંઘવારીમાં વધારો અને આર્થિક મંદી જેવી પરિસ્થિતિઓ ઊભી થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

જ્યોતિષ નિષ્ણાતોના જણાવ્યા મુજબ શનિની ધીમી પરંતુ કઠોર અસર અને મંગળની આક્રમક ઊર્જા વચ્ચેનો વિરોધાભાસ વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિને વધુ જટિલ બનાવી શકે છે. પરિણામે આવનારો સમય વિશ્વ માટે ચેતવણીરૂપ ગણાઈ રહ્યો છે.

# ભુજ વોલસિટી રોટરી ક્લબને ગવર્નરનો પ્રેરણાદાયી સંદેશ : સેવા કાર્યોમાં નવી ઊંચાઈ હાંસલ કરવાની અપીલ

## ડિસ્ટ્રીક્ટ ગવર્નર નિગમ ચૌધરીની મુલાકાતે સેવાકીય પ્રવૃત્તિઓનું મૂલ્યાંકન અને માર્ગદર્શન

ભુજ - કચ્છ ઉદય : રોટરી જેવી વૈશ્વિક સેવાસંસ્થા માટે ડિસ્ટ્રીક્ટ ગવર્નરની વાર્ષિક મુલાકાત વિશેષ મહત્વ ધરાવે છે. આ અનુસંધાને રોટરી ડિસ્ટ્રીક્ટ ૩૦૫૫ના ગવર્નર નિગમ ચૌધરીએ ભુજ સ્થિત વોલસિટી રોટરી ક્લબની મુલાકાત લઈ ક્લબની સેવાકીય પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કર્યું હતું અને સભ્યોને માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. ત્યારબાદ ક્લબ પ્રમુખ હર્ષદ ભીંડે, જોઈન્ટ સેક્રેટરી ડો. લવ કતિરા, ચાર્ટર પ્રમુખ સતીષ દાવડા અને એક્ઝિક્યુટિવ સેક્રેટરી દત્તુ ત્રિવેદી દ્વારા ગવર્નરનું હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. આસિસ્ટન્ટ ગવર્નર ધર્મેશ મહેતાનું સ્વાગત અમિત ચૌહાણ, આનંદ મોરબિયા, તારક ઠક્કર, ધવલ રાવલ અને ભરત લોહારે કર્યું હતું. આ પ્રસંગે પ્રજ્ઞા નિગમ ચૌધરીનું સન્માન દીપા હર્ષદ ભીંડે અને યામિની દર્શન ઠક્કરે કર્યું હતું.

પૂર્વ પ્રમુખ રાજન મહેતાએ 'ફોર વે ટેસ્ટ'નું વાચન કર્યું હતું, જ્યારે ડો. લવ કતિરાએ વર્ષ દરમિયાન ક્લબ દ્વારા હાથ ધરાયેલા સેવાકીય કાર્યોનું પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. પ્રમુખ હર્ષદ ભીંડેએ આગામી સમયગાળામાં અમલમાં મુકાનારા પ્રોજેક્ટ્સ અંગે માહિતી આપી હતી.

મુખ્ય મહેમાન નિગમ ચૌધરીએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે વોલસિટી ક્લબ પાસે વિશાળ ક્ષમતા છે અને હવે તેને વધુ આગળ વધીને સમાજ માટે સીમાચિહ્નરૂપ સેવાકીય કાર્યો કરવાની જરૂર છે. તેમણે અત્યાર સુધીના કાર્યોને બિરદાવતા ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આસિસ્ટન્ટ ગવર્નર ધર્મેશ મહેતાએ પણ ક્લબને વધુ ઉત્તમ કાર્ય માટે પ્રોત્સાહન આપ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન ઈન્ટરેક્ટ ક્લબના પ્રિશા ઠક્કર અને ક્ષિતિન મોતાનું સન્માન પ્રિતેશ ઠક્કર અને દ્વિજેશ આચાર્યે કર્યું હતું. સાથે જ આસ્થા ચેરિટેબલ ટ્રસ્ટના ડો. પરેશ પી. ઠક્કરને વોકેશનલ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન ખજાનચી રિતેશ સંઘવીએ કર્યું હતું અને આભારવિધિ જયેશ જોષીએ વ્યક્ત કરી હતી. કાર્યક્રમમાં જયંત ઠક્કર, રાજેશ માણેક, જેકી ઠક્કર, મેહુલ ઠક્કર તથા હેમાંગી ધર્મેશ મહેતા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભુજમાં બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



ભુજ લોહાણા મહાજનના સાનિધ્યમાં વાગડ રઘુવંશી પરિવાર ભુજ તાલુકાના નિરવ માણેક ચેરીટેબલ ટ્રસ્ટ આયોજીત મેઘા બ્લડ ડોનેશન કેમ્પ નિરવ માણેકની સ્મૃતિમાં મોટી સંખ્યામાં રક્તદાન કર્યું હતું.

# નખત્રાણામાં જૈન સેવા સંઘ દ્વારા છાશ કેન્દ્ર શરૂ કરાયું



નખત્રાણા-કચ્છઉદય : આરામ ગ્રહ વધાણ ચોક પાસે મફત છાશ કેન્દ્ર શરૂ કરાયું હતું. નખત્રાણા જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અહીના વથાણ ચોક આરામ ગ્રહ પાસે રાહદારીઓ માટે ચૈત્ર માસની ગરમીમાં આંતરડી ઠારવાનું કાર્ય કરાઈ રહ્યું છે લોકોને મફત છાશ વિતરણ કરાઈ રહી છે. સવારથી સાંજ સુધી આ સંઘ દ્વારા આવતા જતા વટેમાર્ગુને બરફ વાળી ઠંડી મફત છાશ અપાઈ રહી છે. છાસ કેન્દ્રની વ્યવસ્થા ભીમજીભાઈ સુથાર ચલાવી રહ્યા છે અને સેવા આપી રહ્યા છે.

# ભુજમાં છાશ અને પાણી વિતરણ કરાયું

ભુજ : કચ્છના જાણીતા ડોક્ટર રૂડાણી પરિવારના લક્ષ્મીબેન વિશ્રામભાઈની સ્મૃતિ દિવસે ભુજ ખાતે સત્યમ્ સંસ્થા અને તાનારીરી મહિલા મંડળના ઉપક્રમે સેવાકાર્ય કરાયા હતા.

આ પ્રસંગે ફરતા ફરતા છાસ કેન્દ્ર દ્વારા રોડ ઉપર કામ કરતા મજૂરો તેમજ બાંધકામ ક્ષેત્રે કાર્યરત શ્રમિકોને છાસનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે જ જીવદયા પ્રવુતિ અંતર્ગત ફરતા પાણીના પરબ દ્વારા લોકોને ઠંડું પાણી પીવડાવવામાં આવ્યું હતું. જયુબેલી વિસ્તારમાં રોડમાં કામ કરતાને પણ આ છાશ અને પાણીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર આયોજન જાણીતા સ્ત્રી રોગ નિષ્ણાત ડૉ. પન્નાબેન સુરેશભાઈ રૂડાણી તરફથી કરાઈ હતી.

આ સેવા કાર્યમાં સત્યમ સંસ્થાની ટીમ પણ જોડાઈ હતી અને સહયોગ આપ્યો હતો. આ સેવાકાર્ય દ્વારા સમાજમાં સેવા અને માનવતાનો સુંદર સંદેશ પ્રસરી રહ્યો છે.

# ગાંધીધામ મનપાની પ્રથમ ચૂંટણી માટે મતદાન શરૂ

**૧૩ વોર્ડની ૫૧ બેઠકો પર ૧૫૮ઉમેદવારોના ભાવી ઈવીએમમાં થયા સીલ : વહેલી સવારે મતદારોએ પવિત્ર મતદાનની ફરજ અદા કરી : ચૂંટણી તંત્ર-ચુસ્ત પોલીસ બંદોબસ્તની વ્યવસ્થાઓ રહી ખડેપગે**







ગાંધીધામ : કચ્છના આર્થીક પાટનગર અને મીની મુંબઈ-ઈન્ડીયા તરીકે ઓળખતા ગાંધીધામ શહેરમાં મનપા બન્યા બાદ પ્રથમ ચૂંટણી યોજાઈ રહી છે. આજ રોજ મનપા માટે મતદાનનો દારે હાથ ધરવામા આવી રહ્યો છે. ગરમીનો પારો ઉંચકાય તે પહેલા ગાધીધામ મનપા માટે મતદાન કરવા લોકોએ વહેલી સવારે ઘરની બહાર નીકળવાનુ મન બનાવ્યુ હોય તે રીતે વોટીંગ શાંતીપૂર્ણ રીતે શરૂ થવા પામી ગયું છે. ગાંધીધામ મનપા બન્યા બાદ શહેરને ૧૩ વોર્ડમાં વહેચવામાં આવ્યુ છે અને તેમાંની ૫૧બેઠકો પર ૧૫૮ ઉમેદવારોએ નશીબ અજમાવી રહયા છે. ઉનાળાના દિવસો તપી રહ્યા હોવાથી મતદારોએ પણ વહેલી સવારે જ મતદાનની પવિત્ર ફરજ નિભાવી લેવાની તક ઝડપી હોય તેમ સવારે ઠેર-ઠેર મતદાનનો ઉત્સાહ જોવા મળી આવ્યો હતો. બપોરે જેમ ગરમી તેનો આકરો મિજાજ દર્શાવતી ગઈ તેમ તેમ મતદારોની સંખ્યા પણ ઘટતી જોવા મળી આવી હતી. ગાંધીધામમાં મહાનગરપાલીકા બન્યા બાદ પ્રથમ જ વખત આવેલી ચૂંટણીએ એકંદરે અનોખુ આકર્ષણ શહેરમાં જમાવ્યુ હતુ. વહીવટીતંત્ર, ચુંટણી

અનુસંધાન પાના નં.૬ પર



## લાખોદમાં લોકશાહીનો ઉત્સવ

ભુજ તાલુકા પંચાયતની ચૂંટણીને પગલે આજે વહેલી સવારથી જ લાખોદ ગામમાં અદભૂત લોકશાહીનો માહોલ જોવા મળ્યો હતો. મતદાન મથકો ખુલતાની સાથે જ જાગૃત મતદારો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને કેન્દ્રની બહાર લાંબી કતારો દ્રશ્યમાન થઈ હતી. ઘરકામ છોડીને વહેલી સવારથી જ મહિલાઓએ લાઇનમાં ઊભા રહી મતાધિકારનો ઉપયોગ કરી પોતાની ફરજ નિભાવી હતી. ગામના ચોરે અને મતદાન મથકો પર માત્ર મતના ગણિત અને વિકાસની વાતો સાથે ભારે ચહલપહલ જોવા મળી હતી.




## ભુજ તાલુકાના ગ્રામીણ મતદારોમાં લોકશાહીના પર્વનો અનેરો ઉત્સાહ

**સવારથી જ ગ્રામ્ય વિસ્તારોના મતદાન મથકો પર લાંબી કતારો : ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ખરાખરીનો જંગ : રતડીયા અને સુખપર-૨ બેઠક બિનહરીફ જાહેર થયા બાદ બાકીની બેઠકો પર આજે શાંતિપૂર્ણ મતદાનનો પ્રારંભ**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના ભુજ તાલુકા પંચાયતની સત્તા હસ્તગત કરવા માટે આજે ગ્રામીણ વિસ્તારોમાં લોકશાહીના મહાપર્વની ધામધૂમથી ઉજવણી થઈ રહી છે. ભુજ તાલુકા પંચાયતની કુલ ૩૨ બેઠકો પૈકી રતડીયા અને સુખપર-૨ એમ કુલ બે બેઠકો પર અગાઉ જ ઉમેદવારો બિનહરીફ વિજેતા જાહેર થયા હોવાથી આજે બાકીની ૩૦ બેઠકો પર મતદાનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. ભુજ તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં વહેલી સવારથી જ મતદારોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. વહેલી સવારથી જ મતદાન મથકો પર લોકોની લાંબી કતારો તો કયાંક નીરસ માહોલ જોવા મળ્યો હતો. જેને પગલે પ્રથમ બે કલાકમાં માત્ર ૭.૫૬ ટકા મતદાન થયું હતું.

ભુજ તાલુકા પંચાયતની ૩૦ બેઠકો પર વિજયધ્વજ લહેરાવવા માટે કુલ ૭૨ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં નસીબ અજમાવી રહ્યા છે. મોટાભાગની બેઠકો પર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધો મુકાબલો જોવા મળી રહ્યો છે, જ્યારે કેટલીક બેઠકો પર આમ આદમી પાર્ટી અને

અનુસંધાન પાના નં.૫ પર


હાજીપીર


કોટડા (ચકાર)


માધાપર




માધાપર


નાના લુણા


સુખપર



**૨.૦૯ લાખથી વધુ મતદારો બજાવી રહ્યા છે પોતાની નૈતિક ફરજ : વહીવટી તંત્ર દ્વારા શાંતિપૂર્ણ મતદાન માટે મજબૂત આયોજન : પ્રથમ બે કલાકમાં ૭.૫૬ ટકા મતદાન નોંધાયું**

### કચ્છમાં ૧૧ વાગ્યા સુધી મહાનગરપાલિકા-નગરપાલિકામાં થયેલ મતદાનન ટકાવારી

| પાલિકાનુ નામ | કુલ્લ વોર્ડ | કુલ્લ બેઠક | કુલ્લ મતદાર | થયેલ મતદાન | ટકાવારી |
|---|---|---|---|---|---|
| ગાંધીધામ | ૧૩ | ૫૧ | ૨૧૫૩૧૩ | ૩૨૦૯૭ | ૧૪.૯૧ |
| ભુજ | ૧૦ | ૩૮ | ૧૧૧૯૭૯ | ૨૧૬૧૬ | ૧૯.૩૦ |
| અંજાર | ૦૯ | ૨૯ | ૫૩૬૫૩ | ૧૧૮૮૯ | ૨૨.૧૬ |
| માંડવી | ૦૯ | ૩૬ | ૩૯૯૭૩ | ૯૭૦૫ | ૨૪.૨૮ |
| મુંદરા-બારોઈ | ૦૭ | ૨૮ | ૨૨૧૭૧ | ૬૦૧૨ | ૨૭.૧૨ |
| નખત્રાણા | ૦૭ | ૨૬ | ૧૮૩૩૧ | ૫૧૭૪ | ૨૮.૨૩ |


ચતુર્થ વાર્ષિક શ્રદ્ધાંજલિ



સ્વ. ભગવાનભાઈ ખાનજી અયાચી

સ્વ. તા. ૨૬/૦૪/૨૦૨૨

પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, સ્નેહ જેની શક્તિ હતી, પરિવાર જેનું મંદિર હતું,
પરમાર્થ જેની ભક્તિ હતી, વ્યવહાર કદી ચૂક્યા નહીં, શુન્યમાંથી સર્જન કર્યું,
મનની સરળતાથી સૌને પ્રેમ ચુકાવ્યું, સાદગીભર્યું જેનું જીવન હતું,
પરમકૃપાળુ પરમાત્મા દિવ્ય આત્માને શાંતિ અર્પણ કરે તેવી પ્રાર્થના....

સત કર્મી ને સાહસી માનવ, સૌ કોઈ નો તે ઉજાસ. સૂર્ય સમાન માનવી, જણ જણ એને સમાન.
હેતાળ હૈયું અને દયાળુ, સૌ કોઈનો એ આધાર. હંમેશ હસતો ચહેરો, ને લાગણી એની મુશળધાર.
સિદ્ધાંત નાં મક્કમ માનવી, સુભ કાર્યો અઢળક કરનાર. દુખીયાનો સહારો સરખો, ને ગુમરાહનો તે સમ રસ્તો.
શુઝ બુઝ માં મહાન વ્યક્તિ, સૌ કોઈ ના પિતા સમાન. ઉત્સાહી એ ગજબ આત્મા, સુગંધ એના હાવભાવમાં.
સત્કર્મ ને ધારણ કર્યું, ને શૂન્યમાંથી સર્જન કર્યું. બાહોશ થઈ જીવન તર્યું, ને અંતે મોક્ષ નું લક્ષ્ય ધર્યું.

શોકમગ્ન પરિવાર

ધર્મપત્ની : ગં.સ્વ.વસંતબેન ભગવાનભાઈ અયાચી
પુત્ર - પુત્રવધૂ : જગદીશ-હેમલ અયાચી | જયદેવ - આરતી અયાચી | કૈલાસ - ડોલી અયાચી
પુત્રી-જમાઈ : ઉમા-જયદીપ ગઢવી (મોડ) ઓસ્ટ્રેલિયા
પૌત્રી-પૌત્રા : પ્રિયા, જીયા, પરિધિ, આર્યા, શૌર્ય, આર્યન - દોહિત્રી : સિયા

તથા સમસ્ત અયાચી પરિવાર (મોડવદર-ગાંધીધામ)

ગઢવી ટ્રાન્સપોર્ટ, ગાંધીધામ | રાજ ઈન્ડસ્ટ્રીઝ, ગાંધીધામ | સૂર્યા ઈમ્પેક્સ, ગાંધીધામ



સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી 2026

વિકાસના અવિરત ધબકારથી
ભુજ ધબકતું રહેશે

ભુજ નગરપાલિકા સામાન્ય ચૂંટણી 2026

વોર્ડ નં.૬ ના ભાજપાના ઉમેદવારોને પેનલ ટુ પેનલ મતદાન કરી વિજયી બનાવીએ.



૩ જલધિ (જગત) ચંદ્રભાઈ વ્યાસ — વોર્ડ નં.૬ના ભાજપાના ઉમેદવાર
૪ ધ્વનિ હિતેશભાઈ ગણાત્રા — વોર્ડ નં.૬ના ભાજપાના ઉમેદવાર
૫ પ્રશાંતગીરી લહેરીગીરી ગોસ્વામી — વોર્ડ નં.૬ના ભાજપાના ઉમેદવાર
૧૧ હિનાબા જીતેન્દ્રસિંહ ઝાલા — વોર્ડ નં.૬ના ભાજપાના ઉમેદવાર

વોર્ડ નં.૬ મતદાર હેલ્પલાઈન નંબર
+91 78028 52581 | +91 99099 39998 | +91 94266 88929
+91 88664 49965 | +91 94090 70856 | +91 90167 89941

મતદાન તારીખ : 26.04.2026, રવિવાર
સમય : સવારે 7.00 થી સાંજે 6.00 કલાક

ભાજપા

કમળનું બટન દબાવીએ ને વિકાસની યાત્રાને વણથંભી બનાવીએ